Knowledge Career Academy
Heritage Square, Opp. Atlanta Tower,
Gulbai Tekra, Ahmedabad-380015.
Call : (079)6613 1801/02/03
9227403030/5050

# ભારતનું બંધારણ

## પૂર્વભૂમિકા

ભારત એક સંઘ રાજ્ય છે. જેમાં 29 રાજ્યો અને 7 કેન્દ્રશાસિત પ્રદેશ છે. ભારત એક સંપન્ન, સમાજવાદી, બિનસાંપ્રદાયિક અને લોકશાહી પ્રજાસત્તાક છે. બિનસાંપ્રદાયિકનો અર્થ એ છે કે રાજ્ય, નીતિ અને વિદ્યાલયો વગેરે ધર્મથી સ્વતંત્ર છે. લોકશાહીનો અર્થ એ છે કે એક એવો સમાજ જેમાં અધિકારો અને વિશેષાધિકારોની સમાનતા છે અને સરકારનું એવું સ્વરૂપ જેમાં સર્વોચ્ચ સત્તા લોકોના હાથમાં હોય છે. પ્રજાસત્તાકનો અર્થ એ છે કે એવી સરકાર જેમાં દેશના વડાની ચૂંટણી થાય છે અને સર્વોચ્ચ સત્તા લોકોના હાથમાં અને તેમના ચૂંટેલા પ્રતિનિધિઓના હાથમાં હોય છે.

'સમાજવાદી બિનસાંપ્રદાયિક' શબ્દ બંધારણનો 42મો સુધારો કરીને ઉમેરવામાં આવ્યો. ભારતમાં સંસદીય પ્રકારની લોકશાહી છે. પ્રધાનમંત્રી અને તેમનું મંત્રીમંડળ વ્યક્તિગત અથવા સામૂહિકરૂપે સંસદ પ્રત્યે જવાબદાર છે. બંધારણ ઘડવાનું કાર્ય બંધારણ સભાએ કર્યું હતું. બંધારણ સભાની રચના કૅબિનેટ મિશન પ્લાન 1946 હેઠળ થઈ હતી. બંધારણ સભાની પ્રથમ બેઠક ડિસેમ્બર 9, 1946ના રોજ મળી હતી. બંધારણ ઘડનારી-ડ્રાફ્ટિંગ કમિટીના ચૅરમૅન ડૉ. બી. આર. આંબેડકર હતા, એન. ગોપાલસ્વામી, અલાદી કૃષ્ણાસ્વામી અય્યર, કે. એમ. મુનશી, સૈયદ મોહંમદ સાદુલ્લા, એન. માધવરાવ અને ડી. પી. ખેતાન ડ્રાફ્ટિંગ કમિટીના સભ્યો હતા. જો કે ડી.પી.ખેતાનનું અવસાન થતાં અને એન. માધવરાવે રાજીનામું આપતાં બી.એલ.મિત્તર અને ટી.ટી. કૃષ્ણમાચારીનો સમાવેશ થયો. જ્યારે બંધારણ સભાના પ્રમુખ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ હતા. બંધારણ ઘડવાનું કાર્ય 26 નવેમ્બર, 1949ના રોજ પૂરું થયું હતું. 26 જાન્યુઆરી, 1950ના રોજ ભારતનું બંધારણ અમલમાં આવ્યું હતું. બંધારણ સભાના 389 સભ્યો હતા. બંધારણ પૂરું કરતાં 2 વર્ષ, 11 મહિના અને 18 દિવસો લાગ્યા હતા. જ્યારે રૂ. 64 લાખ બંધારણ ઘડવા માટેનો ખર્ચ થયો હતો. ભારતના બંધારણમાં 12 પરિશિષ્ટો, 454 અનુચ્છેદ (Articles) છે. બંધારણ ઘડવાનો સૌપ્રથમ વિચાર સર એમ. એન. રૉયને આવ્યો હતો. ભારતના બંધારણનું આમુખ જવાહરલાલ નહેરુએ તૈયાર કર્યું છે, જ્યારે આમુખનો વિચાર અમેરિકાના બંધારણમાંથી લીધો છે. મૂળભૂત અધિકારો યુ.એસ.એ. અને મૂળભૂત ફરજોનો વિચાર રશિયાના બંધારણમાંથી અપનાવ્યો છે. જ્યારે રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો આયર્લૅન્ડ, સંસદીય પ્રકારની લોકશાહી યુ.કે. અને સમવાયી તંત્રનો વિચાર કેનેડામાંથી લીધો છે. કટોકટીની વ્યવસ્થા જર્મનીમાંથી, ગણતંત્રનો વિચાર ફ્રાન્સમાંથી અને સંયુક્ત યાદીનો વિચાર ઑસ્ટ્રેલિયાના બંધારણમાંથી લેવામાં આવ્યો છે.

## બંધારણના સ્રોત

| ક્રમ | પ્રેરણાની વિગત | પ્રેરણાસ્રોત : જે દેશના રાજ્યબંધારણમાંથી પ્રેરણા લીધી તે દેશનું નામ |
|---|---|---|
| 1. | સંસદીય પ્રણાલી | બ્રિટન |
| 2. | સંસદીય વિશેષાધિકાર | બ્રિટન |
| 3. | સંસદ તથા વિધાનસભા અને વિધાનપરિષદની પ્રક્રિયા | બ્રિટન |
| 4. | મૂળભૂત અધિકારો | અમેરિકા |
| 5. | સર્વોચ્ચ અદાલતની સ્થાપના અને સત્તાઓ | અમેરિકા |
| 6. | ઉપરાષ્ટ્રપતિનું પદ | અમેરિકા |
| 7. | રાજ્યવ્યવસ્થા | કેનેડા અને ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા ઍક્ટ - 1935 |
| 8. | કટોકટી સંબંધી જોગવાઈઓ | જર્મની અને ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા ઍક્ટ - 1935 |
| 9. | રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો | આયર્લૅન્ડ |
| 10. | નાગરિકોની મૂળભૂત ફરજો | સોવિયેત સંઘ |

Knowledge Career Academy

| | | |
|---|---|---|
| 11. | પ્રજાસત્તાક | ફ્રાન્સ |
| 12. | સંયુક્ત યાદી | ઑસ્ટ્રેલિયા |

## બંધારણનું આમુખ

અમે ભારતના લોકો પ્રતિજ્ઞા કરીએ છીએ કે ભારત એ **સાર્વભૌમ, બિનસાંપ્રદાયિક, સમાજવાદી, લોકશાહી પ્રજાસત્તાક** રાજ્ય બને અને તેના બધા નાગરિકોને **સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય** મળે. **વિચારો, વાણી, ધર્મ અને પૂજાની સ્વતંત્રતા** રહે. વ્યક્તિને **દરજ્જાની અને તકની સમાનતા** રહે. વ્યક્તિના ગૌરવ અને **રાષ્ટ્રની એકાત્મકતા અને અખંડિતતા જળવાઈ રહે** તે માટે **ભાઈચારો કેળવવાનો દૃઢ સંકલ્પ** કરીને અમારી બંધારણ સભામાં આજે 26 નવેમ્બર, 1949ના દિવસે આ બંધારણ અપનાવીએ છીએ અને અમારી જાતને સમર્પિત કરીએ છીએ.

સમાજવાદી, બિનસાંપ્રદાયિક અને અખંડિતતા જેવા શબ્દો 42મા બંધારણીય સુધારા દ્વારા 1976માં ઉમેરવામાં આવ્યા.

### ➢ બંધારણની વિશિષ્ટતાઓ :

- વિશ્વનું સૌથી લાંબામાં લાંબું લેખિત બંધારણ છે.
- બંધારણ પરિવર્તનશીલ છે.
- ભારતને સંપૂર્ણ સાર્વભૌમ પ્રજાસત્તાક પ્રજાસત્તાક રાજ્ય જાહેર કરે છે.
- આ બંધારણ સમવાય છે, છતાં એકતંત્રી છે.
- ભારતને બિનસાંપ્રદાયિક અને સાર્વભૌમ રાજ્ય તરીકે પ્રસ્થાપિત કરે છે.
- પુખ્ત મતાધિકારને સ્વીકારેલો છે.
- સ્વતંત્ર ન્યાયપાલિકાની વ્યવસ્થા છે.
- લઘુમતી કોમના હિતોની રક્ષાની વ્યવસ્થા છે.
- સંઘાત્મક શાસનપ્રણાલી છે.
- બંધારણે સંસદીય અને પ્રમુખગત એમ બંને પદ્ધતિનો સ્વીકાર કરેલો છે.
- મૂળભૂત અધિકારો અને મૂળભૂત ફરજો દર્શાવેલી છે.
- એક જ નાગરિકતા દર્શાવેલી છે.
- બંધારણમાં સંશોધન માટેની વિધિ તથા દેશની કટોકટીની સ્થિતિની વ્યવસ્થા દર્શાવેલી છે.

## નાગરિકતા

બંધારણના ભાગ 2માં અનુચ્છેદ 5થી 11ની વચ્ચે ભારતીય નાગરિકતાનો ઉલ્લેખ છે.

- જે વ્યક્તિનો જન્મ ભારતની ભૂમિ પર થયો છે, તે વ્યક્તિ નાગરિકની પ્રથમ શ્રેણીમાં આવે છે.
- જે વ્યક્તિના માતાપિતા બંનેમાંથી એકનો જન્મ ભારતમાં થયો હોય તે વ્યક્તિ બીજી શ્રેણીના નાગરિકમાં આવે છે.
- જે વ્યક્તિ ભારતીય બંધારણના અમલના પાંચ વર્ષ પહેલાં આવીને ભારતમાં વસી હોય તે ત્રીજી શ્રેણીના નાગરિકમાં આવે છે.
- જે વ્યક્તિ પાકિસ્તાનમાંથી 19 જુલાઈ, 1948 પહેલાં આવેલા હોય અથવા તે માટે નોંધણી કરાવી હોય અને બંધારણના અમલ પહેલાં ભારતમાં આવી ગયા હોય તે ભારતનો નાગરિક બની શકે છે.
- 1 માર્ચ, 1947 પછી પાકિસ્તાન ગયા તે ભારતનું નાગરિકત્વ ગુમાવે.
- ભારત સરકાર અધિનિયમ-1935 હેઠળ જેના પૂર્વજો ભારતના નાગરિક હતા તેને નાગરિકત્વનો અધિકાર, પરંતુ અન્ય દેશનું નાગરિકત્વ ન ધરાવે.
- સમગ્ર દેશનું એકલ નાગરિકત્વ, એટલે કે એક જ નાગરિકત્વ 1955ના ભારતીય નાગરિકત્વ ધારા અનુસાર ભારતીય નાગરિકતાની પ્રાપ્તિ માટેની પાંચ જુદી જુદી રીતો દર્શાવવામાં આવી છે. અર્થાત્ નાગરિકતા (1) જન્મ દ્વારા (2) વંશાનુક્રમ દ્વારા (3) નોંધણી દ્વારા (4) લગ્ન દ્વારા (5) પ્રદેશનો સમાવેશ કરવાથી મળી શકે છે.

વિદેશમાં વસતા મૂળ ભારતીયોની રજૂઆતના આધારે વિદેશી મૂળ ભારતીયોને બીજી શ્રેણીનું મર્યાદિત નાગરિકત્વ આપવા 2005માં નિર્ણય કર્યો, જેથી તેઓ ભારતમાં મુક્ત રીતે અવરજવર કરી શકે. પરંતુ તેમને મત્તાધિકાર, ચૂંટણીમાં ઉમેદવારી કે બંધારણીય પદ ન મળી શકે.

## મૂળભૂત અધિકારો

બંધારણની અંદર ભાગ 3માં અનુચ્છેદ 12-35ની વચ્ચે મૂળભૂત હકો દર્શાવેલા છે.

**1. <u>સમાનતાનો અધિકાર (અનુચ્છેદ 14થી 18) :</u>**

**અનુ.14** કાયદાની દૃષ્ટિએ બધા નાગરિકો સમાન છે.

**અનુ.15** ધર્મ, જાતિ, લિંગ અને રંગને આધારે કોઈની સાથે જાહેર સ્થળે પક્ષપાત અને ભેદભાવ કરવામાં નહીં આવે.

Knowledge Career Academy

**અનુ.16** બધા નાગરિકોને યોગ્યતા પ્રમાણે તકની સમાનતા

**અનુ.17** અસ્પૃશ્યતા નાબૂદી

**અનુ.18** દરજ્જાની સમાનતા.

જો કે વહીવટી, શૈક્ષણિક અને લશ્કરી પદવી અપવાદરૂપ છે. વિદેશી સન્માન કે પુરસ્કાર મળે તો રાષ્ટ્રપતિની મંજૂરી જરૂરી છે. ભારત રત્ન કે પદ્મ પુરસ્કાર એ દરજ્જો ગણાતા નથી.

**2. <u>સ્વતંત્રતાનો અધિકાર (અનુચ્છેદ 19થી 22) :</u>**

**અનુ.19** (i)

(a) વાણી વિચાર અને અભિવ્યક્તિની સ્વતંત્રતા

(b) જાહેર સ્થળે એકઠા થવાની સ્વતંત્રતા (શાંતિપૂર્વક અને હથિયાર વિના)

(c) સંગઠન રચવાની સ્વતંત્રતા

(d) દેશમાં હરવા-ફરવાની સ્વતંત્રતા

(e) સમગ્ર દેશમાં વસવાટની સ્વતંત્રતા

(f) મિલકતનો અધિકાર જે 44 માં બંધારણીય સુધારાથી 1978માં નાબુદ કરવામાં આવ્યો.

(g) કોઈ પણ વ્યવસાય કરવાની સ્વતંત્રતા

**<u>અનુ.20 આરોપીને મળતી સ્વતંત્રતા</u>**

(i) કોઈ પણ વ્યક્તિને કાયદાની પ્રક્રિયા વિના અપરાધી જાહેર ન કરી શકાય.

(ii) આરોપીને બચાવની તક મળવી જોઈએ.

(iii) એક જ ગુનાની એક જ સજા હોય.

(iv) આરોપીને જ કબૂલાત દ્વારા સાક્ષી ન ગણી શકાય.

**<u>અનુ.21 જીવન જીવવાની સ્વતંત્રતા</u>**

પ્રત્યેક વ્યક્તિ પોતાનું જીવન મુક્ત રીતે જીવવા માટે સ્વતંત્ર છે.

**<u>અનુ.21 (A) મૂળભૂત પ્રાથમિક શિક્ષણ વિનામૂલ્યે મેળવવાનો અધિકાર.</u>**

6થી 14 વર્ષના બાળકોને પ્રાથમિક શિક્ષણ વિનામૂલ્યે પૂરું પાડવામાં આવે.

**<u>અનુ.22 ધરપકડ સામે સુરક્ષાનો અધિકાર</u>**

(i) કોઈ પણ વ્યક્તિને કારણ દર્શાવ્યા વિના ધરપકડ ન કરી શકાય.

(ii) 24 કલાકમાં નજીકની અદાલતમાં રજૂ કરવા પડે.

જો કે દુશ્મન દેશના નાગરિક તથા પ્રતિબંધક કાયદા હેઠળ ધરપકડ કરાયેલી વ્યક્તિને આ જોગવાઈનો લાભ ન મળે;પરંતુ જો તેમને 90દિવસથી વધુ અટકાયત હેઠળ રાખવા હોય તો સલાહકાર બોર્ડની મંજૂરી જરૂરી છે.

**3. <u>શોષણ વિરુદ્ધ અધિકાર (અનુચ્છેદ 23થી 24) :</u>**

**અનુ.23** કોઈ પણ વ્યક્તિ પાસે તેની ઇચ્છા વિરુદ્ધ કામ ન કરાવી શકાય, એટલે કે માનવવેપાર અને ગુલામપ્રથા વિરોધી જોગવાઈ.

**અનુ.24** બાળમજૂરી વિરોધી જોગવાઈ 14 વર્ષથી નીચેની વયના બાળકો પાસે કોઈ પણ પ્રકારનું મજૂરી કામ ન કરાવી શકાય.

**4. <u>ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર (અનુચ્છેદ 25થી 28) :</u>**

**અનુ.25** શ્રદ્ધા અનુસાર ઉપાસનાની સ્વતંત્રતા

**અનુ.26** ધાર્મિક સંગઠન રચવાની સ્વતંત્રતા

**અનુ.27** ધાર્મિક સંગઠનને ફાળો મેળવવાની સ્વતંત્રતા, પરંતુ ફાળો આપવાની વ્યક્તિને સ્વતંત્રતા હોય. આ ફાળા પર કરવેરા લાગુ ન થાય

**અનુ.28** ધાર્મિક શિક્ષણની સ્વતંત્રતા, પરંતુ ધાર્મિક શિક્ષણ માટે ફરજ ન પાડી શકાય અને સરકારી ગ્રાન્ટ મેળવતી સંસ્થા ધાર્મિક શિક્ષણ ન આપી શકે.

**5. <u>સાંસ્કૃતિક અને શિક્ષણવિષયક અધિકાર (લઘુમતિ અધિકાર) (અનુચ્છેદ 29 અને 30) :</u>**

**અનુ.29** આ અધિકાર નીચે પ્રત્યેક નાગરિક પોતાની ભાષા, લિપિ અને સંસ્કૃતિને અપનાવી શકે છે.

**અનુ.30** તેના રક્ષણ માટે શિક્ષણ સંસ્થા સ્થાપી શકે છે. રાજ્ય તેને ભેદભાવ ન રાખી શકે.

**6. <u>બંધારણીય ઈલાજોનો અધિકાર (અનુચ્છેદ 32) :</u>**

આ અધિકાર નીચે નાગરિક પોતાના મૂળભૂત અધિકારોની સુરક્ષા કરી શકે છે. મૂળભૂત અધિકારોથી જો વંચિત રાખવામાં આવે તો ન્યાયાલયનો આશરો લઈ શકે છે. આ અધિકારોની જાળવણી માટે રિટ (Writ) દાખલ થઈ શકે. જે પાંચ પ્રકારની છે.

(1) મેન્ડેમસ - પરમ આદેશ

(2) હેબિયસ કૉર્પસ - બંદી પ્રત્યક્ષીકરણ

(3) ક્વો-વૉરન્ટો - અધિકાર અંગે પૂછપરછ

(4) પ્રોહિબિશન - પ્રતિબંધ

(5) સર્શિઓરરી - નીચલી અદાલતના આદેશ પર પ્રતિબંધ

**નોંધ :** મૂળભૂત અધિકારો કટોકટીમાં મુલતવી રાખી શકાય છે. મૂળભૂત અધિકારો પહેલાં સાત હતા. જે પૈકી મિલકતનો અધિકાર અનુ.31 ને 44મા બંધારણીય સુધારા (1978)થી રદ કરવામાં આવ્યો છે અને તેથી આ અધિકાર અનુ.300 (A) હેઠળ કેવળ કાનૂની અધિકાર તરીકે ચાલુ રહે છે.

Knowledge Career Academy

## રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

બંધારણમાં માર્ગદર્શક સિદ્ધાંતો ભાગ 4માં કલમ 36થી 51ની વચ્ચે દર્શાવેલા છે.

રાજ્યનીતિના માર્ગદર્શક તત્ત્વો સરકાર માટે માર્ગદર્શનરૂપ છે. જેના પર ચાલીને રાજ્ય કલ્યાણરાજ્ય બની શકે છે. સર તેજબહાદુર સપ્રુ સમિતિએ આયર્લેન્ડના બંધારણમાંથી લેવા ભલામણ કરી. રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો નીચે મુજબ છે :

**1. આર્થિક વ્યવસ્થા સંબંધી :**

(i) બધા નાગરિકોને સમાનરૂપથી આજીવિકાનાં સાધનોની સુયોગ્ય વહેંચણી.

(ii) રાષ્ટ્રીય સંપત્તિનું ન્યાયી વિતરણ.

(iii) લઘુત્તમ વેતન નક્કી કરવું.

(iv) સ્વાસ્થ્યને હાનિકારક પ્રવૃત્તિઓ રોકવી.

(v) બેરોજગારી, વૃદ્ધાવસ્થા, બીમારી અને અપંગોને આર્થિક સહાય મળે તેવી વ્યવસ્થા કરવી.

(vi) ખેતીના વૈજ્ઞાનિક સાધનોનો વિકાસ કરવો.

**2. લોકહિત - જાહેર હિત સંબંધી :**

(i) હાનિકારક અને નશીલા પદાર્થો પર પ્રતિબંધ લાદવો.

(ii) પશુઓની જાત સુધારવી.

(iii) દૂધાળા ઢોરની હત્યા રોકવી. (ગૌવંશ હત્યા પ્રતિબંધ)

(iv) બાળકોનું રક્ષણ કરવું.

(v) અસ્પૃશ્ય અને પછાત જાતિઓના લોકોના હિતની રક્ષા કરવી.

(vi) 14 વર્ષ સુધીનાં બાળકોને મફત શિક્ષણની સુવિધાઓ પૂરી પાડવી.

**3. શાસન અને ન્યાયસંબંધી :**

(i) ગ્રામ પંચાયતોની વ્યવસ્થા કરવી.

(ii) કારોબારી અને ન્યાયાલયને જુદા રાખવા.

(iii) દેશના બધા નાગરિકો માટે સમાન કાયદો અને સમાન નાગરિકસંહિતા.

**4. ઐતિહાસિક ઈમારતોના સંરક્ષણ સંબંધી :**

ઐતિહાસિક ઈમારતો તથા સ્મારકો વગેરેનું રક્ષણ કરવું.

**5. આંતરરાષ્ટ્રીય વ્યવહાર સંબંધી :**

વિશ્વમાં શાંતિ સ્થાપવા પ્રયત્ન કરવો.

**6. અન્ય :**

42મા બંધારણીય સુધારા અન્વયે ત્રણ નવા માર્ગદર્શક સિદ્ધાંતો ઉમેરવામાં આવ્યા છે :

(i) આર્થિક રીતે પછાત વર્ગના લોકોને મફત કાનૂની સહાય આપવી.

(ii) કોઈ પણ ઉદ્યોગના સંગઠનમાં કર્મચારીઓએ ભાગ લેવો.

(iii) પર્યાવરણની રક્ષા અને પર્યાવરણ સુધારવું તથા વન અને વન્ય જીવોની રક્ષા કરવી.

- **Directive Principles of State Policy**

ભાગ-4માં સમાવિષ્ટ આ સિદ્ધાંતો એક અર્થમાં નાગરિકના અધિકાર છે, પરંતુ મુશ્કેલી એ છે કે આ સિદ્ધાંતો બિનઅમલપાત્ર (Non-Justiceable) છે. તેથી તેનો અમલ ન થાય, ત્યારે તે સંબંધમાં કોઈ કાનૂની ઉપાય રહેતો નથી. અનુચ્છેદ 37 માં એવી જોગવાઈ કરાયેલ છે. કે આ સિદ્ધાંતો દેશના સંચાલનમાં મૂળભૂત છે અને કાયદાઓ ઘડવામાં આ સિદ્ધાંતો લાગુ પાડવાની રાજ્યની ફરજ રહેશે. આ સિદ્ધાંતો ટૂંકમાં નીચે મુજબ છે.

- **રાજ્ય લોકકલ્યાણ માટેની સમાજ વ્યવસ્થા સિદ્ધ કરશે. (અનુચ્છેદ 38)**

(i) રાજ્ય એવી સામાજિક વ્યવસ્થા સિદ્ધ કરીને લોકકલ્યાણ સાધનવાનો પ્રયત્ન કરશે કે જેમાં સામાજિક, આર્થિક તથા રાજકીય ન્યાયથી રાષ્ટ્રીય જીવનની તમામ સંસ્થાઓ માહિતગાર થયેલ હોય.

(ii) રાજ્યે એ પણ પ્રયત્ન કરવો જોઈએ કે જુદી જુદી વ્યક્તિઓ કે જૂથો વચ્ચે આવકની તેમજ દરજ્જો, સગવડો અને તકોની અસમાનતા નાબૂદ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. (44મા બંધારણીય સુધારા હેઠળની જોગવાઈ)

- **રાજ્યે નીતિના કેટલાંક સિદ્ધાંતો અનુસરવા જોઈએ. (અનુચ્છેદ-39)**

આ અનુચ્છેદ એમ ઠરાવે છે કે રાજ્યે એવી નીતિ અનુસરવી જોઈએ કે જેનાથી

(i) સ્ત્રી-પુરૂષ બંનેને આજીવિકાનું પૂરતું સાધન મેળવવાનો સમાન અધિકાર પ્રાપ્ત થાય.

(ii) ભૌતિક સામગ્રીનું વિતરણ લોકહિતમાં થાય.

(iii) સંપત્તિની જમાવટ ન થાય.

(iv) સ્ત્રી-પુરૂષને સરખાં કામ માટે સરખું વેતન મળે.

(v) પુરૂષ અને સ્ત્રી કામદારોના આરોગ્ય અને શક્તિનો દુરૂપયોગ ન થાય.

(vi) બાળકોને આર્થિક જરૂરિયાતના કારણે મજૂરી કરવાની ફરજ ન પડે.

Knowledge Career Academy

- **સમાન ન્યાય અને નિઃશુલ્ક કાનૂની સહાય (અનુચ્છેદ 39 (ક)**

રાજ્યની ફરજ એ જોવાની છે કે આર્થિક અથવા અન્ય સમર્થતાઓના કારણે કોઈપણ નાગરિક ન્યાય મેળવવાની તકથી વંચિત ન રહે. તે માટે રાજ્યે કાયદો ઘડવો જોઈએ. સંસદે 1987માં Legal Service Authorities Act ઘડ્યો છે. (42મા બંધારણીય સુધારા હેઠળની જોગવાઈ)

- **ગ્રામ પંચાયતોની સ્થાપના (અનુચ્છેદ 40)**

આ અનુચ્છેદથી રાજ્યને ગ્રામ પંચાયતો રચવા તેમજ તેને જરૂરી સત્તાઓ આપવા જણાવાયેલ છે. બંધારણના 72મા અને 73મા સુધારાથી ગ્રામ પંચાયતોની રચનાનો માર્ગ મોકળો કરેલ છે.

- **કામ, શિક્ષણ અને મદદનો અધિકાર (અનુચ્છેદ 41)**

આ અનુચ્છેદથી રાજ્યને લોકોને સામાજિક સુરક્ષા પૂરી પાડવા જણાવવામાં આવેલ છે. રાજ્યે સુરક્ષા પૂરી પાડવા જણાવવામાં આવેલ છે. રાજ્યે પોતાની આર્થિક ક્ષમતા અને વિકાસની મર્યાદમાં રહીને રોજગારી અને શિક્ષણ, બેકારી, વૃદ્ધાવસ્થા અને અપંગતાના પ્રસંગે અને વિનાવાંકે ભોગવવી પડતી તંગીના પ્રસંગે, જાહેર મદદ પૂરી પાડવાની ફરજ છે.

- **કામની ન્યાયી અને વાજબી શરતો અને પ્રસતિ રાહત (અનુચ્છેદ 42)**

આ અનુચ્છેદથી રાજ્યની એ ફરજ ઠરાવવામાં આવી છે કે કામ અંગેની ન્યાયી અને વાજબી શરતો તેમજ પ્રસૂતિ સહાય અંગે જોગવાઈ કરે. રાજ્યે Maternity Benefit Act, 1961, Bonus Act, 1965 વગેરે કાયદાઓ ઘડેલ છે.

- **કામદારો માટે નિર્વાહ વેતન (અનુચ્છેદ 43)**

આ અનુચ્છેદથી રાજ્યની કામદારો માટે કામ, યોગ્ય નિર્વાહ વેતન તેમજ શિષ્ટ જીવનધોરણ અને કામદારોને ફુરસદના સમયમાં સામાજીક અને સાંસ્કૃતિક વિકાસ માટેની તકો મળે તે જોવાની ફરજ ઠરાવવામાં આવી છે. વળી રાજ્યે ગ્રામ વિસ્તારોમાં ગૃહોઉદ્યોગોને ઉત્તેજન પણ આપવું જોઈએ. તેમ આ અનુચ્છેદથી ઠરાવવામાં આવે છે.

- **કામદારોની ઉદ્યોગોમાં ભાગીદારી (અનુચ્છેદ 43 (ક))**

આ અનુચ્છેદથી કામદારોની ઉદ્યોગોમાં ભાગીદારીનો સિદ્ધાંત સ્વીકારાયો છે. રાજ્યે કાયદા કે નિયમોથી કામદારો ઉદ્યોગોના વહીવટમાં ભાગ લે તેવા પ્રયત્નો કરવા જોઈએ. (42મા બંધારણીય સુધારા હેઠળની જોગવાઈ)

- **સમાન નાગરિક ધારો (અનુચ્છેદ 44)**

આ અનુચ્છેદ જણાવે છે કે રાજ્યે સમગ્ર ભારતીય પ્રદેશ માટે સમાન નાગરિક ધારો (Uniform Civil Code) ઘડવા માટે પ્રયત્ન કરવો જોઈએ. દેશમાં અંગત કાયદાઓ મોટાભાગે ધર્મશાસ્ત્રો આધારિત છે. જેમ કે હિંદુ કાયદો મનુસ્મૃતિ અને મુસ્લિમ કાયદો કુરઑન પર આધારિત છે. તેના બદલે સમાન નાગરિક ધારો ઘડાવો જોઈએ. સર્વોચ્ચ અદાલતે પણ કેટલાક કેસોમાં આ બાબતે કેન્દ્ર સરકારને સૂચન કરેલ છે.

- **6 વર્ષ હેઠળના બાળકનની કેળવણી માટે જોગવાઈ (અનુચ્છેદ 45)**

આ અનુચ્છેદમાં 86 મા સુધારાથી ફેરફાર કરાયો છે. જૂના અનુચ્છેદ મુજબ બંધારણ અમલમાં આવ્યાની તારીખથી 10 વર્ષમાં રાજ્યે 14 વર્ષની ઉંમર સુધીનાં બાળકો માટે નિઃશુલ્ક અન ફરજિયાત શિક્ષણની જોગવાઈ કરવાની હતી. આ બાબતે 2002માં બંધારણ અનુચ્છેદ 21A નવો ઉમેરવામાં આવ્યો અને તે અંગેનો બાળકોનો નિઃશુલ્ક અને ફરજિયાત શિક્ષણ અધિકાર ધારો, 2009 સંસદે ઘડ્યો છે અને તેનો અમલ એપ્રિલ 2010થી શરૂ થયો છે. તેથી જૂના અનુચ્છેદના સ્થાને ઉમેરાયેલ આ નવા અનુચ્છેદમાં રાજ્યને 6 વર્ષ હેઠળનાં બાળકોના બચપણની કાળજી અને કેળવણી માટે જોગવાઈ કરવાનો આદેશ અપાયેલ છે.

- **અનુસૂચિત જાતિ અને તેમજ નબળાં વર્ગોનાં હિતોની કાળજી (અનુચ્છેદ 46)**

આ અનુચ્છેદ જણાવે છે કે રાજ્ય નબળાં વર્ગના લોકો અને ખાસ કરીને અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓના શૈક્ષણિક અને આર્થિક હિતોની કાળજી લેશે અને સામાજિક અન્યાય અને તમામ પ્રકારના શોષણ માટે તેમનું રક્ષણ કરવાનું રહેશે. 'નબળા વર્ગો'ની વ્યાખ્યા બંધારણમાં આપવામાં આવી નથી.

- **પોષણનું સ્તર અને જીવનધોરણ સુધારવાની ફરજ (અનુચ્છેદ 47)**

રાજ્યની એ પ્રાથમિક ફરજ રહેશે કે લોકોના પોષણનું સ્તર અને જીવનધોરણ ઊંચું લાવવું અને જાહેર

Knowledge Career Academy

આરોગ્ય સુધારવું અને રાજ્યે ખાસ કરીને માદક પીણાં તેમજ આરોગ્યને નુકસાનકારક પદાર્થોના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવો જોઈએ. નશાબંધી આ અનુચ્છેદ હેઠળ લાગુ કરી શકાય.

- **ખેતી અને પશુઉછેર માટે વ્યવસ્થા તથા ગૌહત્યા પર પ્રતિબંધ (અનુચ્છેદ 48)**

રાજ્યે ખેતી અને પશુઉછેરની આધુનિક અને વૈજ્ઞાનિક ધોરણે વ્યવસ્થા કરવી જોઈએ અને ખાસ કરીને ગાયો, વાછરડાંઓ અને અન્ય દૂધ આપતા કે ભારવહન કરતાં પશુઓની ઓલાદો જાળવવા અને તેની સુધારણા કરવા અને તેમની કતલ પર પ્રતિબંધ મૂકવાનો પ્રયત્ન કરવો જોઈએ.

- **પર્યાવરણ અને જંગલી જીવોનું રક્ષણ (અનુચ્છેદ 48(ક))**

પર્યાવરણનું રક્ષણ તેમજ તેમાં સુધારણા કરવાનો અને દેશનાં જંગલો તેમજ જંગલી જીવોનું રક્ષણ કરવાનો પણ પ્રયત્ન કરવો જોઈએ. (42મા બંધારણીય સુધારા હેઠળની જોગવાઈ)

- **સ્મારકોનું રક્ષણ (અનુચ્છેદ 49)**

સંસદના કાયદાથી અથવા તે હેઠળ રાષ્ટ્રીય મહત્ત્વના જાહેર કરાયેલ દરેક કલાત્મક કે ઐતિહાસિક મહત્ત્વ ધરાવતા સ્મારક કે સ્થળ કે પદાર્થનું રાજ્યે લૂંટ, વિનાશ, વિકૃતિ, સ્થળાંતર, નિકાલ અથવા નિકાસ માટે રક્ષણ કરવું જોઈએ.

- **ન્યાયતંત્ર અનં કારોબારીની અલગતા (અનુચ્છેદ 50)**

ન્યાયતંત્રને કારોબારીથી અલગ કરવા પ્રયત્ન કરવો જોઈએ. બંધારણમાં સ્પષ્ટ રીતે ભલે સત્તા વિભાજનનો સિદ્ધાંત સ્વીકારાયો નથી, પરંતુ તે સિદ્ધાંત ગર્ભિત છે. ન્યાયતંત્ર અને કારોબારીની અલગતા એટલે દરેક ક્ષેત્ર પોતાની મર્યાદામાં રહીને સ્વતંત્ર રીતે કામ કરે અને કોઈ એક ક્ષેત્રની બીજા ક્ષેત્રમાં કોઈ દખલગીરી હોવી જોઈએ નહીં.

- **આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતીને પ્રોત્સાહન (અનુચ્છેદ 51)**

આંતરાષ્ટ્રીય શાંતિ અને સલામતીના પ્રોત્સાહન માટે; (બી) રાષ્ટ્રો વચ્ચે પરસ્પર ન્યાયી અને ગૌરવપૂર્વક સંબંધો જાળવવા માટે; (સી) આંતરરાષ્ટ્રીય કાયદા અને સંધિઓને લગતી ફરજો પ્રત્યેનો આદર વધારવા માટે; અને (ડી) આંતરરાષ્ટ્રીય પ્રશ્નોનો નીવેડો લવાદથી લાવવા પ્રોત્સાહન આપવા પ્રયત્ન કરવો જોઈએ.

## નાગરિકોની મૂળભૂત ફરજો

બંધારણના ભાગ 4(ક)માં કલમ 51 (ક)માં મૂળભૂત ફરજો દર્શાવવામાં આવી છે. મૂળભૂત ફરજો 11 છે. 42મા બંધારણીય સુધારાથી 1976માં સ્વર્ણસિંઘ સમિતિની ભલામણના આધારે ઉમેરવામાં આવી. જે USSR (રશિયા) ના બંધારણમાંથી લીધી.

(1) સંવિધાનને વફાદાર રહેવાની તથા તેના આદર્શો અને સંસ્થાઓનો, રાષ્ટ્રધ્વજનો અને રાષ્ટ્રગીતનો આદર કરવાની ફરજ.

(2) આઝાદી માટેની રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનારા ઉમદા આદર્શોને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની ફરજ છે.

(3) ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન કરવાની અને તેમનું રક્ષણ કરવાની ફરજ છે.

(4) દેશની રક્ષા કરવાની અને જરૂર પડ્યે રાષ્ટ્રની સેવા કરવાની ફરજ.

(5) ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક કે સંપ્રદાયોના ભેદોથી પર રહીને, ભારતના તમામ નાગરિકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવનાની વૃદ્ધિ કરવાની, સ્ત્રીઓના ગૌરવને અપમાનિત કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની ફરજ છે.

(6) ભારતની સમન્વિત સંસ્કૃતિના સમૃદ્ધ વારસાનું મૂલ્ય સમજી તે જાળવી રાખવાની ફરજ છે.

(7) જંગલો, તળાવો, નદીઓ અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું જતન કરવાની અને તેની સુધારણા કરવાની તથા જીવો પ્રત્યે અનુકંપા રાખવાની ફરજ છે.

(8) વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જિજ્ઞાસા તથા સુધારણાની ભાવના કેળવવાની ફરજ છે.

(9) જાહેર મિલકતનું રક્ષણ કરવાની તથા હિંસાનો ત્યાગ કરવાની ફરજ છે.

(10) રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિનાં વધુ ને વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે તે માટે વૈયક્તિક અને સામૂહિક પ્રવૃત્તિનાં તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવાની અને પ્રયત્ન કરવાની ફરજ છે.

(11) મૂળભૂત શિક્ષણ પૂરું પાડવું તે માતા-પિતા કે વાલીની ફરજ બને.

Knowledge Career Academy

## સંઘ સરકાર : કારોબારી

સંઘ સરકારની કારોબારી, રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને તેના મંત્રીમંડળથી બને છે.

### 1 રાષ્ટ્રપતિ (અનુ.52-62, 70-73 )

રાષ્ટ્રપતિ દેશના બંધારણીય વડા છે. ભારતના ત્રણે સંરક્ષણ દળોના વડા તથા રાષ્ટ્રની એકતા, શક્તિ અને ગૌરવના પ્રતીક છે.

**રાષ્ટ્રપતિ**

- કારોબારી
  - રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, મંત્રીમંડળ, એટર્ની જનરલ
- સંસદ
  - લોકસભા
  - રાજ્યસભા
- ન્યાયતંત્ર
  - સર્વોચ્ચ અદાલત
    - વડી અદાલત
      - તાબાની અદાલતો
- ચૂંટણી પંચ
  - મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરો
- હિસાબી અને ઑડિટ તંત્ર (CAG)
  - કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ
    - એકાઉન્ટન્ટ જનરલ
- અન્ય બંધારણીય સંસ્થાઓ
  - UPSC, નાણાંપંચ, SC/ST પંચ, આંતરરાજ્ય પરિષદ, અન્ય બોર્ડ નિગમો
- સર્વોચ્ચ સેનાપતિ
  - Army
  - Navy
  - Airforce

- **રાષ્ટ્રપતિ બનવાની યોગ્યતા :**
  (1) તે ભારતના નાગરિક હોવા જોઈએ.
  (2) ઓછામાં ઓછી 35 વર્ષની ઉંમર હોવી જોઈએ.
  (3) લોકસભાના સભ્ય થઈ શકતા હોવા જોઈએ.
  (4) લાભનો હોદ્દો ન ધરાવે.
- **રાષ્ટ્રપતિની ચૂંટણીની પદ્ધતિ :** રાષ્ટ્રપતિને લોકો પ્રત્યક્ષ રીતે ચૂંટી શકતા નથી, પરંતુ રાષ્ટ્રપતિની ચૂંટણી પરોક્ષ રીતે થાય છે.
  તેમની ચૂંટણી સંસદના બંને ગૃહોના ચૂંટાયેલા સભ્યો તથા વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો દ્વારા થાય છે.
  - **હોદ્દાની મુદત:** તેમના હોદ્દાની મુદત પૂરા પાંચ વર્ષની હોય છે.પોતે ફરી વખત ચૂંટણીમાં ઊભા રહી શકે છે.
  - **શપથ :** સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ સમક્ષ લે છે.
  - **મહાભિયોગ :** બંધારણીય ફરજોનો ભંગ, રાષ્ટ્રદ્રોહ કે એવા ગંભીર પ્રકારના ગુના બદલ સંસદના કોઈ પણ ગૃહના 1/4 સભ્યો 14 દિવસની નોટિસથી દરખાસ્ત રજૂ કરે અને તેને ગૃહના કુલ સભ્યોના 2/3 સભ્યો પસાર કરે, તે પછી બીજું ગૃહ તેમના પર કામ ચલાવે અને એ ગૃહના સભ્યો 2/3 બહુમતીએ ઠરાવ પસાર કરે તો રાષ્ટ્રપતિને છૂટા કરી શકાય. બંધારણમાં રાષ્ટ્રપતિને પોતાનો બચાવ કરવાની પણ જોગવાઈ છે.
- **રાજીનામું :** ઉપરાષ્ટ્રપતિને આપી શકે. ઉપરાષ્ટ્રપતિ ચાર્જ સંભાળે; જો તે ન હોય તો સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ ચાર્જ સંભાળે. જો કે આ મુદત વધુમાં વધુ 6 મહિના સુધી હોય.
- **રાષ્ટ્રપતિની અગત્યની સત્તાઓ :**
  **(1) કારોબારી સત્તાઓ :** રાષ્ટ્રપતિ એ કારોબારીના વડા હોવાથી દેશનો વહીવટ તેમના નામ પર ચાલે છે. તેઓ પ્રધાનમંત્રી અને પ્રધાનમંત્રીની સલાહથી અન્ય મંત્રીમંડળના સભ્યોની નિમણૂક કરે છે. રાષ્ટ્રપતિ રાજ્યના ગવર્નર, સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ, હાઈકોર્ટના ન્યાયાધીશ, રાજદૂતો, એટર્ની જનરલ, કૉમ્પટ્રોલર ઍન્ડ ઓડિટર જનરલ ઑફ ઈન્ડિયા, કેન્દ્રીય જાહેર સેવા આયોગના અધ્યક્ષ તથા તેના અન્ય સભ્યોની નિમણૂક કરે છે. કેન્દ્રશાસિત પ્રદેશોનું શાસન તેઓ વહીવટદાર કે લેફ્ટનન્ટ ગવર્નર દ્વારા કરે છે. કેન્દ્રશાસિત પ્રદેશમાં

Knowledge Career Academy

વહીવટદાર કે લેફ્ટનન્ટ ગવર્નર (ઉપરાજ્યપાલ)ની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે.

**(2) કાયદાકીય સત્તાઓ :** રાષ્ટ્રપતિ સંસદની બેઠક બોલાવવાની સત્તા ધરાવે છે. તે લોકસભાનું વિસર્જન કરી શકે છે. કોઈ પણ ખરડા પર બંને ગૃહો વચ્ચે અસંમતિ થાય ત્યારે બંને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવી શકે છે. રાજ્યસભાના 12 સભ્યો નિયુક્ત કરવાની તેઓને સત્તા છે. કોઈ પણ ખરડો રાષ્ટ્રપતિની સહી વગર કાયદો બની શકતો નથી. જ્યારે સંસદનું અધિવેશન ચાલુ ન હોય ત્યારે વટહુકમ બહાર પાડી શકે છે.

**(3) નાણાકીય સત્તાઓ :** પ્રતિવર્ષે સંસદમાં તેમના વતી નાણાપ્રધાન વાર્ષિક બજેટ રજૂ કરે છે. રૂપિયાની કોઈ માંગ તેમની મંજૂરી વગર કરવામાં આવતી નથી. નાણાપંચની નિમણૂક કરે છે. નાણાકીય ખરડો તેમની મંજૂરીથી જ રજૂ થઈ શકે.

**(4) કટોકટીની સત્તાઓ :** રાષ્ટ્રપતિ કોઈ પણ રાજ્યમાં કલમ 352 અને 360 હેઠળ કટોકટી અને કલમ 356 નીચે રાષ્ટ્રપતિ શાસન જાહેર કરી શકે છે, તેમ જ દેશની કટોકટીની સ્થિતિમાં રાષ્ટ્રપતિ મૂળભૂત અધિકારો મુલતવી રાખી શકે છે.

**(5) લશ્કરી સત્તાઓ :** લશ્કરની ત્રણેય પાંખોના સર્વોચ્ચ સેનાપતિ છે. તેઓ યુદ્ધ જાહેર કરે કે યુદ્ધ વિરામ કરે. ત્રણેય દળોના વડાની નિમણૂક કરે છે.

**(6) રાજદ્વારી સત્તાઓ :** અન્ય દેશો સાથે સંબંધો સ્થાપિત કરે છે. ત્યાં રાજદૂત નીમે તથા તેના રાજદૂતને માન્યતા આપે. સંધિ કે કરાર કરે.

**(7) ન્યાયિક સત્તાઓ :** ન્યાયિક અધિકારીઓ - ન્યાયાધીશોની નિમણૂક કરે. કેન્દ્રની યાદી હેઠળના કાયદાના ભંગ બદલ થયેલ સજા કે દંડ માફ કરી શકે, મોકૂફ રાખી શકે કે ઘટાડી શકે. જો કે ફાંસીની સજા માફ કરવી, મોકૂફ રાખવી કે ઘટાડવી તે રાષ્ટ્રપતિની વિશિષ્ટ ન્યાયિક સત્તા છે.

### ભારતના રાષ્ટ્રપતિઓ

| ક્રમ | નામ | સમયગાળો |
|---|---|---|
| 1. | ડૉ. રાજેન્દ્ર પ્રસાદ | 1950-62 |
| 2. | ડૉ. એસ. રાધાકૃષ્ણન્ | 1962-67 |
| 3. | ડૉ. ઝાકીર હુસેન | 1967-69 |
| 4. | શ્રી વી. વી. ગિરિ | 1969-74 |
| 5. | ડૉ. ફકરૂદ્દીન અલી અહેમદ | 1974-77 |
| 6. | શ્રી નીલમ સંજીવ રેડ્ડી | 1977-82 |
| 7. | શ્રી જ્ઞાની ઝૈલસિંઘ | 1982-87 |
| 8. | ડૉ. આર. વેંકટરામન | 1987-92 |
| 9. | ડૉ. શંકરદયાલ શર્મા | 1992-97 |
| 10. | શ્રી કે. આર. નારાયણન્ | 1997 થી 2002 |
| 11. | એ.પી.જે. અબ્દુલ કલામ | 2002 થી 2007 |
| 12. | સુશ્રી પ્રતિભા પાટિલ | 25-7-2007 થી 25-7-2012 |
| 13. | પ્રણવ મુખર્જી | 25-7-2012 થી આજ સુધી |

## ઉપરાષ્ટ્રપતિ

બંધારણની કલમ 63માં ઉપરાષ્ટ્રપતિ પદનો ઉલ્લેખ છે. લોકસભા અને રાજ્યસભાના તમામ સભ્યો દ્વારા ચૂંટવામાં આવે છે.

- **લાયકાત :** ભારતના નાગરિક, 35 વર્ષ કે તેથી વધુ ઉંમર, રાજ્યસભાના સભ્ય જેટલી લાયકાત, લાભનો હોદ્દો ન ધરાવે.
- **મુદત :** પૂરા 5 વર્ષ
- **શપથ :** રાષ્ટ્રપતિ સમક્ષ લે છે. હોદ્દાની રૂએ રાજ્યસભાના સભાપતિ છે અને રાષ્ટ્રપતિ પદ ખાલી પડે તો છ મહિના સુધી સંભાળી શકે.
- **રાજીનામું :** રાષ્ટ્રપતિને આપે

### ભારતના ઉપરાષ્ટ્રપતિઓ

| ક્રમ | નામ | સમયગાળો |
|---|---|---|
| 1. | ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ | 1950-62 |
| 2. | ડૉ. ઝાકીર હુસૈન | 1962-67 |
| 3. | શ્રી વી. વી. ગિરિ | 1967-69 |
| 4. | શ્રી ગોપાલસ્વરૂપ પાઠક | 1969-74 |
| 5. | શ્રી બી. ડી. જત્તી | 1974-79 |
| 6. | શ્રી એમ. હિદાયતુલ્લાહ | 1979-84 |
| 7. | શ્રી આર. વેંકટરામન | 1984-87 |
| 8. | ડૉ. શંકરદયાલ શર્મા | 1987-92 |
| 9. | શ્રી કે. આર. નારાયણન્ | 1992-97 |
| 10. | શ્રી કે.વી. કૃષ્ણકાંત | 1997 થી 2002 |
| 11. | ભૈરોસિંહ શેખાવત | 2002 થી 2007 |
| 12. | મહંમદ હમીદ અન્સારી (બે મુદત માટે) | 11-8-07 થી આજ સુધી |

Knowledge Career Academy

## મંત્રીમંડળ

બંધારણની કલમ 74 દ્વારા મંત્રીમંડળની રચના કરવામાં આવે છે. મંત્રીમંડળના અધ્યક્ષ વડાપ્રધાન (પ્રધાનમંત્રી) હોય છે. સામાન્ય રીતે સંસદમાં બહુમતી ધરાવતા પક્ષના વડાને રાષ્ટ્રપતિ વડાપ્રધાન તરીકે નીમે છે. ત્યાર બાદ તેમની સલાહ લઈ રાષ્ટ્રપતિ પ્રધાનમંડળના અન્ય સભ્યોને નીમે છે. વડાપ્રધાન પ્રધાનોને વિવિધ ખાતાઓની વહેંચણી કરે છે. દરેક પ્રધાન વ્યક્તિગત રીતે વડાપ્રધાનને અને સામૂહિક રીતે લોકસભાને જવાબદાર છે. દરેક પ્રધાન માટે સંસદસભ્ય હોવું જરૂરી છે. જો તે ન હોય તો નિમણૂકના 6 માસની અંદર સંસદસભ્ય બનવું પડે છે. સામાન્યતઃ દરેક પ્રધાન વડાપ્રધાનની ખુશી હોય ત્યાં સુધી હોદ્દો ભોગવે છે. રાષ્ટ્રપતિ બંધારણીય વડા હોવા છતાં વાસ્તવમાં દેશનો સમગ્ર વહીવટ વડાપ્રધાન અને પ્રધાનમંડળ હસ્તક હોય છે. બંધારણમાં 42મા સુધારા પ્રમાણે રાષ્ટ્રપતિ કેન્દ્રીય મંત્રીમંડળની સલાહ અનુસાર કાર્ય કરવા બંધાયેલા છે. જો કે એકવાર પુન વિચાર મળે જણાવી શકે. દેશની આર્થિક નીતિ, વિદેશી નીતિઓ મંત્રીમંડળ ઘડે છે. સરકારી ખરડાને સંસદમાં રજૂ કરે છે. દેશની મહત્ત્વની નીતિઓ ઘડવાનું કાર્ય મંત્રીમંડળના હસ્તક હોય છે. મંત્રીઓની સંખ્યા લોકસભાના કુલ સભ્યોના વધુમાં વધુ 15 ટકા અને ઓછામાં ઓછા 12 હોઈ શકે.

## પ્રધાનમંત્રી

બંધારણની અનુ.74(1)માં પ્રધાનમંત્રીના હોદ્દાની વ્યવસ્થા છે. પ્રધાનમંત્રી મંત્રીમંડળના વડા હોય છે. પ્રધાનમંત્રી રાષ્ટ્રપતિ અને મંત્રીમંડળ વચ્ચે કડીરૂપ છે. મંત્રીમંડળના બધા જ નિર્ણયો અને શાસન સંબંધી પ્રસ્તાવોની રાષ્ટ્રપતિને જાણ કરે છે. મંત્રીમંડળનાં કાર્યોનું સંકલન કરે છે. મંત્રીમંડળના જુદા જુદા ખાતાઓ વચ્ચે સમન્વય સાધવાનું કામ કરે છે. મંત્રીમંડળ રાષ્ટ્રપતિને લોકસભા ભંગ કરવા માટેની સલાહ આપે છે. રાષ્ટ્રપતિ દેશના અગત્યના હોદ્દાઓની નિમણૂક પ્રધાનમંત્રી સાથે ચર્ચા-વિચારણા કરીને કરે છે.

## ભારતના વડાપ્રધાનો

| ક્રમ | નામ | સમયગાળો |
|---|---|---|
| 1. | શ્રી જવાહરલાલ નહેરુ | 15-8-1947 થી 27-5-1964 |
| 2. | શ્રી ગુલઝારીલાલ નંદા (કાર્યકારી) | 27-5-64 થી 9-6-1964 |
| 3. | શ્રી લાલબહાદુર શાસ્ત્રી | 9-6-64 થી 11-1-1966 |
| 4. | શ્રી ગુલઝારીલાલ નંદા (કાર્યકારી) | 11-1-66 થી 24-1-1966 |
| 5. | શ્રીમતી ઈન્દિરા ગાંધી | 24-1-66 થી 24-3-1977 |
| 6. | શ્રી મોરારજી દેસાઈ | 24-3-77 થી 28-7-1979 |
| 7. | શ્રી ચરણસિંઘ | 28-7-79 થી 14-1-1980 |
| 8. | શ્રીમતી ઈન્દિરા ગાંધી | 14-1-80 થી 31-10-1984 |
| 9. | શ્રી રાજીવ ગાંધી | 31-10-84 થી 1-12-1989 |
| 10. | શ્રી વી. પી. સિંહ | 1-12-89 થી 7-11-1990 |
| 11. | શ્રી ચંદ્રશેખર | 10-11-90 થી 21-6-1991 |
| 12. | શ્રી પી. વી. નરસિંહરાવ | 21-6-91 થી 16-5-1996 |
| 13. | શ્રી અટલબિહારી વાજપેયી | 16-5-96 થી 28-5-1996 |
| 14. | શ્રી એચ. ડી. દેવગૌડા | 1-6-96 થી 21-4-1997 |
| 15. | શ્રી ઈન્દ્રકુમાર ગુજરાલ | 21-4-1997 થી 19-3-1998 |
| 16. | શ્રી અટલબિહારી વાજપેયી | 19-3-1998 થી 26-4-99 |
| 17. | શ્રી અટલબિહારી વાજપેયી | 13-10-1999 થી 21-5-2004 |
| 18. | ડૉ. મનમોહનસિંહ | 22-5-2004 થી 26-5-2014 |
| 19. | શ્રી નરેન્દ્ર મોદી | 26-5-2014 થી આજ સુધી |

## નાયબ વડાપ્રધાન

બંધારણમાં નાયબ વડાપ્રધાનપદ અંગેની કોઈ જોગવાઈ નથી. નાયબ વડાપ્રધાનપદને બંધારણીય માન્યતા નથી. નાયબ વડાપ્રધાનોની યાદી નીચે પ્રમાણે છે :

(1) સરદાર વલ્લભભાઈ પટેલ : જવાહરલાલ નહેરુના મંત્રીમંડળમાં (15-8-47 થી 15-12-50)

(2) મોરારજી દેસાઈ : શ્રીમતી ઈન્દિરા ગાંધીના મંત્રીમંડળમાં (21-3-67 થી 6-12-69)

(3) ચરણસિંહ : મોરારજી દેસાઈના મંત્રીમંડળમાં (28-7-77 થી 28-7-79)

Knowledge Career Academy

(4) બાબુ જગજીવનરામ : ચરણસિંહના મંત્રીમંડળમાં (9-10-79 થી 10-12-79)

(5) યશવંતરાવ ચવાણ : ચરણસિંહના મંત્રીમંડળમાં (10-12-79 થી 14-1-80)

(6) ચૌધરી દેવીલાલ : વી.પી. સિંહ અને ચંદ્રશેખરના મંત્રીમંડળમાં (19-10-89 થી 21-6-91)

(7) લાલકૃષ્ણ અડવાણી : શ્રી અટલ બિહારી વાજપેયી મંત્રીમંડળમાં (29-6-2002 થી 20-5-2004)

➢ **મંત્રીઓ :**

મંત્રીમંડળમાં ચાર પ્રકારના મંત્રીઓ હોય છે.

- **કેબિનેટ મંત્રી :** મહત્ત્વના નીતિવિષયક નિર્ણય કરે.
- **રાજ્યકક્ષાના મંત્રી (સ્વતંત્ર હવાલો) :** કેબિનેટ મંત્રી ન હોય તે ખાતામાં રાજ્યકક્ષાના મંત્રીને સ્વતંત્ર હવાલો આપવામાં આવે છે.
- **રાજ્યકક્ષાના મંત્રી :** કેબિનેટ મંત્રીને મદદરૂપ બને
- **નાયબકક્ષાના મંત્રી :** રાજ્યકક્ષાના મંત્રીની સહાય માટે
- **સંસદીય સચિવ :** મંત્રીમંડળના ભાગ રૂપે નથી. પ્રધાનમંત્રી દ્વારા નિમાય અને તેમના દ્વારા શપથવિધિ થાય અને ખાતાં સોંપે છે.

## સંસદ

ભારતીય સંસદમાં રાષ્ટ્રપતિ અને બે ગૃહો છે. એક ગૃહને લોકસભા અને બીજા ગૃહને રાજ્યસભા કહેવામાં આવે છે. લોકસભાને નીચલું ગૃહ અને રાજ્યસભાને ઉપલું ગૃહ કહેવામાં આવે છે.

➢ **રાજ્યસભા :**

રાજ્યસભાના સભ્યોની કુલ સંખ્યા 250 છે. જેમાં 238 સભ્યો રાજ્યો તથા કેન્દ્રશાસિત પ્રદેશોનું પ્રતિનિધિત્વ કરે છે. હાલની સંખ્યા 245 છે. તેમાં 233 રાજ્યો દ્વારા ચૂંટાય છે. રાજ્યસભાના સભ્યોની ચૂંટણી પરોક્ષ રીતે થાય છે. વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો રાજ્યસભાના સભ્યોને ચૂંટે છે. જ્યારે બાકીના 12 સભ્યોની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે. જે વ્યક્તિ સાહિત્ય, સંગીત, કલા, વિજ્ઞાન, સમાજસેવા અને રમતગમતક્ષેત્ર વગેરે ક્ષેત્રોમાં વિશેષ કુશળ હોય તેવી વ્યક્તિની નિમણૂક કરે છે. રાજ્યસભા કાયમી ગૃહ છે. જે ક્યારેય વિસર્જીત થતું નથી. દર બે વર્ષે 1/3 સભ્યો નિવૃત્ત થાય છે. રાજ્યસભાના સભાપતિ (ચૅરમૅન) હોદ્દાની રૂએ ઉપરાષ્ટ્રપતિ છે. ચોથી અનુસૂચિમાં રાજ્ય પ્રમાણે સભ્ય સંખ્યા આપેલી છે.

- **રાજ્યસભામાં સભ્યપદ માટેની લાયકાતો :**

(1) ભારતનો નાગરિક હોવો જોઈએ.

(2) 30 વર્ષ કે તેથી વધુ ઉંમર હોવી જોઈએ.

(3) અસ્થિર મગજ કે ગુનેગાર ન હોવો જોઈએ.

(4) સરકારી કર્મચારી ન હોવો જોઈએ.

- **સત્તા :** નાણાકીય બાબતો સિવાય બધી સત્તાઓ લોકસભાના સભ્યો જેટલી જ હોય છે.
- **લોકસભા :**

સંસદનું નીચલું ગૃહ છે. બંધારણની કલમ 81 પ્રમાણે લોકસભાના સભ્યોની સંખ્યા વધુમાં વધુ 552 છે. 1973માં 31મા બંધારણના સુધારાથી રાજ્યોની લોકસભાની સંખ્યા 500થી વધારીને 525 કરવામાં આવી હતી. હાલની કુલ સંખ્યા 552 છે. તેમાં રાજ્યોમાંથી 530 સભ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની સભ્યસંખ્યા 20 છે. વર્તમાન સમયમાં લોકસભાના સભ્યોની સંખ્યા 545 છે. લોકસભાના સભ્યોની ચૂંટણી પ્રત્યક્ષ રીતે થાય છે. વયસ્ક મતાધિકાર પ્રમાણે જે વ્યક્તિની ઉંમર 18 વર્ષ કે તેથી વધારે હોય તે મતાધિકારનો ઉપયોગ કરી શકે છે. રાષ્ટ્રપતિ ઍંગ્લો-ઇન્ડિયન જાતિના બે સભ્યોની નિયુક્તિ કરે છે.

- **લોકસભાના સભ્ય બનવા માટેની લાયકાતો :**

(1) ભારતનો નાગરિક હોવો જોઈએ.

(2) ઉંમર 25 વર્ષથી વધુ હોવી જોઈએ.

(3) અસ્થિર મગજનો કે ગુનેગાર ન હોવો જોઈએ.

(4) સરકારી કર્મચારી ન હોવો જોઈએ.

લોકસભાની મુદત પાંચ વર્ષની છે, પરંતુ રાષ્ટ્રપતિ તેને મુદત પહેલાં વિસર્જન કરી શકે છે.

## રાજ્યવાર બેઠકો

| ક્રમ | રાજ્ય | લોકસભાના સભ્યો | રાજ્યસભાના સભ્યો | વિધાનસભાના સભ્યો |
|---|---|---|---|---|
| 1. | આંધ્રપ્રદેશ | 25 | 11 | 175(58)* |
| 2. | અરુણાચલ પ્રદેશ | 02 | 01 | 60 |
| 3. | આસામ | 14 | 07 | 126 |
| 4. | બિહાર | 40 | 16 | 243 (75)* |
| 5. | છત્તીસગઢ | 11 | 05 | 90 |
| 6. | ગોવા | 02 | 01 | 40 |
| 7. | ગુજરાત | 26 | 11 | 182 |
| 8. | હરિયાણા | 10 | 05 | 90 |
| 9. | હિમાચલ પ્રદેશ | 04 | 03 | 68 |

Knowledge Career Academy

| | | | | |
|---|---|---|---|---|
| 10. | જમ્મુ અને કાશ્મીર | 06 | 04 | 111(36)* |
| 11. | ઝારખંડ | 14 | 06 | 81 |
| 12. | કર્ણાટક | 28 | 12 | 224(75)* |
| 13. | કેરળ | 20 | 09 | 140 |
| 14. | મધ્યપ્રદેશ | 29 | 11 | 230 |
| 15. | મહારાષ્ટ્ર | 48 | 19 | 288(78)* |
| 16. | મણિપુર | 02 | 01 | 60 |
| 17. | મેઘાલય | 02 | 01 | 60 |
| 18. | મિઝોરમ | 01 | 01 | 40 |
| 19. | નાગાલૅન્ડ | 01 | 01 | 60 |
| 20. | ઓરિસ્સા | 21 | 10 | 147 |
| 21. | પંજાબ | 13 | 07 | 117 |
| 22. | રાજસ્થાન | 25 | 10 | 200 |
| 23. | સિક્કિમ | 01 | 01 | 32 |
| 24. | તમિળનાડુ | 39 | 18 | 234 |
| 25. | ત્રિપુરા | 02 | 01 | 60 |
| 26. | ઉત્તરાંચલ | 05 | 03 | 70 |
| 27. | ઉત્તરપ્રદેશ | 80 | 31 | 403(99)* |
| 28. | પશ્ચિમ બંગાળ | 42 | 16 | 294 |
| 29. | તેલંગાણા | 17 | 07 | 119(40)* |
| | **કેન્દ્રશાસિત પ્રદેશ** | | | |
| 1. | આંદામાન અને નિકોબાર | 01 | - | - |
| 2. | ચંડિગઢ | 01 | - | - |
| 3. | દાદરા અને નગરહવેલી | 01 | - | - |
| 4. | દીવ અને દમણ | 01 | - | - |
| 5. | દિલ્હી | 07 | 03 | 70 |
| 6. | લક્ષદ્વીપ | 01 | - | - |
| 7. | પોંડીચેરી | 01 | 01 | 30 |
| | | 543 | 233 | 4144 (453)★ |
| | **રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક** | 2 | 12 | - |
| | કુલ | **545** | **245** | **4144 (453)★** |

★ કૌંસમાં વિધાન પરિષદની બેઠકો દર્શાવી છે. સાત રાજ્યોમાં વિધાન પરિષદ અસ્તિત્વમાં છે.

## સંસદની કામગીરી

- બંધારણ અનુસાર કામગીરી
- કાયદા ઘડવા
- જાહેર નાણાં પર નિયંત્રણ
- લોકોના પ્રશ્નો પ્રત્યે ધ્યાન આપે.
- સરકારની કામગીરી પર નજર રાખે.

સંસદ દેશના બંધારણનાં ધ્યેયને સિદ્ધ કરવા જરૂરી કાયદા ઘડે છે. તે સરકારના પ્રસ્તાવો, અનુમાનો તથા ખર્ચા માન્ય કરે છે. તે અવિશ્વાસ ઘોષિત કરીને પ્રધાનમંડળને બરખાસ્ત કરી શકે છે. તે રાષ્ટ્રપતિ પર મહાભિયોગ ચલાવી શકે છે. તે સર્વોચ્ચ ન્યાયાલય તથા ઉચ્ચ ન્યાયાલયોના ન્યાયાધીશો, મુખ્ય ચૂંટણી કમિશનર, કૉમ્પટ્રોલર ઍન્ડ ઑડિટર જનરલ ઑફ ઇન્ડિયાને દૂર કરી શકે છે. બંધારણમાં સુધારા કરી શકે છે.

## લોકસભાના સ્પીકર (અધ્યક્ષ)

સ્પીકર એ લોકસભાનું સંચાલન કરે છે. ગૃહના સભ્યો દ્વારા જ તેને ચૂંટવામાં આવે છે. તેમને 14 દિવસની નોટિસ આપીને બહુમતી દ્વારા દૂર કરી શકાય છે. રાજીનામું ઉપાધ્યક્ષને આપી શકે. ગૃહના સભ્યો દ્વારા જ ઉપાધ્યક્ષની ચૂંટણી થાય છે. ઉપાધ્યક્ષ અધ્યક્ષને રાજીનામું આપી શકે. એક પરંપરા અનુસાર શાસક પક્ષનો અધ્યક્ષ અને વિરોધપક્ષનો ઉપાધ્યક્ષ હોય છે.

- **સ્પીકરનું કાર્ય તથા અધિકાર :**
  - (1) સંસદમાં ગૃહની અંદર વ્યવસ્થા જાળવે છે અને લોકસભાનાં નિયમો અને ગૌરવનું રક્ષણ કરે છે.
  - (2) જ્યારે લોકસભા અને રાજ્યસભા બંને ગૃહોની સંયુક્ત બેઠક હોય ત્યારે બેઠકનું સંચાલન કરે છે.
  - (3) ગૃહના સભ્યોને બોલવાનો સમય આપે છે. બધા સભ્યો તેમને ઉદ્દેશીને વકતવ્ય આપે છે.
  - (4) સ્પીકર ખરડાઓ અને બીજા વિષય પર મતદાન કરતા નથી. જો સરખા મત પડે તો નિર્ણાયક મત આપવાનો અધિકાર ધરાવે છે.
  - (5) કોઈ પણ ખરડો નાણાકીય ખરડો છે કે નહિ તે સ્પીકર નક્કી કરે છે.
  - (6) ગૃહના સભ્યોના અધિકારો અને હિતોના રક્ષક છે.

Knowledge Career Academy

**લોકસભાના અધ્યક્ષ :**

| ક્રમ | નામ | વર્ષ |
|---|---|---|
| 1. | શ્રી ગણેશ વાસુદેવ માવલંકર | 1952 |
| 2. | શ્રી એમ. અનંતશયનમ્ અયંગર | 1956 |
| 3. | શ્રી હુકમસિંહ | 1962 |
| 4. | શ્રી નીલમ સંજીવ રેડ્ડી | 1967 |
| 5. | શ્રી ધિલોન | 1969 |
| 6. | શ્રી બલીરામ ભગત | 1976 |
| 7. | શ્રી નીલમ સંજીવ રેડ્ડી | 1977 |
| 8. | શ્રી કે. એસ. હેગડે | 1977 |
| 9. | શ્રી બલરામ જાખડ | 1980 |
| 10. | શ્રી રવિ રે | 1990 |
| 11. | શ્રી શિવરાજ પાટીલ | 1991-96 |
| 12. | શ્રી પી. એ. સંગ્મા | 1996-98 |
| 13. | શ્રી જી.એમ.સી. બાલયોગી | 1998 થી 2002 |
| 14. | શ્રી મનોહર જોશી | 2002-04 |
| 15. | શ્રી સોમનાથ ચેટર્જી | 2004-2009 |
| 16. | સુશ્રી મીરાંકુમાર | 30-5-2009 થી 4-6-2014 |
| 17. | શ્રીમતી સુમિત્રા મહાજન | 06-06-2014 થી આજ સુધી |

## ખરડા વિશે માહિતી

➢ **ખરડાના બે પ્રકાર :** (1) સામાન્ય ખરડો (2) નાણાકીય ખરડો

➢ **સામાન્ય ખરડાના બે પ્રકાર :** (1) સરકારી ખરડો (2) બિનસરકારી ખરડો

પ્રધાન તરફથી રજૂ થતા ખરડાને **સરકારી ખરડો** કહેવામાં આવે છે, જ્યારે સંસદના કોઈ સભ્ય દ્વારા રજૂ થતા ખરડાને **બિન સરકારી ખરડો** કહેવામાં આવે છે.

સામાન્ય ખરડો કોઈ પણ ગૃહમાં રજૂ કરી શકાય છે. નાણાકીય ખરડો રજૂ કરવાનો અધિકાર કેવળ મંત્રીને જ છે અને તે સૌ પ્રથમ લોકસભામાં રજુ થાય છે. કોઈ પણ ખરડો નાણાકીય છે કે કેમ તે નિર્ણય કરવાની સત્તા માત્ર લોકસભાના સ્પીકરને જ છે. ખરડો રજૂ કરતાં પહેલાં લોકસભાના સ્પીકરની અને રાજ્યસભાના ચૅરમૅનની મંજૂરી જરૂરી છે.

➢ **સામાન્ય ખરડાઓ - અનુચ્છેદ 107 :** આ અનુચ્છેદથી નાણાં ખરડાઓ સિવાયના ખરડાઓ સંસદના કોઈ પણ ગૃહમાં રજૂ કરી શકાય છે. કોઈ પણ ખરડો પસાર કરવા માટે સંસદના બંને ગૃહોની સંમતિ હોવી જોઈએ, તો જ તે ખરડો પસાર થયેલો ગણાય છે. એક ગૃહે કોઈ ખરડો પસાર કરીને બીજા ગૃહને મોકલી આપ્યા બાદ બીજું ગૃહ તે ખરડો નામંજૂર કરે અથવા તે ખરડામાં કરવાના સુધારાઓ વિશે આખરે બંને ગૃહો અસંમત થાય અથવા તે ખરડો બીજા ગૃહને મળ્યાની તારીખથી છ માસ કરતાં વધુ સમય સુધી તે ગૃહમાં પસાર થયા વિના પડ્યો રહે તો રાષ્ટ્રપતિ બંને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવી શકે છે. સંયુક્ત બેઠકની જોગવાઈ નાણાં ખરડાને લાગુ પડતી નથી.

➢ **નાણાં ખરડાઓ (અનુચ્છેદ 109) :**

- નાણાં ખરડો સૌ પ્રથમ રાજ્યસભામાં રજૂ કરી શકાય નહીં.
- લોકસભાએ નાણાં ખરડો પસાર કર્યા બાદ રાજ્યસભાને ભલામણો માટે તે મોકલવામાં આવશે અને રાજ્યસભા તે મળ્યાની તારીખથી ચૌદ દિવસના સમયમાં પોતાની ભલામણો સાથે લોકસભાને પરત કરશે અને તેમ થયે લોકસભા રાજ્યસભાની તમામ અથવા તેમાંની તમામ અથવા તેમાંની કોઈ ભલામણનો સ્વીકાર અથવા અસ્વીકાર કરી શકશે.
- જો લોકસભા રાજ્યસભાની કોઈ ભલામણનો સ્વીકાર કરે, તો રાજ્યસભાએ ભલામણ કરેલ અને લોકસભાએ સ્વીકારેલ સુધારા સાથે તે નાણાં ખરડો બંને ગૃહોએ પસાર કરેલ હોવાનું ગણવામાં આવશે.
- જો લોકસભા રાજ્યસભાની કોઈ ભલામણનો સ્વીકાર ન કરે, તો તે નાણાં ખરડો રાજ્યસભાએ ભલામણ કરેલ સુધારા વિના લોકસભાએ પસાર કરેલ હોય તે સ્વરૂપમાં જ બંને ગૃહોએ પસાર કરેલ હોવાનું ગણવામાં આવશે.
- લોકસભાએ પસાર કરેલ અને રાજ્યસભાએ તેની ભલામણ માટે મોકલાયેલ નાણાં ખરડો જો ચૌદ દિવસના સમયમાં લોકસભાને પરત ન મોકલવામાં આવે તો તે સમય વીત્યેથી લોકસભાએ તે પસાર કરેલ હોય તે જ સ્વરૂપમાં બંને ગૃહોએ પસાર કરેલ હોવાનું ગણવામાં આવશે.

➢ **ખરડાઓને અનુમતિ (અનુચ્છેદ 111) :**

જ્યારે સંસદનાં બંને ગૃહોએ ખરડો પસાર કરેલ હોય, ત્યારે તે રાષ્ટ્રપતિ સમક્ષ રજૂ કરવામાં આવશે. જ્યાં સુધી રાષ્ટ્રપતિ

Knowledge Career Academy

ખરડાને અનુમતિ (મંજૂરી) આપે નહીં, ત્યાં સુધી ખરડો કાયદો બનતો નથી. બંને ગૃહોએ ખરડો પસાર કર્યા બાદ રાષ્ટ્રપતિને તેમની અનુમતિ માટે મોકલવામાં આવે છે. રાષ્ટ્રપતિ ખરડાને અનુમતિ આપશે અથવા પોતાની અનુમતિ રોકી રાખી શકશે. નાણાં ખરડા સિવાયનો કોઈ પણ ખરડો રાષ્ટ્રપતિ ગૃહને જરૂરી સુધારાઓ કરવા માટે એક વાર પરત મોકલી શકે છે. કયા સુધારાઓ તેમાં કરવા ઇચ્છનીય છે, તેનો સંદેશો પણ સાથે મોકલી શકે છે. રાષ્ટ્રપતિ તરફથી જ્યારે ખરડો પરત કરવામાં આવે ત્યારે ગૃહોએ તેની વિચારણા કરવી જ જોઈએ. ત્યાર બાદ ગૃહો તરફથી કોઈ સુધારા સાથે કે વિના પસાર કરે અને રાષ્ટ્રપતિ સમક્ષ તે જ્યારે રજૂ કરવામાં આવે ત્યારે રાષ્ટ્રપતિએ પોતાની અનુમતિ આપવી જ રહી. આ સમયે રાષ્ટ્રપતિ માટે અનુમતિ આપવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. રાષ્ટ્રપતિ નાણાં ખરડો અને બંધારણીય સુધારા ખરડો પુનઃવિચારણા માટે પરત મોકલી શકતા નથી.

## લોકસભાની ખાસ સમિતિઓ

**1. જાહેર હિસાબ સમિતિ (PAC) :**

આ સમિતિમાં 22 સભ્યો હોય છે. લોકસભામાંથી 15 અને રાજ્યસભામાંથી 7 સભ્યો લેવામાં આવે છે. સમિતિના સભ્યોની નિમણૂક સ્પીકર કરે છે. ચૅરમેન વિરોધ પક્ષના નેતા દ્વારા નીમવામાં આવે. જાહેર નાણાંના હિસાબોની તપાસ કરે છે. જાહેર નાણાં યોગ્ય રીતે વપરાયા છે કે નહિ તેની દેખરેખ-અંકુશ રાખે છે. કૉમ્પ્ટ્રોલર જનરલ ઑફ ઈન્ડિયાનો અહેવાલ તપાસે છે.

**2. અંદાજ સમિતિ :**

અંદાજ સમિતિમાં 30 સભ્યો હોય છે. સ્પીકર તેના ચૅરમૅનપદે હોય છે. નાણાકીય વર્ષ માટે જે અંદાજપત્ર બનાવવામાં આવે છે, તેની ચકાસણી કરે છે.

**3. જાહેર સાહસ સમિતિ :**

જાહેર સાહસની સમિતિમાં 15 સભ્યો હોય છે. જેમાં લોકસભાના 10 અને રાજ્યસભાના 5 સભ્યો હોય છે. સમિતિના ચૅરમૅનની નિમણૂક સ્પીકર કરે છે. જાહેર સાહસના હિસાબોની તપાસ કરે છે અને તેનો અહેવાલ ગૃહ સમક્ષ રજૂ કરે છે.

**4. સંયુક્ત સંસદીય સમિતિ (JPC) :**

ખાસ તપાસ માટે રચવામાં આવે. પક્ષ મુજબ પ્રતિનિધિત્વ અપાય. 22 કે 30 સભ્યો હોઈ શકે. કોઈ પણ વ્યક્તિને તપાસ માટે બોલાવી શકે. અત્યાર સુધીમાં પાંચ સંસદીય સમિતિઓ રચવામાં આવી છે. છેલ્લે 2011માં 2G સ્પેક્ટ્રમ કેસમાં JPC રચી છે તેના ચૅરમૅન શ્રી પી. સી. ચાકો હતા. આ ઉપરાંત કામકાજ સલાહકાર સમિતિ, હાજરી સમિતિ, અરજી સમિતિ, વિશેષાધિકારભંગ સમિતિ, SC/ST કલ્યાણ સમિતિ, સ્થાયી સમિતિ, સંસદીય સ્થાયી સમિતિ, વિભાગીય સ્થાયી સમિતિ, સંસદીય પરામર્શ સમિતિ જેવી વિવિધ સમિતિઓ હોય છે.

## કેન્દ્રશાસિત પ્રદેશોનો વહીવટ

કેન્દ્રશાસિત પ્રદેશોના વહીવટ અંગેની જવાબદારી રાષ્ટ્રપતિની છે. એ માટે રાષ્ટ્રપતિ વહીવટદારની નિમણૂક કરે છે. ચંડીગઢ, લક્ષદ્વીપ, દાદરા-નગર હવેલી, દમણ અને દીવ કેન્દ્રશાસિત પ્રદેશોના વહીવટદાર કહેવાય છે. જ્યારે દિલ્હી અને પોંડીચેરીમાં વિધાનસભા તથા મંત્રીમંડળ છે. ત્યાં ઉપરાજ્યપાલ એટલે કે લેફ. ગવર્નર હોય. આ ઉપરાંત આંદામાન-નિકોબારમાં લેફ. ગવર્નર હોય.

વિધાનસભા હોય તે કેન્દ્રશાસિત પ્રદેશનો વહીવટ ઉપરાજ્યપાલ અને મંત્રીમંડળ દ્વારા થાય મંત્રીમંડળની સંખ્યા કુલ સંખ્યાના વધુમાં વધુ 10 ટકા હોય. તે વિધાનસભામાં અંદાજપત્ર પસાર કરે અને કાયદા ઘડી શકે, પરંતુ ખરડાને રાષ્ટ્રપતિની મંજુરી જરૂરી છે. ગૃહબાબતો, કાયદો અને વ્યવસ્થા તથા પોલીસ બાબતો કેન્દ્ર હસ્તક હોય છે. જ્યાં વિધાનસભા નથી. તેને લગતા કાયદા સંસદ ઘડે, અંદાજપત્ર લોકસભા મંજુર કરે.

## રાજ્યોનું શાસનતંત્ર

ભારત સંઘનાં રાજ્યોનું શાસનતંત્ર કેન્દ્રના શાસનતંત્રને મળતું આવે છે. રાજ્યના બંધારણીય વડા રાજ્યપાલ હોય છે. તેમનાં કાર્યોમાં મદદ કરવા માટે મુખ્યમંત્રી અને તેમનું પ્રધાનમંડળ હોય છે.

## રાજ્યપાલ (ગવર્નર)

- **નિમણૂક :** રાષ્ટ્રપતિ દ્વારા
- **મુદત :** પાંચ વર્ષ, છતાં રાષ્ટ્રપતિ તેમાં વધારો-ઘટાડો કરી શકે અને બીજા રાજ્યમાં બદલી પણ કરી શકે.
- **લાયકાત :**

(1) ભારતના નાગરિક હોવા જોઈએ.

(2) ઓછામાં ઓછી 35 વર્ષની ઉંમર હોવી જોઈએ.

(3) સરકારી કર્મચારી ન હોવા જોઈએ.

(4) વિધાનસભાના સભ્ય સમકક્ષ લાયકાત હોય.

Knowledge Career Academy

➢ **રાજ્યપાલની સત્તાઓ :**

(1) રાજ્યનો બધો વહીવટ તેમના નામે ચાલે છે.

(2) રાજ્યની ધારાસભાએ પસાર કરેલો ખરડો તેમની સહી વિના કાયદો ન બને.

(3) વિધાનસભાની બેઠક બોલાવવી, મુલતવી રાખવી કે બરખાસ્ત કરવી, તે મંત્રીમંડળની સલાહથી નક્કી કરે છે.

(4) મુખ્યમંત્રી તેમ જ રાજ્ય મંત્રીમંડળની નિમણૂક કરે છે. શપથ લેવડાવે તથા ખાતાંઓ વહેંચે.

(5) રાજ્યના મહત્ત્વના પદાધિકારીઓ જેવા કે એડવોકેટ જનરલ, રાજ્ય જાહેર સેવા આયોગના ચૅરમેન અને તેના સભ્યો, યુનિવર્સિટીના કુલપતિ, રાજ્ય નાણાં પંચ, રાજ્ય ચૂંટણીપંચના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક કરે છે.

(6) વિધાનપરિષદમાં કુલ સભ્યનાં 1/6 સભ્યોની નિમણૂક કરવાની સત્તા ધરાવે છે.

(7) રાષ્ટ્રપતિ શાસન રાજ્યમાં લદાયેલું હોય ત્યારે રાજ્યપાલ રાષ્ટ્રપતિના પ્રતિનિધિ તરીકે રાજ્યનો વહીવટ સંભાળે છે.

## મંત્રીમંડળ

રાજ્યપાલ સામાન્ય રીતે વિધાનસભામાં ચૂંટાયેલા સૌથી મોટા પક્ષના વડાને મુખ્યમંત્રી તરીકે નીમે છે. મુખ્યમંત્રી વિધાનમંડળના સભ્ય હોવા જોઈએ. જો ન હોય તો તેમને 6 માસમાં ચૂંટાવું પડે છે. રાજ્યપાલ તેમની સલાહથી અન્ય મંત્રીઓની નિમણૂક કરે છે. મુખ્યમંત્રીની સલાહમુજબ પ્રધાનોને ખાતાઓની ફાળવણી કરે છે અને મંત્રીમંડળની કામગીરી પર દેખરેખ રાખે છે. મંત્રીમંડળનાં કાર્યોનું સંકલન કરે છે. મંત્રીઓને માર્ગદર્શન આપે છે. વિધાનસભાએ ઘડેલા કાયદાઓનો મંત્રીમંડળ અને વહીવટીતંત્ર દ્વારા અમલ કરાવે છે. મંત્રીમંડળ રાજ્યની નીતિ ઘડે છે. ધારાસભામાં ખરડા રજૂ કરે છે અને પસાર કરાવે છે. સમગ્ર રાજ્યનો વહીવટ ચલાવે છે. રાજ્યની આર્થિક નીતિ ઘડે છે. મંત્રીઓની સંખ્યા વિધાનસભાના વધુમાં વધુ 15% અને ઓછામાં ઓછા 12 હોય. મંત્રીઓ ચાર પ્રકારના હોય છે. કેબિનેટ મંત્રી, રાજ્યકક્ષાના મંત્રી (સ્વતંત્ર કક્ષાના), રાજ્યકક્ષાના મંત્રી અને નાયબકક્ષાના મંત્રી. સંસદીય સચિવ મંત્રીમંડળના ભાગરૂપે ગણાતા નથી.

## ધારાસભા

કેટલાક રાજ્યોમાં ધારાસભાનું એક ગૃહ વિધાનસભા હોય છે. બીજું ગૃહ વિધાનપરિષદ કહેવાય છે. ધારાસભાનું નીચલું ગૃહ વિધાનસભા કહેવાય છે, જ્યારે ઉપલું ગૃહ વિધાનપરિષદ કહેવાય છે. બિહાર, મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તેલંગાણા, ઉત્તર પ્રદેશ અને જમ્મુ-કાશ્મીરમાં વિધાનપરિષદ છે.

➢ **વિધાનસભા**

- **સભ્યસંખ્યા :** ઓછામાં ઓછી 60, વધુમાં વધુ 500. વિશિષ્ટ જોગવાઈ અનુસાર ગોવામાં 40, મિઝોરમમાં 40 અને સિક્કિમમાં 32 અને પુડુચ્ચેરી 30 છે.
- **લાયકાત :**
  (1) ભારતના નાગરિક હોવા જોઈએ.
  (2) ઉંમર 25 વર્ષની હોવી જોઈએ.
  (3) સરકારી કર્મચારી ન હોવા જોઈએ.
  (4) અસ્થિર મગજનો કે ગુનેગાર ન હોવા જોઈએ.
- **ચૂંટણી :** પુખ્તવય મતાધિકારના ધોરણે
- **મુદત :** પાંચ વર્ષ

➢ **વિધાનપરિષદ**

- **સભ્યસંખ્યા :** વિધાનસભાના ત્રીજા ભાગના સભ્યો જેટલી, છતાં 40 થી ઓછી નહીં. અપવાદરૂપે જમ્મુ-કાશ્મીરમાં 36 છે.
- **લાયકાત :**
  (1) ભારતના નાગરિક હોવા જોઈએ.
  (2) ઉંમર 30 વર્ષની હોવી જોઈએ.
  (3) સરકારી કર્મચારી ન હોવા જોઈએ.
  (4) અસ્થિર મગજનો કે ગુનેગાર ન હોવા જોઈએ.
- **મુદત :** કાયમી ગૃહ છે. દર બે વર્ષે 1/3 સભ્યો નિવૃત્ત થાય છે.
- **ચૂંટણી :** વિધાનપરિષદના 1/3 સભ્યો વિધાનસભાના સભ્યો દ્વારા, 1/3 સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ દ્વારા, 1/12 સ્નાતકો દ્વારા, 1/12 અધ્યાપકો દ્વારા અપ્રત્યક્ષ રૂપથી ચૂંટવામાં આવે છે. જ્યારે બાકીના 1/6 સભ્યો રાજ્યપાલ જે વ્યક્તિ સાહિત્ય, વિજ્ઞાન, કલા, સામાજિક ક્ષેત્રમાં નિષ્ણાત હોય તેની નિમણૂક કરે છે.
- **સત્તા :** નાણાકીય ખરડા સિવાય વિધાનસભાના સભ્ય જેટલી જ.

Knowledge Career Academy

## સંઘ અને રાજ્યના અગત્યના પદાધિકારીઓ

**1. એટર્ની જનરલ :**

બંધારણની કલમ 76 પ્રમાણે જે વ્યક્તિ સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ થવા માટેની લાયકાત ધરાવતી હોય તેવી વ્યક્તિને રાષ્ટ્રપતિ એટર્ની જનરલ તરીકેની નિમણૂક આપે છે. તેઓનું મુખ્ય કાર્ય ભારત સરકારને કાયદાકીય બાબતોમાં સલાહ આપવાનું છે. એટર્ની જનરલને સંસદના બંને ગૃહોમાં બોલવાનો તથા તેની કાર્યવાહીમાં ભાગ લેવાનો અધિકાર છે, પરંતુ મત આપવાનો અધિકાર નથી. દેશની કોઈ પણ અદાલતમાં સરકાર વતી રજૂઆત કરે. પગાર રાષ્ટ્રપતી નક્કી કરે.

**2. કૉમ્પટ્રોલર ઍન્ડ ઑડિટર જનરલ :**

આ પદાધિકારીનું મુખ્ય કાર્ય સંઘ અને રાજ્ય સરકારોના નાણાકીય ખર્ચ પર દેખરેખ રાખવાનું છે. તેઓ તેમનો વાર્ષિક અહેવાલ રાષ્ટ્રપતિને તેમ જ રાજ્યપાલને આપે છે. મુદત 6 વર્ષ મહાભિયોગ જેવી પ્રક્રિયાથી દૂર કરી શકાય. નિવૃત્તિ 65 વર્ષ. સંસદ અને વિધાનસભા દ્વારા મંજુર કરાયેલા નાણાકીય ખરડાના આધારે ખર્ચના હિસાબોની ચકાસણી કરે છે. અનુ. 148 થી 151 માં તેની જોગવાઈ છે.

**3. ઍડ્વોકેટ જનરલ :**

અનુચ્છેદ 165 હઠેળ ઍડ્વોકેટ જનરલની નિમણૂક રાજ્યપાલ કરે છે. આ પદ માટે હાઈકોર્ટના ન્યાયાધીશ માટેની લાયકાત હોવી જરૂરી છે. તેમનું મુખ્ય કાર્ય રાજ્ય સરકારને કાયદાકીય બાબતોમાં સલાહ આપવાનું છે. આ માટે મંત્રી મંડળની બેઠક કે કોઈ સમિતિ કે વિધાનસભામાં હાજર રહી શકે, ચર્ચામાં ભાગ લઈ શકે, પરંતુ મત ન આપી શકે. દેશની કોઈપણ અદાલતમાં સરકાર વતી હાજર રહે અને બચાવ કરે.

## ન્યાયતંત્ર

➢ **સર્વોચ્ચ અદાલત**

ભારતના બંધારણે સમગ્ર દેશ માટે ન્યાયતંત્રની એકસૂત્રી પદ્ધતિ રાખી છે. એ મુજબ સૌથી સર્વોચ્ચ સ્થાન સર્વોચ્ચ અદાલત એટલે કે સુપ્રીમ કોર્ટનું છે. તે પછી રાજ્યની વડી અદાલત, જિલ્લા અદાલત અને તાલુકા અદાલત કાર્ય કરે છે. રાષ્ટ્રપતિ મુખ્ય ન્યાયાધીશ અને અન્ય ન્યાયાધીશોની નિમણૂક કરે છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની નિવૃત્તિ વય મર્યાદા 65 વર્ષની છે. સર્વોચ્ચ અદાલત દિલ્હીમાં આવેલી છે. સંસદની અંદર કુલ સંખ્યાની સાદી બહુમતિ અને હાજર તથા મત આપનારની 2/3 બહુમતીથી હોદ્દા પરથી દૂર કરી શકે છે.

- **ન્યાયાધીશોની સંખ્યા :** એક મુખ્ય ન્યાયાધીશ અને 30 અન્ય ન્યાયાધીશો.
- **કોલેજીયમ :** મુખ્ય ન્યાયાધીશની નિમણૂક વરિષ્ઠતાના આધારે થાય છે અને ન્યાયાધીશોની નિમણૂક કોલેજીયમ કરે છે. તેમાં સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ અને બે વરિષ્ઠ ન્યાયાધીશ હોય છે. તેની ભલામણ અનુસાર રાષ્ટ્રપતિ નિમણૂક કરે છે. રાષ્ટ્રપતિ તેને એક વાર પુનઃવિચારણા માટે મોકલી શકે છે.
- **લાયકાત :**
  (1) સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટે ભારતના નાગરિક હોવા જોઈએ.
  (2) રાષ્ટ્રપતિની દૃષ્ટિએ નિષ્ણાત કાયદાવિદ અથવા વડી અદાલતમાં 5 વર્ષનો ન્યાયાધીશનો અનુભવ અથવા 10 વર્ષનો એડવોકેટ તરીકેનો અનુભવ હોવો જોઈએ.
- **સર્વોચ્ચ અદાલતનાં કાર્યો :**
  (1) કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર વચ્ચેના વિવાદો સાંભળે છે અને પતાવટ કરે છે.
  (2) રાજ્યો-રાજ્યો વચ્ચેના ઝઘડાની પતાવટ કરે છે.
  (3) રાષ્ટ્રપતિને જરૂર પડ્યે કાયદાકીય સલાહ આપે છે. આ માટે પાંચ કે તેથી વધુ ન્યાયમૂર્તિઓની બેન્ચ હોય. (અનુ. 143)
  (4) ભારતીય બંધારણના રક્ષક કસ્ટોડીયન છે, એટલે બંધારણના અર્થઘટન અંગેના કેસ સાંભળે છે. જો કે પાંચ કે તેથી વધુ સભ્યોની બેન્ચ જરૂરી છે.
  (5) બંધારણ દ્વારા અપાયેલા મૂળભૂત અધિકારોના ભંગ સામે હુકમ આપે છે. (અનુ. 32)
  (6) રાજ્યોની વડી અદાલતોએ આપેલા ચુકાદાની અપીલ સાંભળે છે અને ન્યાય આપે છે.
  (7) રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીના વિવાદ સાંભળે.
  (8) અદાલતના અનાદરના કેસમાં સજા કે દંડ કરી શકે.
  (9) કોર્ટ ઑફ રેકોર્ડ ગણાય એટલે તેના ચુકાદા અન્ય અદાલતમાં ન્યાય સહાયક બને.

Knowledge Career Academy

સંસદ દ્વારા રચાયેલાં પંચ - નાણાં પંચ, સીમાંકન પંચ, જળવિવાદ પંચ કે આંતરરાજ્ય પરિષદમાં તેનું કાર્યક્ષેત્ર બનતું નથી.

- **સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશો :**

| ક્રમ | નામ | વર્ષ |
|---|---|---|
| 1. | હરિલાલ કણિયા | 1950-'51 |
| 2. | એમ. પતંજલિ શાસ્ત્રી | 1951-'54 |
| 3. | મહેરચંદ મહાજન | 1954 |
| 4. | બી.કે. મુખર્જી | 1954-'56 |
| 5. | એસ.આર. દાસ | 1956-'59 |
| 6. | ભુવનેશ્વરપ્રસાદ સિંહા | 1959-'64 |
| 7. | પી.બી. ગજેન્દ્રગડકર | 1964-'66 |
| 8. | એ.કે. સરકાર | માર્ચ-જૂન 1966 |
| 9. | કે.સુબ્બારાવ | 1966-'67 |
| 10. | કે.એન. વાંચ્છુ | 1967-'68 |
| 11. | એમ.હિદાયતુલ્લા | 1968-'70 |
| 12. | જે.સી. શાહ | 1970-'71 |
| 13. | એસ.એમ. સિક્રી | 1971-'73 |
| 14. | એ.એન. રે | 1973-'77 |
| 15. | એમ.એચ. બેગ | 1977-'78 |
| 16. | વાય.બી. ચંદ્રચૂડ | 1978-'85 |
| 17. | પી.એન. ભગવતી | 1985-'86 |
| 18 | આર.એસ. પાઠક | 1986-'89 |
| 19. | ઇ. એસ. વેંકટરમૈયા | 19-6-89 થી 17-12-89 |
| 20. | એસ.મુખરજી | 1989-90 |
| 21. | રંગનાથ મિશ્રા | 1989-91 |
| 22. | કે.એન. સિંઘ | નવે. 91 - ડિસે. 91 |
| 23. | એમ.એચ.કણિયા | ડિસે. 91 - નવે. 92 |
| 24. | એલ.એમ. શર્મા | નવે. 92 - ફેબ્રુ. 93 |
| 25. | એમ.એન.વેંકટચેલૈયા | ફેબ્રુ. 93 - ઓક્ટો.94 |
| 26. | એ.એમ. એહમદી | 1994 થી 1997 |
| 27. | જગદીશશરણ વર્મા | 1997 થી 1998 |
| 28. | મદનમોહન પંછી | જાન્યુ.98 થી ઓક્ટો.98 |
| 29. | આદર્શસેન આનંદ | 1998 થી 2001 |
| 30. | એસ.પી.ભરૂચા | નવે. 2001થી મે 2002 |
| 31. | બી.એન. કિરપાલ | મે 2002થી 7 નવે. 2002 |
| 32. | જે.બી. પટનાયક | 9 નવે. 2002 થી 7 ડિસે. 2002 |
| 33. | શ્રી વિશ્વેશ્વરનાથ ખરે | 2002 થી 2004 |
| 34. | રાજેન્દ્ર બાબુ | 1-5-2004 થી 30-5-2004 |
| 35. | આર.સી.લાહોટી | 1-6-2004 થી 31-10-2005 |
| 36. | વાય.બી.સભરવાલ | 1-11-2005 થી 13-1-2007 |
| 37. | કે.જી. બાલકૃષ્ણન | 14-1-2007 થી 11-5-210 |
| 38. | એસ.એચ.કાપડિયા | 12-5-10 થી 28-09-12 |
| 39. | અલ્તમસ કબીર | 29-9-12 થી 18-07-13 |
| 40. | પી. સદાશિવમ્ | 19-7-2013 થી 26-4-14 |
| 41. | આર. એમ. લોધા | 27-4-14 થી 27-9-17 |
| 42. | એચ. એલ. દત્તુ | 28-9-2014 થી 2-12-15 |
| 43. | ટી. એસ. ઠાકુર | 3-12-2015 થી 3-1-17 |
| 44. | જે. એસ. ખેહર | 4-1-17 થી |

## વડી અદાલત (હાઈકોર્ટ)

બંધારણની જોગવાઈ પ્રમાણે પ્રત્યેક રાજ્યમાં એક હાઈકોર્ટ સ્થાપવાની જોગવાઈ છે. સંસદ બે કે તેથી વધુ રાજ્યો વચ્ચે કાયદો કરીને એક હાઈકોર્ટ રચી શકે છે. હાઈકોર્ટની અંદર એક મુખ્ય ન્યાયમૂર્તિ અને બીજા ન્યાયાધીશો હોય છે. ન્યાયાધીશોની સંખ્યા વિશે બંધારણમાં કોઈ ઉલ્લેખ નથી, પરંતુ રાષ્ટ્રપતિ સમયાંતરે તે સંખ્યા નક્કી કરે છે. રાજ્યની વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ અને અન્ય ન્યાયાધીશોની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે. આ નિમણૂક તેઓ સુપ્રીમ કોર્ટના કોલેજીયમ અને રાજ્યના ગવર્નરની ભલામણના આધારે કરી શકે છે.

➢ **મુખ્ય ન્યાયાધીશ અને અન્ય ન્યાયાધીશ થવા માટેની લાયકાત :**

(1) ભારતના નાગરિક હોવા જોઈએ.

(2) હાઈકોર્ટની અંદર 10 વર્ષનો વકીલાતનો અનુભવ કે ભારતમાં 10 વર્ષ સુધી ન્યાયવિષયક કોઈ હોદ્દા પર સેવા બજાવી હોય અથવા પાંચ વર્ષનો સેશન્સ જજ તરીકે અનુભવ.

- **નિવૃત્તિ વયમર્યાદા :** 62 વર્ષ સુધી. (વય મર્યાદા 65 કરવા બંધારણીય સુધારા બિલ 114 રજૂ થયું છે)
- **કાર્યો :**

(1) રાજ્યોની નીચલી અદાલતો અને ટ્રીબ્યુનલે આપેલા ચુકાદાની અપીલ સાંભળવી અને ન્યાય આપવો.

(2) એવા ફોજદારી કેસો જેનો નિર્ણય સેશન્સ કોર્ટમાં થયો ન હોય,તેવા કેસો ચલાવવાનો અધિકાર છે.

(3) અનુ. 226 હેઠળ પાંચ પ્રકારની રીટ-મેન્ડેમસ, હેબિયસ કોર્પ્સ, કવો-વૉરન્ટો, પ્રોહિબિશન અને સર્શિઓરરી દ્વારા આદેશ કરી શકે.

Knowledge Career Academy

(4) અદાલતના અપમાન અંગેના કેસ સાંભળે અને સજા-દંડ કરી શકે.

(5) વડી અદાલત રાજ્યની અદાલતોને લગતી વહીવટી બાબતો સંભાળે. ન્યાયાધીશોની નિમણૂક, વિજિલન્સ, બઢતી, બદલી માટે રાજ્યપાલને ભલામણ કરે.

**વડી અદાલતો**

| ક્રમ | નામ | સ્થળ | સ્થાપના | સત્તાપ્રદેશ |
|---|---|---|---|---|
| 1 | અલાહાબાદ | અલાહાબાદ | 1866 | ઉત્તરપ્રદેશ |
| 2 | આંધ્રપ્રદેશ | હૈદરાબાદ | 1954 | આંધ્રપ્રદેશ |
| 3 | ઓરિસ્સા | કટક | 1948 | ઓરિસ્સા |
| 4 | કર્ણાટક | બૅંગલોર | 1884 | કર્ણાટક |
| 5 | કલકત્તા | કલકત્તા | 1861 | બંગાળ, આંદામાન-નિકોબાર |
| 6 | કેરળ | અર્નાકુલમ | 1956 | કેરળ, લક્ષદ્વીપ |
| 7 | ગુજરાત | અમદાવાદ | 1960 | ગુજરાત |
| 8 | ગૌહાટી | ગૌહાટી | 1972 | પૂર્વભારત |
| 9 | જમ્મુ-કાશ્મીર | શ્રીનગર અને જમ્મુ | 1928 | જમ્મુ-કાશ્મીર |
| 10 | દિલ્હી | દિલ્હી | 1966 | દિલ્હી |
| 11 | પંજાબ-હરિયાણા | ચંદીગઢ | 1966 | પંજાબ, હરિયાણા, ચંદીગઢ |
| 12 | પટણા | પટણા | 1947 | બિહાર |
| 13 | મધ્યપ્રદેશ | જબલપુર | 1956 | મધ્યપ્રદેશ |
| 14 | ચેન્નઈ | ચેન્નઈ | 1861 | તમિલનાડુ, પોંડીચેરી |
| 15 | મુંબઈ | મુંબઈ | 1861 | મહારાષ્ટ્ર, ગોવા |
| 16 | રાજસ્થાન | જોધપુર | 1949 | રાજસ્થાન |
| 17 | હિમાચલ પ્રદેશ | સિમલા | 1971 | હિમાચલ પ્રદેશ |
| 18 | સિક્કીમ | ગંગટોક | 1975 | સિક્કીમ |
| 19 | છત્તીસગઢ | બિલાસપુર | 2000 | છત્તીસગઢ |
| 20 | ઝારખંડ | રાંચી | 2000 | ઝારખંડ |
| 21 | ઉત્તરાંચલ | નૈનીતાલ | 2000 | ઉત્તરાંચલ |
| 22 | મણિપુર | ઈમ્ફાલ | 2013 | મણિપુર |
| 23 | મેઘાલય | શિલાંગ | 2013 | શિલાંગ |
| 24 | ત્રિપુરા | અગરતલા | 2013 | અગરતલા |

➢ **તાબાની અદાલતો** (Subordinate Courts)

ભારતના ન્યાયતંત્રમાં સર્વોચ્ચ અદાલતનું સ્થાન સૌથી ઊંચું છે. એ પછી અનુક્રમે રાજ્યોની વડી અદાલતો, જિલ્લાની અદાલતો, તાલુકાની અદાલતો અને ન્યાય પંચાયતોનું સ્થાન છે. આથી એમ કહી શકાય કે આપણા દેશમાં સળંગ ન્યાયતંત્ર છે. રાજ્યની વડી અદાલતની હકૂમતમાં રહેલી અને તેના અંકુશ નીચે કામ કરતી અદાલતો 'તાબાની અદાલતો' કહેવાય છે. તાબાની અદાલતોમાં રાજ્યની તમામ જિલ્લા અદાલતો, તાલુકા અદાલતો અને ન્યાય પંચાયતોનો સમાવેશ થાય છે.

➢ **સેશન્સ કોર્ટ (ફોજદારી અદાલત)**

દરેક જિલ્લામાં એક સેશન્સ અદાલત હોય છે. તેમાં એક મુખ્ય ન્યાયાધીશ અને જરૂરિયાત મુજબ અન્ય મદદનીશ ન્યાયાધીશોની નિમણૂક કરવામાં આવે છે. સેશન્સ અદાલત તેના તાબા નીચેના ન્યાયાધીશોએ આપેલા ચુકાદા વિરુદ્ધની અપીલ સાંભળે છે અને ચુકાદો આપે છે. તે તેને સોંપવામાં આવેલા ફોજદારી મુકદ્દમા ચલાવે છે અને કાયદા પ્રમાણે ગુનેગારને સજા કરે છે. જો કોઈ સેશન્સ અદાલત ગુનેગારને મૃત્યુદંડની સજા ફરમાવે તો તેનો અમલ રાજ્યની વડી અદાલતની મંજૂરી પછી જ થઈ શકે છે. સેશન્સ અદાલતની હકૂમત નીચે 'મેજીસ્ટ્રેટની અદાલતો' હોય છે. તેમાં પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટ, દ્વિતીય વર્ગના મેજીસ્ટ્રેટ અને તૃતીય વર્ગના મેજીસ્ટ્રેટની અદાલતોનો સમાવેશ થાય છે. તેઓ તેમની સત્તા અને કાયદા અનુસાર ગુનેગારોને સજા કરે છે. ગુજરાતમાં માત્ર ફર્સ્ટ ક્લાસ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ (JFCM) હોય છે.

- **સિવિલ કોર્ટ (દીવાની અદાલત) :** માલ-મિલકતની વહેંચણી, સ્થાવર અને જંગમ મિલકતના ઝઘડાઓ જેવી બાબતોના ઉકેલ, જમીનના પ્રશ્નો જેવી બાબતો આ અદાલતમાં રજૂ કરવામાં આવે છે.
- **સ્મોલકોઝ કોર્ટ (ગૌણ અદાલત) :** મારામારીને લગતા ફોજદારી અને માલ-મિલકતને લગતા દીવાની કેસો સિવાયના કેસો આ અદાલતમાં ચાલે છે. વેતન, કૌટુંબિક પ્રશ્નો, વળતર, નુકસાનને લગતા કેસ આ અદાલતમાં ચાલે છે.
- **ફાસ્ટ ટ્રેક કોર્ટ :** ઝડપથી ગુનેગારોને સજા મળે અને સમાજમાં ધાક-ધમકી ન ફેલાય તથા સમાજને દાખલો બેસે તે માટે આ પ્રકારની ફાસ્ટ ટ્રેક અદાલતો 2001થી

Knowledge Career Academy

શરૂ કરવામાં આવી. મોટા ભાગે ફોજદારી પ્રકારના કેસ ઝડપથી ચલાવવા આ અદાલતને સોંપવામાં આવે છે. જો કે 2011 થી તે બંધ થતાં ગુજરાતમાં તેને નોમીની કોર્ટ તરીકે ચલાવવામાં આવે છે.

- **એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ :** કાયદો અને વ્યવસ્થા જળવાય તથા સમાજમાં સુલેહ-શાંતિ પ્રવર્તે તે માટે જિલ્લા કલેક્ટરને મેજિસ્ટ્રેટ તરીકે સત્તા મળે છે. જેમાં તાલુકા સ્તરે મામલતદારને અધિકાર આપ્યા છે. જાહેર વ્યવસ્થા કે સુલેહ શાંતિ ભંગ અંગેના કેસ ત્યાં ચાલે છે. અસામાજિક તત્ત્વોને તડીપાર કરવા, પાસા હેઠળ કાર્યવાહી પણ કરી શકે છે. કમિશનરક્ષેત્રમાં આ અધિકાર પોલીસ કમિશનરને હોય છે.
- **કૌટુંબિક અદાલત :** દસ લાખથી વધુ વસતિ ધરાવતા શહેરમાં વિધાનસભા દ્વારા મંજૂરીથી કૌટુંબિક અદાલત રચી શકાય. કૌટુંબિક પ્રશ્નો, લગ્નજીવનની સમસ્યાઓ, છૂટાછેડા કે વળતર કે આજીવિકા ભથ્થું જેવી બાબતો આ અદાલતમાં રજૂ થાય છે. મહિલાઓના પ્રશ્નો માટે નારી અદાલત પણ હોય છે. જે દરેક તાલુકામાં હોય છે.
- **લોક અદાલત :** સ્થાનિક કક્ષાએ લોકોને સરળ રીતે ઝડપી અને સસ્તો ન્યાય મળે એ હેતુથી લોક અદાલતનું આયોજન કરવામાં આવે છે. લોક અદાલતની બેઠક સામાન્ય રીતે રજાના દિવસે ગોઠવવામાં આવે છે. જેથી અદાલતો અને ન્યાયાધીશોની કાર્યવાહીમાં કોઈ ખલેલ ન પડે. લોક અદાલતની કામગીરી સ્વૈચ્છિક હોય છે. બંને પક્ષો સંમત હોય તો તેમને લોક અદાલત સમક્ષ બોલાવીને મોટે ભાગે સમાધાન કરાવવામાં આવે છે. સ્થાનિક કાર્યકરો સમાધાનની ભૂમિકા રચવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. સમાધાનની પ્રક્રિયામાં બંને પક્ષોના હિત અને માન સચવાય છે. આમ, લોક અદાલત નાના ઝઘડાઓનો સ્થળ પર જ તાત્કાલિક ઉકેલ લાવી અદાલતોનો કાર્યભાર ઓછો કરે છે. જો કે સ્થાનિક અદાલતમાંથી કેસ પાછો ખેંચી લેવો પડે.
- **ન્યાયપંચાયત :** પંચાયતીરાજના માળખામાં ગ્રામ પંચાયતના સ્તરે ન્યાય પંચાયત રચવામાં આવે છે. પાંચ ગ્રામ પંચાયતો વચ્ચે એક ન્યાય પંચાયત હોય છે. દરેક ગ્રામ પંચાયત પોતાની ગ્રામ સભાના સભ્યોમાંથી ગમે તે એક સભ્યને પ્રતિનિધિ તરીકે ચૂંટીને ન્યાય પંચાયતના સભ્ય તરીકે મોકલે છે. ગ્રામ પંચાયતના સરપંચ કે ઉપસરપંચ ન્યાય પંચાયતના સભ્ય બની શકતા નથી. ન્યાય પંચાયતના સભ્યો પોતાનામાંથી એકને ન્યાય પંચાયતના સભાપતિ તરીકે પસંદ કરે છે. જે ગામનો કેસ હોય તે ગામમાં ન્યાય પંચાયતની બેઠક મળે છે. ન્યાય પંચાયત, ઝઘડા, કજિયા કે સામાન્ય પ્રકારના નાના ગુનાઓ માટે ગ્રામજનોની ફરિયાદોનો નિકાલ લાવવાનું કામ કરે છે.
- **અન્ય અદાલતો :** ખાસ અદાલત, સ્પે. સી.બી.આઈ. કોર્ટ, ગ્રામ અદાલત, બાળ અદાલત, સાંધ્ય અદાલત, ઈ-કોર્ટ, મોબાઈલ કોર્ટ હોય છે.
- **ટ્રિબ્યુનલ :** અનુ. 323 (ક) અને (ખ) અનુસાર ચોક્કસ પ્રકારના કેસ ચલાવવા ટ્રિબ્યુનલ હોય છે. કર્મચારીઓના પ્રશ્નો, મહેસૂલ, મોટરવાહન, જમીન સંપાદન, સહકારી બાબતો વગેરેની ટ્રિબ્યુનલ હોય છે.

## ચૂંટણી પંચ

બંધારણની કલમ 324 પ્રમાણે ચૂંટણી પંચની સ્થાપના થઈ છે. લોકસભા, રાજ્યસભા, વિધાનસભા, વિધાન પરિષદ તથા રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીઓ નિષ્પક્ષ, તટસ્થ અને ન્યાયી રીતે થાય તે માટે આ પંચની સ્થાપના કરવામાં આવે છે. ચૂંટણી પંચમાં એક મુખ્ય ચૂંટણી કમિશનર હોય છે જ્યારે બીજા બે ચૂંટણી કમિશનર છે. મુખ્ય ચૂંટણી કમિશનરની નિમણુક રાષ્ટ્રપતિ કરે છે. તેમને હોદ્દા પરથી દૂર કરવા મહાભિયોગ જેવી પ્રક્રિયા લાગુ થાય. મુદત 6 વર્ષ હોય છે. નિવૃત્તિ વય મર્યાદા 65 વર્ષ છે. અન્ય કમિશનરોને દૂર કરવા રાષ્ટ્રપતિ મુખ્ય ચૂંટણી કમિશનરની ભલામણના આધારે કામ કરે છે.

➢ **ચૂંટણીપંચનાં કાર્યો :**

- લોકસભા, રાજ્યસભા, વિધાનસભા, વિધાન પરિષદ, રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીઓનું આયોજન, નિરીક્ષણ અને નિયંત્રણ કરે છે અને માર્ગદર્શન આપે છે.
- ચૂંટણી દરમ્યાન કોઈ ઝઘડાનો વિવાદ થયો હોય તો રાજ્ય હાઈકોર્ટની મંજૂરી લઈને ચૂંટણી ટ્રિબ્યુનલની નિમણૂક કરે છે.
- મતવિસ્તારના બેઠકોની વહેંચણી, સંસદ અને વિધાનમંડળના સભ્યની લાયકાતો, મતદાન પદ્ધતિ, રાજકીય પક્ષનાં ચિહ્નો નક્કી કરવાનું કાર્ય પણ તેમનું છે. ચૂંટણીઓ પછી સમયસર પરિણામો જાહેર કરી દેવાનું કાર્ય પણ ચૂંટણીપંચનું છે.

Knowledge Career Academy

- મતદારોની યાદી બનાવવી મતદારયાદીઓ સુધારવી અને સંશોધન કરવું.
- રાજકીય પક્ષને માન્યતા આપવાનું કાર્ય પણ તેઓનું છે.
- ચૂંટણી પ્રક્રિયા લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-1951 હેઠળ સંસદ નક્કી કરે છે.

➢ **મુખ્ય ચૂંટણી કમિશનરો :**

| ક્રમ | નામ | સમયગાળો |
|---|---|---|
| 1 | સુકુમાર સેન | 1950-58 |
| 2 | કે. વી. કે સુંદરમ્ | 1958-67 |
| 3 | એસ. પી. સેન વર્મા | 1967-72 |
| 4 | ડૉ. નગેન્દ્રસિંહ | 1972-73 |
| 5 | ટી. સ્વામીનાથન | 1973-77 |
| 6 | એસ. એલ. શકધર | 1977-82 |
| 7 | આર. કે. ત્રિવેદી | 1982-85 |
| 8 | પેરી શાસ્ત્રી | 1985-90 |
| 9 | ટી. એન. શેષાન | 1990-96 |
| 10 | એમ. એસ.ગીલ | 1996-2001 |
| 11 | જેમ્સ લિંગદોહ | 2001-04 |
| 12 | ટી. એસ. કૃષ્ણમૂર્તિ | 2004-05 |
| 13 | બી. બી. ટંડન | 2005-2006 |
| 14 | એન. ગોપાલસ્વામી | 2006-2009 |
| 15 | નવીન ચાવલા | 2009-2010 |
| 16 | એસ. વાય. કુરેશી | 2010 -2012 |
| 17 | વી. એસ. સંપત | 2012 - 2015 |
| 18 | હરિશંકર બહ્મા | 16-01-15 થી 18-04-15 |
| 19 | એસ. નસીમ ઝૈદી | 19-04-15 થી આજ સુધી |

## નાણાપંચ

બંધારણની કલમ 280 પ્રમાણે નાણાપંચની રચના કરવામાં આવી છે. નાણાપંચની મુદત પાંચ વર્ષની હોય છે. નાણાપંચના અધ્યક્ષ અને તેના સભ્યોની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે. અધ્યક્ષ સામાજિક અને આર્થિક ક્ષેત્રના નિષ્ણાત હોય. નાણાપંચના અન્ય સભ્યોમાં હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ, નાણાકીય અને વહીવટીક્ષેત્રે અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિ, નિષ્ણાત અર્થશાસ્ત્રી, સરકારની હિસાબી બાબતો અને સરકારી ખાતાઓ વિશે વિશિષ્ટ જ્ઞાન ધરાવતા હોય તેવી વ્યક્તિ હોય છે.

- **કાર્ય :** રાજ્ય અને કેન્દ્ર વચ્ચે યોગ્ય રીતે આવકની તેમ જ કરની વહેંચણી કરે છે. કેન્દ્રને રાજ્ય સરકારને આપવાની ગ્રાન્ટ-ઇન-એઇડની ભલામણ કરે છે. 14મા નાણાપંચની ભલામણ મુજબ કેન્દ્રની વેરાની આવકના 42% જે તે રાજ્યને ચૂકવવામાં આવે છે. તેમાં આવકવેરા, ઉત્પાદનવેરા, કસ્ટમ્સ ડ્યુટી, કોર્પોરેટ વેરા અને સર્વિસ ટેક્ષની જે તે રાજ્યમાંથી મળેલી આવકમાંથી નિર્ધારીત ટકાવારી અનુસાર વહેંચણી કરવામાં આવે છે.

| નાણાપંચ | અધ્યક્ષનું નામ | કાર્યકાળ સમય |
|---|---|---|
| પ્રથમ | કે. સી. નિયોગી | 1951-56 |
| બીજું | કે. સન્થાનમ્ | 1956-61 |
| ત્રીજું | એ. કે. ચંદા | 1961-66 |
| ચોથું | ડૉ. પી. વી. રાજામન્નાર | 1966-69 |
| પાંચમું | મહાવીર ત્યાગી | 1969-74 |
| છઠ્ઠું | બ્રહ્માનંદ રેડ્ડી | 1974-79 |
| સાતમું | જે. એમ. શેલત | 1979-84 |
| આઠમું | વાય. બી. ચવાણ | 1984-89 |
| નવમું | એન. કે. પી. સાલ્વે | 1989-92 |
| દસમું | કે. સી. પંત | 1992-1997 |
| અગિયારમું | એ. એમ. ખુશરો | 1997-2002 |
| બારમું | સી. રંગરાજન | 2002-2007 |
| તેરમું | વિજય કેળકર | 2007-2012 |
| ચોદમું | ડૉ. વાય.વી. રેડ્ડી | 2012-2017 |

## બંધારણમાન્ય ભાષાઓ

બંધારણમાન્ય ભાષાઓની યાદી બંધારણના પરિશિષ્ટ આઠમાં આપવામાં આવી છે. અનુ. 343 થી 351 હેઠળ તેની જોગવાઈ છે. 343 અનુસાર રાજભાષા હિન્દી માટે ઉલ્લેખ છે, પરંતુ અંગ્રેજી વહીવટી ભાષા તરીકે ચાલુ રાખવામાં આવી છે. કુલ 22 ભાષાઓ છે, જે આ મુજબ છે :

આસામી, બંગાળી, ગુજરાતી, હિન્દી, કન્નડ, કાશ્મીરી, મલયાલમ, મરાઠી, ઉડિયા, પંજાબી, સંસ્કૃત, તમિલ, ઉર્દૂ, સિંધી, નેપાલી, મણિપુરી, કોંકણી, તેલુગુ, સાંથાલી, બોડો, મૈથીલી, ડોગરી.

## બંધારણમાન્ય રાજભાષા

ઑફિશિયલ લેંગ્વેજ ઍક્ટ 1963 પ્રમાણે 26 જાન્યુઆરી, 1965 થી હિન્દી ભારતની રાષ્ટ્રભાષા બની. જોકે વહીવટી ભાષા તરીકે અંગ્રેજી ચાલુ રાખવામાં આવી. સંસદનો ખરડો, કાયદો, ન્યાયતંત્ર વગેરેમાં અંગ્રેજી ભાષા માન્ય રાખવામાં આવી. વહીવટ અંગ્રેજી-હિન્દી બંનેમાં કરી શકાય.

Knowledge Career Academy

## લોકસેવા આયોગ

કેન્દ્ર અને રાજ્યમાં લોકસેવા આયોગ હોય છે. કેન્દ્રમાં કેન્દ્રીય જાહેર સેવા આયોગ (યુ.પી.એસ.સી.) તરીકે અને રાજ્યમાં જાહેર સેવા આયોગ (પી.એસ.સી) તરીકે પ્રખ્યાત છે. પ્રત્યેક લોકસેવા આયોગમાં એક અધ્યક્ષ અને બીજા સભ્યો હોય છે. જેમની નિમણૂક કેન્દ્રમાં રાષ્ટ્રપતિ અને રાજ્યમાં રાજ્યપાલ કરે છે. પ્રત્યેક સભ્ય 6 વર્ષ સુધી સભ્યપદે રહી શકે છે. સભ્યની નિવૃત્તિ વયમર્યાદા રાજ્યમાં 62 વર્ષ, જ્યારે કેન્દ્રમાં 65 વર્ષ છે. 50% સભ્યો સરકારી સેવામાં 10 વર્ષથી વધુ સેવા બજાવી હોય તે હોય છે.

લોકસેવા આયોગનું મુખ્ય કાર્ય સરકારી સેવાઓમાં નિમણૂક માટે લેવામાં આવતી પરીક્ષાઓનું સંચાલન કરવું અને ઈન્ટરવ્યુ લેવો. કર્મચારીને નિમણૂક, બઢતી, બદલી વગેરેમાં સરકારને ભલામણ કરે છે. સરકારી નોકરીઓ માટે લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષાઓનો અભ્યાસક્રમ તૈયાર કરવો વગેરે કાર્યો લોકસેવા આયોગનાં છે.

## કેન્દ્ર અને રાજ્યો વચ્ચે વિષયોની વહેંચણી

બંધારણના સાતમા પરિશિષ્ટમાં કેન્દ્રના વિષયોની, રાજ્યના વિષયોની અને સંયુક્ત યાદીઓ આપેલી છે. જે વિષય કેન્દ્રમાં આવતો હોય તો તે વિષય અંગેનો કાયદો કેન્દ્ર બનાવે છે. જે વિષય રાજ્યનો હોય તો તે અંગેનો કાયદો રાજ્ય બનાવે છે. જે વિષય સંયુક્ત યાદીનો હોય તો તે વિષય પર કેન્દ્ર અને રાજ્ય બંને સાથે મળીને કાયદો બનાવે છે, પરંતુ સંયુક્તયાદીના વિષયમાં કેન્દ્રનો કાયદો મહત્વ ધરાવે છે. પરિણામે રાજ્ય દ્વારા કેન્દ્રના કાયદાને અનુસરવામાં આવે છે.

**1. કેન્દ્રના વિષયોની યાદી :**

કેન્દ્રમાં કુલ 100 વિષયો છે. જેમાં મુખ્ય આ પ્રમાણે છે : સંરક્ષણ, અણુશસ્ત્રો - શસ્ત્ર, અણુઊર્જા, વિદેશ સંબંધી, યુદ્ધ અને સંધિ, નાગરિકતા, રેલવે, રાષ્ટ્રીય રાજમાર્ગ, નૌસેના, હવાઈસેના. તાર-ટપાલ, ટેલિફોન, વિદેશી મુદ્રા - ચલણી નોટો, વિદેશી દેવું, બૅંકિંગ, વીમો, ઉચ્ચ શિક્ષણ, વસ્તી વિષયક, આવકવેરો, પ્રોપર્ટી ટેક્સ, ચૂંટણી, ઓડિટ, સર્વોચ્ચ ન્યાયાલય તથા ઉચ્ચ ન્યાયાલય અને રાજ્ય અને સંયુક્ત યાદીમાં જેનો સમાવેશ નથી થયો તેવા વિષયો.

**2. રાજ્યના વિષયોની યાદી :**

રાજ્યની યાદીમાં કુલ 61 વિષયો છે. જેમાં મુખ્ય આ પ્રમાણે છે : પાણી પુરવઠો, માછીમારી, ઉદ્યોગો, ખાણ, થિયેટરો અને સિનેમાઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, પોલીસ, જેલ, સ્થાનિક વહીવટ, જાહેર આરોગ્ય અને સ્વાસ્થ્ય, પુસ્તકાલય, રસ્તાઓ, પુલ, કૃષિ, પશુપાલન, જલ સંવર્ધન, રાજ્ય જાહેર સેવાપંચ, જમીન, રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ, પૈસાની ધીરધાર.

**3. સંયુક્ત યાદી :**

સંયુક્ત યાદીમાં 52 વિષયો આવે છે. જેના મહત્ત્વપૂર્ણ વિષયો આ પ્રમાણે છે : ક્રિમિનલ લૉ, વિવાહ-વિચ્છેદ, શિક્ષણ, વન, વસિયત, જન્મ-મૃત્યુ વિવરણ, કારખાનાં, વીજળી, સમાચારપત્ર, સામાજિક સુરક્ષા, પુરાતાત્ત્વિક સ્થળ, સ્ટેમ્પ કર, દીવાની કાર્યવાહીઓ, ખોરાક ભેળસેળ, પ્રાણીઓ અને પક્ષીઓનું રક્ષણ, વસ્તીનિયંત્રણ અને કુટુંબનિયોજન, જંગલો, નાદારી.

## ઝોનલ કાઉન્સિલ : (ક્ષેત્રીય પરિષદો)

- **ઉત્તર ઝોન :** હરિયાણા, હિમાચલ પ્રદેશ, પંજાબ, રાજસ્થાન, જમ્મુ-કાશ્મીર, દિલ્હી અને ચંદીગઢ.
- **મધ્ય ઝોન :** મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, છત્તીસગઢ, બિહાર.
- **પૂર્વ ઝોન :** ઝારખંડ, ઓરિસ્સા, પ. બંગાળ.
- **પશ્ચિમ ઝોન :** ગુજરાત, મહારાષ્ટ્ર, દમણ, દીવ, ગોવા, દાદરા-નગરહવેલી.
- **દક્ષિણ ઝોન :** આંધ્રપ્રદેશ, તેલંગણા, કર્ણાટક, કેરલ, તમિલનાડુ અને પોંડીચેરી. (આંદામાન-નિકોબાર, લક્ષદ્વીપ ખાસ આમંત્રિત)
- **નોર્થ-ઈસ્ટ ઝોન :** આસામ, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, ત્રિપુરા, મેઘાલય, મિઝોરમ, સિક્કિમ.

➢ **ઝોનલ કાઉન્સિલના સભ્યો :**

- રાષ્ટ્રપતિ દ્વારા નિમાયેલા કેન્દ્રીય મંત્રી. (ગૃહમંત્રી જે ઝોનલ કાઉન્સિલના ચૅરમૅન તરીકે કામ કરે)
- જે ઝોનમાં જે રાજ્ય હોય તેના મુખ્યમંત્રી અને બીજા તે રાજ્યના બે મંત્રીઓ.
- જો કેન્દ્રશાસિત પ્રદેશ ઝોનમાં હોય તો તેના સભ્યની નિમણૂક રાષ્ટ્રપતિ કરે છે.
- **કાર્યો :** રાજ્ય-રાજ્ય વચ્ચેના સરહદી પ્રશ્નોનો નિકાલ લાવે છે. રાજ્ય-રાજ્ય વચ્ચેના આંતરિક વેપારની સમજૂતી કરે છે અને રાજ્ય-રાજ્ય વચ્ચે

Knowledge Career Academy

ઊભા થતા મહત્ત્વના પ્રશ્નો વિષે સમજૂતી સાધે છે.

- રાજ્ય પુનર્રચના પંચ કાયદા-1956 હેઠળ પાંચ ઝોન કાઉનસીલ રચાઈ હતી.
- 1971માં ઉત્તર-પૂર્વ ઝોનલ કાઉન્સીલ એકટ પસાર થવાથી તેની રચના થઈ.

## કટોકટી

ભારતના બંધારણમાં 18 વિભાગમાં કલમ 352 થી 360માં કટોકટી વિષે ઉલ્લેખ જોવાં મળે છે. ભારતના બંધારણમાં ત્રણ પ્રકારની કટોકટી જોવા મળે છે : (1) રાષ્ટ્રીય (2) નાણાકીય (3) રાજ્યની કટોકટી. જો રાષ્ટ્રપતિને એમ ખાતરી થાય કે યુદ્ધ અથવા બાહ્ય આક્રમણ અથવા સશસ્ત્ર બળવાનું જોખમ છે, તો યુદ્ધ કે આવું કોઈ આક્રમણ અથવા બળવો ખરેખર થતાં પહેલાં ભારતના અથવા તેના પ્રદેશના કોઈ પણ ભાગની સલામતી આ રીતે જોખમમાં હોવાનું જાહેર કરતી કટોકટીની જાહેરાત કરી શકે. અનુચ્છેદ 352(1) હેઠળ પ્રસિદ્ધ કરાયેલ જાહેરનામું એટલે યુદ્ધ, બાહ્ય આક્રમણ કે સશસ્ત્ર બળવાના કારણસર પ્રસિદ્ધ કરાયેલ જાહેરનામું. તેમાં નાણાકીય અને રાષ્ટ્રીય કટોકટીનો સમાવેશ થતો નથી. કટોકટીનું જાહેરનામું સંસદના બંને ગૃહોને એક માસમાં માન્ય કરવાની જોગવાઈ છે. આવો ઠરાવ ગૃહની કુલ સંખ્યાની બહુમતીથી અને હાજર રહીને મતદાન કરતા સભ્યોની 2/3 બહુમતીથી પસાર કરવામાં આવેલો હોવો જોઈએ. વળી કટોકટીનું જાહેરનામું છ માસનો સમય પૂરો થવાના અંતે આપમેળે રદ થાય છે. રાષ્ટ્રપતિ મંત્રીમંડળની લેખિત ભલામણથી રાષ્ટ્રીય કટોકટીની જાહેરાત કરે છે. રાષ્ટ્રપતિ સંસદની મંજૂરીથી કટોકટી દર છ મહિને આગળ લંબાવી શકે છે.

- અત્યારસુધીમાં એક વાર (25.6.75 થી 21.3.77) ઈન્દીરા ગાંધી સરકાર દ્વારા આંતરિક કટોકટી અને બે વાર (26.10.62 થી 10.1.68 અને 4.12.71 થી 26.3.77) બાહ્ય કટોકટી લાગુ થઈ છે.
- કટોકટીમાં મૂળભૂત અધિકાર મોકૂફ રહે, લોકસભાની મુદત એક વર્ષ લંબાવી શકાય અને રાજ્ય સરકાર કેન્દ્રના આદેશને અનુસરે છે.
- નાણાકીય કટોકટી અનુ. 360 હેઠળ લાગુ થાય અને તો સરકાર પગાર સહિત ખર્ચ કાપ મૂકી શકે.
- રાષ્ટ્રપતિ શાસન અનુ. 356 હેઠળ લાગુ કરવામાં આવે. રાજ્યમાં બંધારણીય વ્યવસ્થા નિષ્ફળ જાય ત્યારે રાષ્ટ્રપતિ લાગુ કરે છે.

## જમ્મુ-કાશ્મીરને વિશેષ દરજ્જો

- જમ્મુ-કાશ્મીર રાજ્યને અનુ. 370 નીચે વિશેષ દરજ્જો અપાયો છે. અનુ. 1 અને અનુ. 370 સિવાય ભારતીય બંધારણ લાગુ પડતું નથી.
- જમ્મુ-કાશ્મીરમાં કલમ 352 હેઠળ રાજ્યપાલની સહમતિ વિના રાષ્ટ્રીય કટોકટી લાગુ પાડી શકાતી નથી.
- કલમ 360 નીચે જમ્મુ-કાશ્મીરમાં નાણાકીય કટોકટી લાગુ પડતી નથી.
- કલમ 356 નીચે પ્રથમ જમ્મુ-કાશ્મીરમાં રાજ્યપાલ શાસનની ઘોષણા કરવામાં આવે છે. ત્યારબાદ છ મહિના બાદ રાષ્ટ્રપતિ શાસનની ઘોષણા કરવામાં આવે છે.
- મિલકતનો અધિકાર 14 મે, 1954ના રોજ દસ કે વધુ વર્ષથી જમ્મુ-કાશ્મીરમાં રહેતા હોય તેને જ અને તેના વારસદારને મળે છે.
- રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો જમ્મુ-કાશ્મીરમાં લાગુ પડતા નથી.
- નિયોજન, સંપત્તિનું ઉપાર્જન અને રહેવાના વિશેષ અધિકારો રાજ્યના નાગરિકોને આપવામાં આવ્યા છે.
- જમ્મુ-કાશ્મીરને પોતાનું અલગ બંધારણ છે. જે 1957 થી લાગુ પાડવામાં આવ્યું છે.
- સંસદ જમ્મુ-કાશ્મીર રાજ્યના વિધાનસભાની મંજૂરી વગર રાજ્યના ક્ષેત્ર, વિસ્તાર કે સીમામાં પરિવર્તન કરી શકે નહીં.

## બંધારણમાં સુધારાની પદ્ધતિ

ભારતીય બંધારણમાં કોઈ પણ સુધારો કરવો હોય તો તે સુધારો કરવા માટેની અનુ. 368 હેઠળ ત્રણ પદ્ધતિ છે, જે નીચે પ્રમાણે છે :

- સંસદમાં સામાન્ય બહુમતીથી એટલે કે 50% થી વધુ મતે સુધારો.
- સંસદમાં સંસદસભ્યો દ્વારા 2/3 બહુમતીથી પરંતુ કુલ સંખ્યાના 50%થી વધુ મતે સુધારો.
- સંસદમાં કુલ સંખ્યાની સાદી બહુમતિ અને હાજર સંખ્યાની 2/3 બહુમતીથી અને સાથે રાજ્યમાં સાદી બહુમતી દ્વારા મંજુરીથી સુધારો થાય.

બંધારણમાં અત્યાર સુધી લગભગ **101** જેટલા સુધારાઓ થયા છે. બંધારણમાં પ્રથમ સુધારો 1951માં થયો હતો. બંધારણમાં અત્યાર સુધી થયેલ સુધારાઓમાં સૌથી મહત્ત્વપૂર્ણ સુધારો 1976માં 42મો સુધારો થયો હતો, જેને મીની બંધારણ પણ કહે છે.

Knowledge Career Academy

## બંધારણના મહત્ત્વના સુધારાઓ

- **પ્રથમ સુધારો (1951) :** મૌલિક અધિકારોમાં સમાનતા, સ્વતંત્રતા તથા સંપત્તિનો અધિકાર સમાજના હિતમાં જોડી દીધો. ન્યાયાધીશોની નિયુક્તિ તથા તેની જગ્યાઓની અનામત અંગેની જોગવાઈ.
- **બીજો સુધારો (1953) :** રાજ્યોને સંસદમાં પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું.
- **સાતમો સુધારો (1956) :** 14 રાજ્યો તથા 6 કેન્દ્રશાસિત પ્રદેશોને રાજ્ય તરીકે માન્ય કર્યા.
- **આઠમો સુધારો (1960) :** અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે અનામત બેઠકની ફાળવણીનો સમય 10 વર્ષથી વધારીને 20 વર્ષ કરવામાં આવ્યો.
- **દસમો સુધારો (1961):** દાદરા તથા નગરહવેલી વિસ્તાર ભારતનો વિસ્તાર બની ગયો.
- **12મો સુધારો (1962) :** ગોવા, દમણ અને દીવ ભારતમાં જોડાયા.
- **13મો સુધારો (1962) :** નાગાલેન્ડ ભારતનું નવું રાજ્ય બનવાનો સુધારો.
- **14મો સુધારો (1962) :** ફ્રાંસના આધિપત્યનું પોંડીચેરી ભારતમાં જોડાઈ ગયું. જે અંગે સુધારો કર્યો.
- **15મો સુધારો (1963) :** ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશની સેવા નિવૃત્તિ વયમર્યાદા 60 વર્ષથી વધારીને 62 વર્ષની કરવામાં આવી.
- **21મો સુધારો (1967) :** બંધારણના આઠમા પરિશિષ્ટમાં સિંધી ભાષાને ઉમેરાઈ.
- **26મો સુધારો (1971) :** રાજાના સાલિયાણાં તથા વિશેષાધિકારો બંધ કરી દીધાં.
- **31મો સુધારો (1973) :** લોકસભાના સભ્યની સંખ્યા 525થી વધારીને 545 કરવામાં આવી.
- **36મો સુધારો (1975) :** આ સુધારાથી સિક્કિમ ભારતનું બાવીસમું રાજ્ય બન્યું.
- **37મો સુધારો (1975) :** અરુણાચલ પ્રદેશને વિધાનસભાનો દરજ્જો અપાયો.
- **42મો સુધારો (1976) :** આ સુધારાથી બંધારણની પ્રસ્તાવનામાં સુધારો કરાયો. સમાજવાદી અને બિનસાંપ્રદાયિક બે નવા શબ્દો ઉમેરવામાં આવ્યા. રાજ્ય નીતિનિર્દેશક સિદ્ધાંતો પર મહત્ત્વ આપવામાં આવ્યું. મૂળભૂત અધિકારો પર નિયંત્રણ રાખવામાં આવ્યું. મૂળભૂત ફરજો ઉમેરવામાં આવી. રાષ્ટ્રપતિ મંત્રીમંડળની સલાહ માનવા બંધાયેલ છે. રાષ્ટ્રપતિ કલમ 356 નીચે કોઈ પણ રાજ્યમાં એક વર્ષ સુધી રાષ્ટ્રપતિ શાસન લાદી શકે છે, તે આ સુધારા દ્વારા ફેરફાર કરવામાં આવ્યો.
- **44મો સુધારો (1978) :** મિલકતના અધિકારને રદ કરવામાં આવ્યો. લોકસભા, વિધાનસભાનો સમયગાળો 6 વર્ષમાંથી પાંચ વર્ષનો આ સુધારાથી કરવામાં આવ્યો.
- **47મો સુધારો (1984) :** નવમા પરિશિષ્ટમાં જમીન સુધારાને લગતા 14 કાયદાઓ ઉમેરવામાં આવ્યા.
- **52મો સુધારો (1985) :** રાજકીય પક્ષમાં પક્ષાંતર વિરોધી કાયદો લાવવામાં આવ્યો.
- **53મો સુધારો (1986) :** આ સુધારાથી મિઝોરમ ભારતનું 24મું રાજ્ય બન્યું.
- **54મો સુધારો (1986) :** સુપ્રીમ કોર્ટના અને હાઈકોર્ટના ન્યાયાધીશોના પગારમાં વધારો કરવામાં આવ્યો. ભારતના વરિષ્ઠ ન્યાયમૂર્તિને રૂ. 10,000 માસિક; હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને રૂ. 9000 માસિક તથા હાઈકોર્ટના ન્યાયાધીશને રૂ. 8000 માસિક પગાર આ સુધારાથી નક્કી થયો.
- **57મો સુધારો (1987) :** આ સુધારાથી ગોવા ભારતનું પચ્ચીસમું રાજ્ય બન્યું.
- **61મો સુધારો (1989) :** આ સુધારા દ્વારા ચૂંટણી માટે મતદાતા માટે 21 વર્ષની ઉંમરને બદલે 18 વર્ષની કરવામાં આવી. મતાધિકારનો હક 18 વર્ષે આપવામાં આવ્યો.
- **62મો સુધારો (1989) :** લોકસભા અને વિધાનસભાઓમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની બેઠકોની અનામતની મુદત 10 વર્ષ વધારાઈ. જે 2000 સુધી અમલમાં રહેશે.
- **66મો સુધારો (1990) :** બંધારણના નવમા પરિશિષ્ટમાં 55 નવાં જમીનસુધારાના કાયદાઓ ઉમેરવામાં આવ્યા.
- **69મો સુધારો (1991) :** કેન્દ્રશાસિત પ્રદેશ દિલ્હીનું નામ રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર રાખવામાં આવ્યું તથા દિલ્હીમાં 70 સભ્યોવાળી વિધાનસભા રચવામાં આવશે, તેવી જોગવાઈ આ સુધારા દ્વારા કરવામાં આવી.
- **70મો સુધારો (1992) :** પોંડીચેરી તથા દિલ્હી વિધાનસભાના સભ્યો રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ભાગ લઈ શકે તેવો અધિકાર આપવામાં આવ્યો.

Knowledge Career Academy

- **71મો સુધારો (1992) :** બંધારણના આઠમા પરિશિષ્ટમાં નેપાળી, મણિપુરી તથા કોંકણી ભાષાઓ ઉમેરવામાં આવી.
- **73મો સુધારો (1992) :** પંચાયતી રાજને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો. બંધારણમાં ભાગ-9 ઉમેર્યો અને અનુ.273 થી 273(O) હેઠળ જોગવાઈ થઈ.
- **74મો સુધારો (1992) :** નગર પાલીકાઓને લગતી જોગવાઈઓ બંધારણીય બની. ભાગ-9(ક) હેઠળ અનુ.243(P) - 243 (ZG) ઉમેરવામાં આવ્યા.
- **75મો સુધારો (2002) :** ભાડુઆતો અને મકાન માલિકો વચ્ચે થતાં ઝઘડાના ઉકેલ માટે અનુચ્છેદ 323(B)ના ખંડ (2)માં નવો ઉપખંડ જોડી ટ્રિબ્યુનલની રચના કરવામાં આવી અને ભાડુઆત સંબંધી કેસો આ ટ્રિબ્યુનલમાં ચાલશે તેવી જોગવાઈ કરવામાં આવી.
- **76મો સુધારો (1994) :** તમિળનાડુમાં શિક્ષણ સંસ્થાઓમાં 69ટકા અનામતની જોગવાઈ કરતી બાબત નવમી અનુસૂચિ હેઠળ ઉમેરવામા આવી. અનામતની યાદી ઉમેરી.
- **77મો સુધારો (1995) :** અનુચ્છેદ 16(4 A)માં સરકારી નિમણૂકમાં અનુસૂચિત જાતિ અને જનજાતિનો અપાતી અનામતે બઢતી માટે પણ લાગુ થઈ.
- **79મો સુધારો (1999) :** SC/ST અનામત વધુ દસ વર્ષ એટલે કે 25 જાન્યુઆરી,2010 સુધી લંબાવવામાં આવી. એંગ્લો ઈનડિયન્સ માટેની લોકસભામાં બે બેઠકો પણ વધુ દસ વર્ષ ચાલુ રાખવામાં આવી.
- **80મો સુધારો (1999) :** દસમા નાણાં પંચની ભલામણો સ્વીકારવામાં આવી અને કેન્દ્રના કરવેરામાંથી 29 ટકા રાજ્યોને આપવાનું નક્કી થયું. તેમાંથી સ્ટેમ્પડયુટી, કેન્દ્રીય વેચાણવેરાને બાકાત રખાયા. તેમાં કાપડ, ખાંડ અને તમાકુ પર અપાતા ત્રણ ટકા પણ ઉમેરી દીધા.
- **81મો સુધારો (2000) :** SC/ST માટેની બેઠકો ભરાય નહીં તો તેને બૅકલોગ તરીકે જાળવીને ભરવામાં ન આવે. આ બેઠકો ભરવામાં 50 ટકાની મુદત લાગુ નહીં પડે. અનુચ્છેદ 16(4 B) હેઠળ જોગવાઈ થઈ.
- **82મો સુધારો (2000) :** SC/ST ને બઢતીમાં અનામત હેતુથી ધારાધોરણમાં ઓછા માપદંડ કે માર્કસમાં છૂટછાટ હેતુથી અનુચ્છેદ-335માં જોગવાઈ થઈ, અને અનુચ્છેદ-16(4)ની બાબત પણ લાગુ નહીં પડે.
- **83મો સુધારો (2000) :** અરૂણાચલ પ્રદેશમાં SC/ST વસતિ નહીં હોવાથી પંચાયતી રાજમાં અનામતની જોગવાઈ લાગુ નહીં પડે.
- **84મો સુધારો (2001) :** અનુચ્છેદ 82 અનુસાર સીમાંકનની જોગવાઈઓમાં બેઠકોની સંખ્યા-2026 સુધી યથાવત રાખવામાં આવી પરિણામે રાષ્ટ્રપતિની ચૂંટણી, વિધાનસભાની બેઠકો, SC/ST ની અનામત બેઠકો વગેરે માટે 2001ની વસતિ ગણતરીના આંકડા ગણાશે.
- **85મો સુધારો (2002) :** બંધારણના અનુચ્છેદ 16(4A)નો સંશોધિત 85મો બંધારણીય સુધારો વર્ષ 2002માં પસાર કરવામાં આવ્યો. આ સુધારા અનુસાર અનુસૂચિત જાતિ અને જનજાતિના સરકારી કર્મચારીઓને પ્રમોશનમાં પણ 'બેકલોગ'નો લાભ આપવામાં આવ્યો.
- **86મો સુધારો (2002) :** આ સુધારા દ્વારા પ્રાથમિક શિક્ષણને મૂળભૂત અધિકારોમાં સ્થાન આપવામાં આવ્યું અને રાજ્ય સરકાર માટે 6થી 14 વર્ષના બાળકને શિક્ષણ આપવું ફરજિયાત બનાવવામાં આવ્યું અને આ જ અધિકાર મૂલભૂત ફરજ રૂપે પણ મૂકવામાં આવ્યો. આમ, મૂળભૂત ફરજો 10માંથી વધી 11 થઈ.
- **87મો સુધારો (2003) :** આ સુધારા અનુસાર રાજ્ય વિધાનસભાની ચૂંટણી માટે વર્ષ 2001ની વસ્તીગણતરીના આંકડાને આધાર બનાવાયા.
- **88મો સુધારો (2003) :** આ સુધારા દ્વારા સર્વિસ ટેક્સ ઉઘરાવવાની અને આ ટેક્સ કેન્દ્ર અને રાજ્ય વચ્ચે વહેંચવાની જોગવાઈ અનુચ્છેદ 268A ઉમેરીને કરવામાં આવી.
- **91મો સુધારો (2003) :** આ બંધારણીય સુધારા દ્વારા પક્ષપલટામાં 2/3 સભ્યોની સંખ્યા રાખી. આ પહેલા પક્ષના 1/3 સભ્યો એક સાથે બીજા પક્ષમાં જાય તો તેને કાયદેસર બનાવવાની જોગવાઈ પક્ષ પલટા વિરોધી કાનૂનમાં હતી પરંતુ આ સુધારા દ્વારા આ જોગવાઈ 2/3 સભ્યો કરી.
- **92મો સુધારો (2003) :** બોડો, ડોગરી, મૈથીલી અને સાંથાલી ભાષાઓનો આઠમી અનુસૂચિમાં સમાવેશ.
- **93મો સુધારો (2005) :** ખાનગી શિક્ષણ સંસ્થાઓમાં અન્ય પછાત વર્ગ માટે 27% અનામતની જોગવાઈ.
- **94મો સુધારો (2006) :** ઝારખંડનું અલગ રાજ્ય રચાતાં બિહારમાં અનુસૂચિત જનજાતિની વસતી ઘટી જતાં ST

Knowledge Career Academy

ખાસ મંત્રીની જોગવાઈ બિહારમાંથી રદ કરી ઝારખંડ અને છત્તીસગઢ માટે કરવામાં આવી.

- **95મો સુધારો (2009) :** SC અને ST માટેની અનામત 70 વર્ષ સુધી ચાલુ રાખવાની જોગવાઈ (એટલે કે 25 જાન્યુ., 2020 સુધી)
- **96મો સુધારો (2011) :** ઓરિસ્સાની ભાષા 'ઓરિયા' બદલીને ઓડિયા કરવામાં આવી.
- **97મો સુધારો (2011) :** ભાગ-3 અનુચ્છેદ 19(i)(c) માં સંગઠનની રચનામાં સહકારી મંડળની રચનાને પણ ઉમેરવામાં આવી. આ ઉપરાંત અનુચચ્છેછ 43 (ખ) ઉમેરવામાં આવ્યો. રાજ્ય સહકારી મંડળીઓની રચના તથા સ્વાયત્ત સંચાલન અને લોકશાહી ઢબે કામગીરીને રાજ્ય પ્રોત્સાહન આપે. બંધારણમાં ભાગ-9 (ખ) ઉમેર્યો. તેમાં અનુચ્છેદ 243 (ZH) થી 243 (ZT) સુધીની જોગવાઈ આવરી લીધી
- **98મો સુધારો (2012) :** બંધારણમાં અનુચ્છેદ 371 (J) ઉમેરવામાં આવ્યો તે અનુસાર હૈદારાબાદ-કર્ણાટક પ્રદેશની રચના માટે રાજ્યપાલને વિશેષ અધિકાર અપાયા. આ માટે કર્ણાટકના રાજ્યપાલ બોર્ડની રચના કરી શકે અને તેનો કામગીરીનો અહેવાલ કર્ણાટક વિધાનસભામાં રજુ કરવામાં આવે.
- **99મો સુધારો (2014) :** અનુચ્છેદ 124ની ન્યાયધીશોની નિમણૂક માટે રાષ્ટ્રીય ન્યાયિક નિમણૂક પંચ (NJAC)ની જોગવાઈ કરી અનુચ્છેદ 124(ક) અનુસાર મુખ્ય ન્યાયધીશના અધ્યક્ષણપદે પંચ રચાય. તેમાં બે વરિષ્ઠ ન્યાયધીશ, કાયદામંત્રી બે કાયદાવિદનો સમાવેશ થાય છે. જો કે સર્વોચ્ચ અદાલતની બંધારણીય બેન્ચે આ સુધારો ગેરબંધારણીય ગણાવી રદ કર્યો.
- **100મો સુધારો (2015) :** ભારત-બાંગ્લાદેશ વચ્ચેના કેટલાક સરહદી પ્રદેશોનું 1974ના કરાર અનુસાર આદાન-પ્રદાન કરવામાં આવ્યું.
- **101મો સુધારો (2016) :** અનુચ્છેદ-246માં ફેરફાર કરી સામાન અને સેવા કર GST અંગે જોગવાઈ થઈ. અનુચ્છેદ 246 (ક), 279 (ક), 254, 248, 249, 250, 268, 269, માં સુધારો કરાયા અને સર્વિસટેક્ષ, ઉત્પાદન વેરા, મૂલ્યવર્ધિત વેરાનાં સ્થાને GST લાગુ કરતી જોગવાઈ ઉમેરી.

## બંધારણના પરિશિષ્ટો

બંધારણમાં કુલ 12 પરિશિષ્ટો છે.

- **પ્રથમ પરિશિષ્ટમાં** ભારતનાં રાજયોના નામ તથા કેન્દ્રશાસિત પ્રદેશોના વિસ્તારનું વર્ણન અને યાદી.
- **બીજા પરિશિષ્ટમાં** રાષ્ટ્રપતિના, ગવર્નરના, લોકસભાના સ્પીકર અને ડેપ્યુટી સ્પીકરના, રાજ્યસભાના ચૅરમૅન અને ડેપ્યુટી ચૅરમૅન, સુપ્રીમ કોર્ટના અને હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ અને અન્ય ન્યાયાધીશોના, વિધાનસભાના સ્પીકર અને ડેપ્યુટી સ્પીકરના, વિધાનપરિષદના ચૅરમૅન અને ડેપ્યુટી ચૅરમૅનના પગાર અને ભથ્થાં દર્શાવેલાં છે.
- **ત્રીજા પરિશિષ્ટમાં** સંસદસભ્યો, ધારાસભ્યો, ન્યાયાધીશો, મંત્રીઓ વગેરે દ્વારા શપથગ્રહણના નમૂના.
- **ચોથા પરિશિષ્ટમાં** રાજ્યસભાની બેઠકોની રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો પ્રમાણે ફાળવણીની વિગતો.
- **પાંચમા પરિશિષ્ટમાં** આસામ, મેઘાલય મિઝોરમ અને ત્રિપુરા સિવાયની અનુસૂચિત જનજાતિઓનાં વહીવટ અને નિયંત્રણને લગતી માહિતી.
- **છટ્ઠા પરિશિષ્ટમાં** આસામ, મેઘાલય, ત્રિપુરા અને મિઝોરમ રાજ્યોના જનજાતિ ક્ષેત્રોનાં વહીવટની બાબતો.
- **સાતમા પરિશિષ્ટમાં** કેન્દ્રની યાદીના 100 વિષયો, રાજ્યની યાદીના 61 વિષયો અને સંયુક્ત યાદીના 52 વિષયોની યાદી આપેલી છે.
- **આઠમા પરિશિષ્ટમાં** બંધારણમાન્ય 22 ભાષાઓની યાદી આપેલી છે.
- **નવમું પરિશિષ્ટ(1951):** રાજ્ય સરકાર દ્વારા પસાર કરેલો જમીન વેચાણનો કાયદો તથા જમીનદારી નાબૂદી અંગેનો કાયદો અને બંધારણના 66મા સુધારાથી ઉમેરાયેલા જમીનસુધારાઓ. જેની અદાલત સમીક્ષા ન કરી શકે. જો કે 2007માં સર્વોચ્ચ અદાલતની બંધારણીય બેન્ચે સમીક્ષા ન્યાયિક અધિકાર ઠરાવ્યો.
- **દસમું પરિશિષ્ટમાં (1985):** માં બંધારણના 52મા સુધારા દ્વારા ઉમેરાયેલ આ અનુસૂચિમાં પક્ષપલટા વિરોધી નિયમો દર્શાવેલ છે, તે અનુસાર જે પક્ષમાંથી ચૂંટાયા હોય તે પક્ષ છોડીને અન્ય પક્ષમાં જોડાય કે પક્ષના આદેશ (વ્હીપ)નો અનાદર કરે તો સભ્યપદેથી ગેરલાયક કરે, જો કે પક્ષ કાઢી મૂકે કે એક સાથે 2/3 સભ્યો પક્ષપલટો કરે તો ગેરલાયક ન ઠરે. અપક્ષ કોઈ

Knowledge Career Academy

પણમાં જોડાય કે નીમાયેલા સભ્યો છ મહિના બાદ રાજકીય પક્ષમાં જોડાય તો ગેરલાયક ઠરે. અધ્યક્ષપદે ચૂંટાય અને પક્ષમાંથી રાજીનામું આપે તો ગેરલાયક ના ઠરે.

➢ **અગિયારમું પરિશિષ્ટ (1992) :** આ પરિશિષ્ટ બંધારણના 73મા સુધારાથી ઉમેરવામાં આવ્યું છે. પંચાયતને લગતી સત્તા અને અધિકારની 29 વિષયોની યાદી આપેલી છે.

➢ **બારમું પરિશિષ્ટ(1992) :** આ પરિશિષ્ટ બંધારણના 74મા સુધારા થી ઉમેરવામાં આવ્યું છે. નગર પાલિકાઓની સત્તા અને અધિકારની 18 વિષયોની યાદી આપેલી છે.

## ભારતના રાજકીય પક્ષો

1. **કૉંગ્રેસ :** કૉંગ્રેસ પક્ષની સ્થાપના એ.ઓ. હ્યુમે 1885માં મુંબઈમાં કરી. જેના પ્રથમ પ્રમુખ વ્યોમેશચંદ્ર બેનરજી થયા. કૉંગ્રેસપક્ષનું નિશાન પંજો છે.
2. **ભારતીય જનતા પક્ષ :** 1980માં આ પક્ષની સ્થાપના થઈ. 1951માં ભારતીય જનસંઘના નેતાઓએ નવો પક્ષ સ્થાપ્યો. જે 1980થી ભાજપ તરીકે ઓળખાય છે. આ પક્ષનું નિશાન કમળ છે.
3. **જનતાપાર્ટી :** કટોકટીથી ત્રાસેલા લોકોની સહાનુભૂતિ મળતાં બિનકૉંગ્રેસી પક્ષોએ વિલીન થઈ નવો જનતા પક્ષ 1977માં સ્થાપ્યો. 1977માં આ પક્ષ સત્તા પર આવ્યો, પરંતુ આંતરિક વિખવાદ ચાલુ રહેતાં 1980ની ચૂંટણીમાં હાર થઈ. આ પક્ષનું નિશાન ચક્ર છે.
4. **જનતાદળ (સમાજવાદી) :** 1990માં આ પક્ષની સ્થાપના થઈ. વી. પી. સિંહના નેતૃત્વવાળા જનતાદળમાં ભાગલા પડતા ચંદ્રશેખર અને દેવીલાલે આ પક્ષ સ્થાપ્યો હતો. 1990માં કૉંગ્રેસના ટેકાથી સરકાર રચાઈ. પાછળથી પડી ભાંગી.
5. **જનતાદળ :** વિવિધ વિરોધપક્ષો તથા જૂથો ભળી જઈ 1988માં આ નવો પક્ષ રચાયો. તેના પ્રમુખ વી. પી. સિંહ હતા.
6. **સામ્યવાદી પક્ષ :** ભારતીય સામ્યવાદી પક્ષની સ્થાપના માનવેન્દ્રનાથ રૉય દ્વારા 1920માં થઈ. આ પક્ષનું નિશાન દાતરડું અને ડૂંડું છે.
7. **માર્ક્સવાદી-સામ્યવાદી પક્ષ :** ભારતીય સામ્યવાદી પક્ષમાંથી 1964માં જુદો પડી આ પક્ષ ચીની ઢબે ક્રાંતિ કરવામાં માને છે. આ પક્ષનું નિશાન તારા સાથે દાતરડું અને હથોડી છે.
9. **દ્રવિડ મુનેત્ર કઝગમ (ડી. એમ. કે) :** દક્ષિણ ઉપર ઉત્તરનો પ્રભાવ તથા પછાતો પર બ્રાહ્મણોના પ્રભાવ સામે વિરોધ દર્શાવતો આ પક્ષ તામિલનાડુનો છે. આ પક્ષનું નિશાન ઊગતો સૂર્ય છે. અણ્ણા દુરાઈએ તેની સ્થાપના કરી.
10. **ઑલ ઈન્ડિયા અણ્ણા દ્રવિડ મુનેત્ર કઝગમ : (એ. આઈ. એ. ડી. એમ. કે.) :** આ પક્ષના સ્થાપક એમ. જી. રામચંદ્રન હતા. ખાસ કરીને તામિલનાડુ અને પોંડીચેરીમાં આ પક્ષ ફેલાયેલો છે. આ પક્ષનું નિશાન બે પાંદડાં છે.
11. **અકાલી દળ :** પંજાબના શીખ લોકોનો ધાર્મિક રાજકીય પક્ષ છે. પંજાબનું અલગ રાજ્ય રચાતાં ધ્યેય પૂર્ણ થયું. નિશાન તુલા (ત્રાજવું) છે.
12. **તેલુગુદેશમ્ :** આંધ્રપ્રદેશનો પ્રાદેશિક પક્ષ છે. આ પક્ષના સ્થાપક એન. ટી. રામારાવ હતા. આ પક્ષનું નિશાન સાઈકલ છે.
13. **મુસ્લિમ લીગ :** અલગ મુસ્લિમ રાજ્યની માગણી કરતા આ પક્ષની સ્થાપના 1906માં થઈ હતી. ભારતમાં અત્યારે કોઈ કોઈ જગ્યાએ અસ્તિત્વ ધરાવે છે. આ પક્ષનું નિશાન સીડી છે.
14. **સમાજવાદી પાર્ટી :** જનતા દળના ભાગલા બાદ મુલાયમસિંહ યાદવ દ્વારા સ્થપાયેલો પક્ષ.
15. **બહુજન સમાજ પાર્ટી :** કાંસીરામ દ્વારા સ્થાપવામાં આવ્યો. હાલ માયાવતી તેનાા પ્રમુખ છે.
16. **જનતાદળ (યુનાઈટેડ) :** જનતાપાર્ટીના જૂના સભ્યો દ્વારા 1996માં રચવામાં આવ્યો. દેવગૌડા તેના નેતા છે.
17. **તૃણમૂલ કૉંગ્રેસ :** કૉંગ્રેસમાંથી અલગ પડી મમતા બેનરજીએ પક્ષ રચ્યો.
18. **બીજુ જનતાદળ :** બીજુ પટનાયક દ્વારા સ્થપાયેલો પક્ષ. હાલ નવીન પટનાયક તેના નેતા છે.
19. **શિવસેના :** મહારાષ્ટ્રમાં બાળાસાહેબ ઠાકરે દ્વારા સ્થપાયેલો પક્ષ.
20. **રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટી :** શરદ પવાર દ્વારા રચાયેલો પક્ષ.

## આટલું જાણો

➢ **ભારતના પ્રથમ વડાપ્રધાન :** પંડિત જવાહરલાલ નહેરુ

➢ **ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ :** ડૉ. રાજેન્દ્રપ્રસાદ

➢ **ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ :** ડૉ. એસ. રાધાકૃષ્ણન્

➢ **ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાનઃ** શ્રીમતી ઇન્દિરા ગાંધી

Knowledge Career Academy

- **ભારતના પ્રથમ યુવાન વડાપ્રધાન :** શ્રી રાજીવ ગાંધી
- **ભારતના પ્રથમ સ્ત્રી રાજ્યપાલ :** સરોજિની નાયડુ
- **ભારતના પ્રથમ સ્ત્રી મુખ્યમંત્રી :** સુચિતા કૃપલાની
- **ભારતના પ્રથમ સ્ત્રી કેન્દ્રીય પ્રધાનઃ** રાજકુમારી અમૃત કૌર
- **ભારતની લોકસભાની પ્રથમ સ્ત્રી સાંસદ :** રાધાજી સુબ્રમણ્યમ્
- **ભારતની રાજ્યસભાની પ્રથમ સ્ત્રી સાંસદ :** નરગીસ દત્ત
- **સૌથી વધુ સમય રાષ્ટ્રપતિપદે રહેનાર :** ડૉ. રાજેન્દ્રપ્રસાદ
- **સૌથી વધુ સમય વડાપ્રધાન રહેનાર :** જવાહરલાલ નહેરુ
- **સૌથી ઓછો સમય વડાપ્રધાન રહેનાર :** અટલબિહારી વાજપેયી
- **લોકસભા સૌપ્રથમ વિસર્જન કરનાર વડાપ્રધાન :** ઈન્દિરા ગાંધી (1971)
- **સૌથી મોટી ઉંમરના વડાપ્રધાનપદે બિરાજમાન :** મોરારજીભાઈ દેસાઈ
- **પ્રથમ બિનકૉંગ્રેસી વડાપ્રધાન :** મોરારજીભાઈ દેસાઈ (1977)
- **રાજ્યમાં પ્રથમ બિનકૉંગ્રેસી સરકાર :** કેરલ (1957)
- **સૌથી ઓછું રાષ્ટ્રપતિપદ ભોગવનાર રાષ્ટ્રપતિ :** ડૉ. ઝાકીર હુસૈન
- **સૌથી વધારે વટહુકમ બહાર પાડનાર રાષ્ટ્રપતિ :** ફકરૂદ્દીન અલી અહેમદ
- **સૌથી વધારે સમય સ્પીકર તરીકે રહેનાર વ્યક્તિ :** બલરામ જાખડ
- **ભારતના કેન્દ્રીય પ્રધાનમંડળમાં પ્રથમ રાજીનામું આપનાર કેન્દ્રીય પ્રધાન :** શ્યામાપ્રસાદ મુખર્જી
- **ભારતના પ્રથમ વખત હત્યા થઈ હોય એવા કેન્દ્રીય પ્રધાન :** લલિતમોહન મિશ્ર
- **વડાપ્રધાનપદ ઉપર હોય ત્યારે મૃત્યુ પામનાર પ્રથમ વડાપ્રધાન :** જવાહરલાલ નહેરુ
- **સૌથી ઓછો સમય લોકસભાના સ્પીકર તરીકે રહેનાર :** નીલમ સંજીવ રેડ્ડી
- **ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન :** સરદાર વલ્લભભાઈ પટેલ
- **ભારતના પ્રથમ ગૃહમંત્રી :** સરદાર વલ્લભભાઈ પટેલ
- **ભારતના પ્રથમ સંરક્ષણમંત્રી :** બલદેવસિંહ
- **ભારતના પ્રથમ નાણામંત્રી :** કે. ટી. ષણ્મુખમ્
- **ભારતના પ્રથમ આયોજન પંચના અધ્યક્ષ :** જવાહરલાલ નહેરુ
- **ભારતના પ્રથમ આયોજન પંચના ઉપાધ્યક્ષ :** ગુલઝારીલાલ નંદા
- **ભારતના પ્રથમ શિક્ષણ અને કાયદામંત્રી :** મૌલાના આઝાદ
- **સ્વતંત્ર ભારતના પ્રથમ ભારતીય ગવર્નર જનરલ :** ચક્રવર્તી રાજગોપાલાચારી
- **ભારતનું પ્રથમ અંદાજપત્ર રજૂ કરનાર પ્રધાન :** કે. ટી. ષણ્મુખમ્
- **કેન્દ્રમાં સૌથી વધારે સમય પ્રધાન રહેનાર :** બાબુ જગજીવનરામ (28 વર્ષ - 1947 થી 79)
- **યુ. એન. ઓ.માં પ્રથમ હિન્દીમાં ભાષણ આપનાર વડાપ્રધાન :** અટલબિહારી વાજપેયી
- **સૌથી વધારે સમય સુધી મુખ્યમંત્રીપદે રહેનાર મુખ્યમંત્રી :** જ્યોતિ બસુ (પ. બંગાળ)
- **સૌથી ઓછો સમય મુખ્યમંત્રીપદે રહેનાર મુખ્યમંત્રી :** ઓમપ્રકાશ ચૌટાલા
- **સૌથી વધારે મતથી લોકસભાની ચૂંટણી જીતનાર :** પી. વી. નરસિંહરાવ
- **પ્રથમ અનુસૂચિત જાતિના રાષ્ટ્રપતિ બનનાર :** કે. આર. નારાયણન્
- **રાજ્યના પ્રથમ યુવાન મુખ્ય પ્રધાન :** પ્રફુલ્લકુમાર મહંતો
- **ભારતના પ્રથમ બિનહરીફ રાષ્ટ્રપતિ :** નીલમ સંજીવ રેડ્ડી
- **ભારતમાં લોકસભાના પ્રથમ વિરોધપક્ષના નેતા :** વાય. બી. ચવાણ
- **ભારતના પ્રથમ વખત હત્યા થઈ હોય તેવા વડા પ્રધાન :** શ્રીમતી ઈન્દિરા ગાંધી
- **ભારતનો પ્રથમ વખત રાષ્ટ્રીય ધ્વજ ફરકાવનાર :** મૅડમ ભિખાઈજી કામા
- **વિધાનસભાના પ્રથમ મહિલા સ્પીકર :** શાહનોદેવી
- **સ્વતંત્ર ઉમેદવાર તરીકે વિજયી નીવડેલા રાષ્ટ્રપતિ :** વી. વી. ગિરિ
- **ભારતના પ્રથમ સ્ત્રી રાજદૂત :** શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત
- **ભારતના યુ. એન.ની અંદર પ્રથમ મહિલા સભ્ય :** શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત
- **સૌથી ટૂંકી લોકસભા :** બારમી લોકસભા (13 માસ)
- **દેશમાં સૌથી વધારે મતથી ચૂંટાઈ આવનાર રાષ્ટ્રપતિ :** કે. આર. નારાયણન્

Knowledge Career Academy

- **સંસદમાં પ્રથમ બહુમતી ગુમાવનાર વડાપ્રધાન :** ચૌધરી ચરણસિંહ
- **રાજ્યસભાના સૌપ્રથમ વિરોધપક્ષના નેતા :** કમલાપતિ ત્રિપાઠી
- **ભારતના પ્રથમ સ્ત્રી વિરોધપક્ષના નેતા :** સોનિયા ગાંધી
- **ભારતના પ્રથમ સ્ત્રી રેલવે પ્રધાન :** મમતા બેનરજી
- **ભારતીય સંસદમાં પ્રથમ વિશ્વાસનો મત લેનાર વડાપ્રધાન :** વી. પી. સિંહ

## લોકસભાની ચૂંટણીઓ

- **પ્રથમ ચૂંટણી - પ્રથમ લોકસભા (1951-56) :** ડિસેમ્બર 1951 થી જાન્યુઆરી 1952 સુધી દેશમાં પ્રથમ ચૂંટણીઓ યોજાઈ. 51 રાજકીય પક્ષોએ ચૂંટણીમાં ભાગ લીધો. 21 રાજકીય પક્ષો સંસદમાં ચૂંટાઈ આવ્યા. કૉંગ્રેસે લોકસભામાં 74.5 % સીટો પ્રાપ્ત કરી અને કુલ મતના 44.9 % મત પ્રાપ્ત કર્યા.
- **બીજી લોકસભા (1957-62) :** ભારતમાં સ્વતંત્રતા બાદ બીજી ચૂંટણી 1957માં થઈ. કૉંગ્રેસપક્ષે કુલ બેઠકોમાંથી 74.5 % બેઠકો પ્રાપ્ત કરી અને કુલ મતદાનના 44.78% મત પ્રાપ્ત કર્યા.
- **ત્રીજી લોકસભા (1963-67) :** ભારતમાં ત્રીજી ચૂંટણી 1963માં થઈ હતી. કૉંગ્રેસે 72.9 % બેઠકો પ્રાપ્ત કરી અને કુલ મતદાનના 44.72 % મત પ્રાપ્ત કર્યા.
- **ચોથી લોકસભા (1967-71) :** ભારતમાં ચોથી વાર ચૂંટણી 1967માં થઈ હતી. કૉંગ્રેસે કુલ સીટમાંથી 52.42 % સીટો પ્રાપ્ત કરી અને કુલ મતદાનમાંથી 40.72 % મત પ્રાપ્ત કર્યા.
- **પાંચમી લોકસભા (1971-77) :** ચોથી લોકસભા બરખાસ્ત કરીને દેશમાં મધ્યસત્ર ચૂંટણી 1971માં થઈ. કૉંગ્રેસે લોકસભાની કુલ 518 બેઠકોમાંથી 350 બેઠકો પ્રાપ્ત કરી હતી. કુલ મતોના 43.98 % પ્રાપ્ત કર્યા હતા.
- **છઠ્ઠી લોકસભા (1977-79) :** 1977માં છઠ્ઠી ચૂંટણી દેશભરમાં યોજાઈ. લોકસભાની કુલ 542 બેઠકો પર આ ચૂંટણી યોજાઈ. જનતા પાર્ટીએ બહુમતી પ્રાપ્ત કરી કુલ મતના 43.16% પ્રાપ્ત કરીને મતો મેળવ્યા. મોરારજી દેસાઈ દેશના પ્રથમ બિન-કૉંગ્રેસી વડાપ્રધાન બન્યા.
- **સાતમી લોકસભા (1980-84) :** જનતા પક્ષમાં ભંગાણ પડતાં મોરારજીભાઈ દેસાઈએ રાજીનામું આપ્યું. કૉંગ્રેસના ટેકાથી ચરણસિંહ વડાપ્રધાન બન્યા, પરંતુ કૉંગ્રેસે ટેકો 1 મહિના બાદ પાછો ખેંચી લીધો. જનતા પક્ષની સરકારનું પતન થયું. છઠ્ઠી લોકસભા બરખાસ્ત થઈ. દેશભરમાં જાન્યુઆરી, 1980માં મધ્યસત્ર ચૂંટણીઓ યોજાઈ. કૉંગ્રેસે 2/3 બહુમતી પ્રાપ્ત કરી લોકસભાની કુલ 542 બેઠકોમાંથી 353 બેઠકો પ્રાપ્ત કરી.
- **આઠમી લોકસભા (1984-89) :** દેશભરમાં આઠમી ચૂંટણી 1984માં થઈ. રાજીવ ગાંધીના નેતૃત્વમાં કૉંગ્રેસે 401 બેઠકો પ્રાપ્ત કરી. રાજીવ ગાંધી દેશના નવયુવાન વડાપ્રધાન બન્યા.
- **નવમી લોકસભા (1989-91) :** નવમી ચૂંટણી 1989માં યોજાઈ. કૉંગ્રેસની હાર થઈ. નેશનલ ફ્રન્ટની સરકાર રચાઈ. જનતાદળના વિશ્વનાથ પ્રતાપસિંહ સાતમા પ્રધાનમંત્રી બન્યા. નેશનલ ફ્રન્ટમાં ભંગાણ પડતા વી. પી. સિંહની સરકારનું પતન. ચંદ્રશેખર દેશના વડાપ્રધાન બન્યા.
- **દસમી લોકસભા (1991-96) :** નવમી લોકસભા બરખાસ્ત કરવામાં આવી. દેશમાં મધ્યસત્ર ચૂંટણી 1991માં યોજાઈ. સૌથી વધારે બેઠકો કૉંગ્રેસ (આઈ)ને મળી. શ્રી પી. વી. નરસિંહરાવ દેશના નવમા વડાપ્રધાન બન્યા.
- **અગિયારમી લોકસભા (1996-97) :** અગિયારમી ચૂંટણી 1996માં યોજાઈ. કોઈ પક્ષને સ્પષ્ટ બહુમતી મળી નહીં. ભાજપને સૌથી વધારે બેઠકો મળી. સૌથી મોટા પક્ષ તરીકે સરકાર રચવાનું આમંત્રણ મળ્યું, પરંતુ બહુમતી ન હોવાને કારણે વાજપેયી સરકારનું 13 દિવસમાં પતન થયું. કૉંગ્રેસના ટેકાથી સંયુક્ત મોરચા સરકાર સત્તા પર આવી. એચ. ડી. દેવગૌડા વડાપ્રધાન બન્યા. કૉંગ્રેસે ટેકો પાછો ખેંચી લેતાં દેવગૌડા સરકારનું પતન. ઈન્દ્રકુમાર ગુજરાલ ભારતના વડાપ્રધાન. ત્યારબાદ કૉંગ્રેસે ટેકો પાછો ખેંચી લેતાં મોરચા સરકારનું પતન. અગિયારમી લોકસભાનું પતન થયું. લોકસભા બરખાસ્ત કરવામાં આવી. દેશમાં મધ્યસત્ર ચૂંટણીની જાહેરાત.
- **બારમી લોકસભા (1998-99) :** અગિયારમી લોકસભા બરખાસ્ત થઈ. ભાજપને સૌથી વધારે બેઠકો પ્રાપ્ત થઈ. સાથી પક્ષોના ટેકાથી ભાજપ સત્તા પર આવી. અટલબિહારી વાજપેયી વડાપ્રધાન બન્યા. બારમી લોકસભામાં ભાજપના સાથીપક્ષ એ.આઈ. ડી.એમ.કે.એ ટેકો પાછો ખેંચી લેતાં ભાજપ સરકાર

Knowledge Career Academy

લઘુમતીમાં મુકાઈ ગઈ હતી. સંસદમાં વિશ્વાસનો મત લેતા ભાજપ સરકાર એક મતે વિશ્વાસનો મત હારી ગઈ હતી. આથી ભાજપ સરકારનું પતન થયું. કોઈ પણ પક્ષ સ્પષ્ટ બહુમતી પુરવાર કરી શકે તેમ ન હતું. તેથી રાષ્ટ્રપતિએ કેબિનેટની ભલામણ અનુસાર 26-4-99ના રોજ બારમી લોકસભાનું વિસર્જન કર્યું હતું.

- **તેરમી લોકસભા (1999-2004) :** 13મી લોકસભાની ચૂંટણીઓ માટે 5 સપ્ટેમ્બર, 1999 થી 4 ઑક્ટોબર, 1999 સુધી દેશમાં પાંચ તબક્કામાં 538 બેઠકોની ચૂંટણી માટે મતદાન યોજાયું. આ ચૂંટણીમાં ભાજપના નેતૃત્વવાળા રાષ્ટ્રીય લોકશાહી મોરચા (એન.ડી.એ.)એ 304 બેઠકો પ્રાપ્ત કરીને બહુમતી પ્રાપ્ત કરી. તેરમી લોકસભાનું નિર્માણ 10 ઑક્ટોબર, 1999 ના રોજ થયું. 13મી લોકસભામાં 13મા વડાપ્રધાન તરીકે એન.ડી.એ.ના નેતા શ્રી અટલબિહારી વાજપેયીએ 13મી ઑક્ટોબર, 1999ના રોજ શપથ ગ્રહણ કર્યા.
- **ચૌદમી લોકસભા (2004-2009) :** એપ્રિલ-2004માં ચૂંટણી બાદ ચૌદમી લોકસભા માટે ચૂંટણી યોજાઈ. આ ચૂંટણીમાં કૉંગ્રેસ દ્વારા રચાયેલા સંયુક્ત પ્રગતિશીલ મોરચા-UPAને બહુમતી મળતાં તેની સરકાર રચાઈ. ડૉ. મનમોહનસિંહ વડાપ્રધાન બન્યા.
- **પંદરમી લોકસભા (2009-2014) :** એપ્રિલ-મે 2009માં 15મી લોકસભાની ચૂંટણીમાં UPAને ફરીથી બહુમતિ મળતાં સરકાર ટકાવી રાખી. ડૉ. મનમોહનસિંહ પ્રધાનમંત્રીપદે ચાલુ રહ્યા.
- **સોળમી લોકસભા (2014-2019) :** NDA સરકાર શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રચાઈ 282 બેઠકો સાથે ભાજપ સૌથી મોટો પક્ષ બન્યો. આઝાદી બાદ સૌ પ્રથમવાર કોંગ્રેસ સિવાયની બહુમતિ સરકાર રચાઈ. ભારતીય જનતાપાર્ટીને સ્પષ્ટ બહુમતિ મળી. કોંગ્રેસને માત્ર 44 બેઠકો મળી. રાષ્ટ્રીય કક્ષાની પાર્ટી બહુજન પાર્ટીને એકપણ બેઠક ન મળી.
- **લોકસભાની અવધિ**

| વિગત | લોકસભાનું નિર્માણ | લોકસભાનું વિસર્જન |
|---|---|---|
| પ્રથમ લોકસભા | 17-4-1952 | 4-4-1957 |
| બીજી લોકસભા | 5-4-1957 | 31-3-1962 |
| ત્રીજી લોકસભા | 2-4-1962 | 3-3-1967 |
| ચોથી લોકસભા | 4-3-1967 | 27-12-1970 |
| પાંચમી લોકસભા | 15-3-1971 | 18-1-1977 |
| છઠ્ઠી લોકસભા | 23-3-1977 | 22-8-1979 |
| સાતમી લોકસભા | 10-1-1980 | 31-12-1984 |
| આઠમી લોકસભા | 31-12-1984 | 27-11-1989 |
| નવમી લોકસભા | 2-12-1989 | 13-3-1991 |
| દસમી લોકસભા | 20-6-1991 | 10-5-1996 |
| અગિયારમી લોકસભા | 15-5-1996 | 4-12-1997 |
| બારમી લોકસભા | 10-3-1998 | 26-4-1999 |
| તેરમી લોકસભા | 10-10-1999 | 20-5-2004 |
| ચૌદમી લોકસભા | 22-5-2004 | 20-5-2009 |
| પંદરમી લોકસભા | 22-5-2009 | 19-5-2014 |
| સોળમી લોકસભા | 04-6-2014થી | આજ સુધી |

## રાષ્ટ્રીય પ્રતિકો

- **રાષ્ટ્રીય ધ્વજ :** ભારતની બંધારણ સભાએ 22 જુલાઈ, 1947ના રોજ રાષ્ટ્રીય ધ્વજ સ્વીકાર્યો. રાષ્ટ્રધ્વજની લંબાઈ અને પહોળાઈનું પ્રમાણ 3 : 2 છે. રાષ્ટ્રીય ધ્વજની ઉપર કેસરી, મધ્યમાં સફેદ અને સૌથી નીચે ઘાટો લીલો રંગ - એમ ત્રણ રંગોમાં વહેંચાયેલો છે. મધ્યમાં વાદળી રંગનું અશોકચક્ર છે. જેમાં 24 આરા છે. કેસરી રંગ બલિદાનનું, સફેદ રંગ શાંતિ અને સત્યનું, જ્યારે લીલો રંગ વિશ્વાસ અને દાક્ષિણ્યનું પ્રતીક છે. અશોકચક્ર એ પ્રગતિનું નિશાન છે.
- **રાષ્ટ્રીય ચિહ્ન :** ભારતનું રાષ્ટ્રીય ચિહ્ન એ ચાર સિંહોની મુખાકૃતિવાળું સારનાથનું ચિહ્ન છે. ચિહ્નની જમણી બાજુ બળદ જ્યારે ડાબી બાજુ ઘોડો છે. નીચે મુંડકોપનિષદમાંથી લેવાયેલ વાક્ય 'સત્યમેવ જયતે' લખ્યું છે.
- **રાષ્ટ્રીય મુદ્રાલેખ :** મુંડક ઉપનિષદમાંથી લેવાયેલ વાક્ય 'સત્યમેવ જયતે.'
- **રાષ્ટ્રગાન :** કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું જન ગણ મન ભારતનું રાષ્ટ્રીય ગાન છે. ભારતના રાષ્ટ્રગાન તરીકે 24 જાન્યુઆરી, 1950ના રોજ સ્વીકાર્યું હતું. આ ગાન પ્રથમ વખત ડિસેમ્બર 27, 1911ના રોજ ગવાયું હતું. આ ગાનને પાંચ પદો છે, પરંતુ પ્રથમ અને છેલ્લી પંક્તિઓ જ ગાવામાં આવે છે. આ સંપૂર્ણ રાષ્ટ્રગાન 52 સેકન્ડમાં પૂરું થવું જોઈએ. જ્યારે પ્રથમ અને છેલ્લી પંક્તિ 20 સેકન્ડમાં પૂરી થવી જોઈએ.

Knowledge Career Academy

- **રાષ્ટ્રગીત :** 'વંદેમાતરમ્' એ ભારતનું રાષ્ટ્રગીત છે. વંદેમાતરમ્ ગીતના રચયિતા બંકિમચંદ્ર ચેટરજી હતા. સૌપ્રથમ વાર આ ગીત 1882માં બંકિમચંદ્ર ચેટરજીની 'આનંદમઠ' નવલકથામાં પ્રકાશિત થયું હતું. ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસના 1896ના અધિવેશનમાં પ્રથમ વાર રવીન્દ્રનાથ ટાગોર દ્વારા ગવાયું હતું.
- **રાષ્ટ્રીય કેલેન્ડર :** રાષ્ટ્રીય કેલેન્ડર એ શક સંવત પર આધારિત છે. જેનો પ્રથમ માસ ચૈત્ર માસ છે. આ કેલેન્ડર ગ્રેગેરિયન કેલેન્ડરને મળતું આવે છે.
- **રાષ્ટ્રીય પ્રાણી :** વાઘ
- **રાષ્ટ્રીય પંખી :** મોર
- **રાષ્ટ્રીય ફૂલ :** કમળ
- **રાષ્ટ્રીય રમત :** કબડ્ડી, હૉકી

## મંત્રાલયો અને તેના વિભાગો

- **કૃષિ મંત્રાલય :** કૃષિ અને સહકાર વિભાગ, કૃષિસંશોધન અને શિક્ષણ વિભાગ, ડેરી, પશુપાલન અને મત્સ્યોદ્યોગ વિભાગ
- **નાગરિક ઉડ્ડયન મંત્રાલય :** નાગરિક ઉડ્ડયન
- **વેપાર અને ઉદ્યોગ મંત્રાલય :** વેપાર, પુરવઠો
- **સંદેશાવ્યવહાર મંત્રાલય :** ટપાલ, દૂરસંચાર અને ઈન્ફર્મેશન ટેક્નોલોજી
- **સંરક્ષણ મંત્રાલય :** સંરક્ષણ, સુરક્ષા ઉત્પાદન પુરવઠો, સંશોધન અને વિકાસ
- **ઊર્જા મંત્રાલય :** કોલસો, શક્તિ (વીજળી)
- **પર્યાવરણ અને વન મંત્રાલય :** પર્યાવરણ, વન અને વન્ય પ્રાણી
- **વિદેશ મંત્રાલય :** પરદેશ વ્યવહાર
- **નાણાં મંત્રાલય :** નાણાકીય બાબતો, ખર્ચ, કર
- **ખાદ્ય અને નાગરિક પુરવઠો મંત્રાલય :** આહાર અને નાગરિક પુરવઠો
- **આંતરિક બાબતોનું મંત્રાલય :** આંતરિક સુરક્ષા, રાજ્યો, સત્તાવાર ભાષા, ગૃહ.
- **માનવસંસાધન વિકાસ મંત્રાલય :** શિક્ષણ, સાક્ષરતા અને ઉચ્ચ શિક્ષણ.
- **ઉદ્યોગ મંત્રાલય :** ઔદ્યોગિક વિકાસ, કંપનીની બાબતો, રસાયણો, પેટ્રોરસાયણો.
- **માહિતી અને પ્રસારણ મંત્રાલય :** માહિતી અને પ્રસારણ
- **શ્રમ અને રોજગાર મંત્રાલય :** શ્રમ
- **કાયદો અને ન્યાય મંત્રાલય :** કાયદાકીય બાબતો, ધારાકીય બાબતો, ન્યાય.
- **સંસદીય બાબતોનું મંત્રાલય :** સંસદીય બાબતો.
- **કર્મચારી, ફરિયાદ અને નિવૃત્તિ વેતન મંત્રાલય :** કર્મચારી, તાલીમ, વહીવટી સુધારા, લોકોની ફરિયાદો, નિવૃત્તિ વેતન, નિવૃત્ત કલ્યાણ.
- **ખનિજ તેલ - પ્રાકૃતિક વાયુ મંત્રાલય :** પ્રાકૃતિક વાયુ, ખનિજ તેલ, રસાયણો.
- **આયોજન મંત્રાલય :** નિયોજન, આંકડા.
- **કાર્યક્રમ વ્યવહાર મંત્રાલય :** વ્યવહાર, સરકારી પેઢીઓ.
- **રેલવે મંત્રાલય :** રેલવેમાર્ગ.
- **વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રાલય :** વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી, વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન, બાયોટેક્નોલોજી.
- **પોલાદ અને ખાણ મંત્રાલય :** પોલાદ અને ખાણ.
- **ભૂપરિવહન મંત્રાલય :** ભૂપરિવહન.
- **કાપડ મંત્રાલય :** કાપડ.
- **પ્રવાસન મંત્રાલય :** પ્રવાસન.
- **શહેરી વિકાસ મંત્રાલય :** નગરવિકાસ.
- **જળસંપત્તિ મંત્રાલય :** જળસંપત્તિ.
- **મહિલા અને બાળકલ્યાણ મંત્રાલય :** કલ્યાણ, મહિલા, બાળકો.
- **રસાયણ અને ખાતર મંત્રાલય :** રસાયણ અને પેટ્રો રસાયણ વિભાગ, ખાતર વિભાગ, દવા ઉદ્યોગ વિભાગ
- **આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય :** આરોગ્ય વિભાગ, એઈડ્સ નિયંત્રણ અને સંશોધન વિભાગ
- **આયુષ મંત્રાલય :** આયુર્વેદ-યોગ-નેચરોપથી, યુનાની, સિદ્ધ અને હોમિયોપેથી
- **ગૃહ મંત્રાલય :** આંતરિક સુરક્ષા વિભાગ, રાજ્યોને લગતી બાબતો, રાજભાષા વિભાગ, ગૃહ વિભાગ, જમ્મુ-કાશ્મીર બાબતો, સરહદી વ્યવસ્થા વિભાગ.
- **ભારે ઉદ્યોગ અને જાહેર સાહસ મંત્રાલય**
- **સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય**
- **ખાણ મંત્રાલય અને ખનિજ**
- **લઘુમતિ બાબતોનું મંત્રાલય**
- **બિનપરંપરાગત અને નવી ઊર્જા મંત્રાલય**
- **વિદેશી ભારતીય બાબતોનું મંત્રાલય**
- **પંચાયતી રાજ મંત્રાલય**
- **ગ્રામીણ વિકાસ મંત્રાલય**
- **જહાજ ઉદ્યોગ મંત્રાલય**
- **સામાજિક ન્યાય અને અધિકારીના મંત્રાલય**
- **આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય**

Knowledge Career Academy

- **આદિજાતિ બાબત મંત્રાલય**
- **ગૃહનિર્માણ અને શહેરી ગરીબી નાબૂદી મંત્રાલય**
- **યુવા બાબતો અને રમતજગત મંત્રાલય**
- **કોલસા મંત્રાલય**
- **ગ્રાહક બાબતો, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રાલય**
- **કોર્પોરેટ બાબત મંત્રાલય**
- **સાંસ્કૃતિક બાબત મંત્રાલય**
- **પૂર્વોત્તર વિકાસ મંત્રાલય**
- **પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય**
- **અન્ન પ્રક્રિયા ઉદ્યોગ મંત્રાલય**

**<u>સ્વતંત્ર વિભાગ</u>**

- **પરમાણુ ઊર્જા વિભાગ**
- **અવકાશ વિભાગ**

**<u>સચિવાલય</u>**

- **મંત્રીમંડળનું સચિવાલય**
- **રાષ્ટ્રપતિનું સચિવાલય**
- **પ્રધાનમંત્રીનું સચિવાલય**
- **નીતિ પંચ કાર્યાલય**

## કેન્દ્ર અને રાજ્યના સંબંધો પર રચાયેલી સમિતિઓ

- **સેતલવાડ સમિતિ :** 1966માં એમ. સી. સેતલવાડના પ્રમુખપણા નીચે આ સમિતિ સ્થાપવામાં આવી. આ સમિતિએ અહેવાલ આપ્યો કે બંધારણમાં સુધારા કર્યા વિના રાજ્યોને વધુ સ્વતંત્રતા આપવી જોઈએ.
- **રાજા મન્નાર સમિતિ :** 1969માં ડૉ. પી. વી. રાજા મન્નારના પ્રમુખપણા નીચે આ સમિતિ સ્થાપવામાં આવી. જેણે ત્રણ સૂચનો કર્યા. જે નીચે મુજબ છે :
  - એક આંતર રાજ્ય પરિષદ રચાવી જોઈએ.
  - અખિલ ભારતીય સેવાઓ સમાપ્ત કરવી જોઈએ.
  - સંયુક્ત વિષયો સમાપ્ત કરવા જોઈએ અથવા રાજ્યને સોંપી દેવા જોઈએ.
- **સરકારિયા આયોગ :** 1983 જસ્ટિસ આર. એસ. સરકારિયાએ ડિસે. 1991માં તેનો રિપોર્ટ આપ્યો. કેન્દ્ર રાજ્ય સંબંધો પર મહત્ત્વની ભલામણો કરી, રાજ્યપાલની નિમણૂક રાજ્ય સરકારની સંમતિથી કરવા અને કાયમી આંતરરાજ્ય પરિષદ રચવા જણાવ્યું.
- **મદનમોહન પંછી સમિતિ :** 2007 સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી મદનમોહન પંછીના નેતૃત્વ હેઠળ આ પંચ રચાયું, જે કેન્દ્ર-રાજ્ય સંબંધો અંગે કાર્ય કરી રહ્યું છે. અન્ય સભ્યોમાં ડૉ. અમરેશ બાગચી, શ્રી ધીરેન્દ્રસિંઘ અને શ્રી વી. કે. દુગ્ગલ (ભૂતપૂર્વ ગૃહ સચિવ), નેશનલ લૉ સ્કૂલ-ડિરેક્ટર શ્રી માધવ મેનન હતા. આ પંચ બંધારણીય બાબતો, આંતરિક સલામતી, લશ્કરી દળોના ઉપયોગ, આર્થિક-સામાજિક-રાજકીય પાસાં અંગે રાજ્યો સાથે ચર્ચા કરી 2010 માં અહેવાલ આપ્યો.

## વહીવટી સુધારા માટે રચિત મુખ્ય સમિતિઓ / આયોગ

| નામ | વર્ષ | હેતુ |
|---|---|---|
| એન ગોપાલાસ્વામી આયંગર | 1949 | પુનઃગઠન યોજના |
| એ ડી ગોરવાલા | 1950-51 | લોકપ્રશાસનની સમીક્ષા |
| એ ડી ગોરવાલા | 1950-51 | જાહેર ક્ષેત્રો માટે યોગ્ય પ્રશાસનની સમીક્ષા |
| પૉલ એચ એપ્પલબી | 1952 | ભારતીય પ્રશાસનનું સર્વેક્ષણ |
| પૉલ એચ એપ્પલબી | 1956 | ઔદ્યોગિક અને વાણિજ્ય ઉદ્યોગોમાં નીતિનિર્ધારણ |
| આચાર્ય જે બી કૃપલાની | 1955-57 | રેલવેમાં ભ્રષ્ટાચારનું સર્વેક્ષણ |
| એ રામાસ્વામી મુદલિયાર | 1956 | પબ્લિક સર્વિસ સમિતિ |
| મોરારજી દેસાઈ તથા કે હનુમન્તપ્પા | 1966-70 | પ્રશાસનિક સુધારા આયોગ |
| કે સન્થાનમ્ | 1964 | ભારત, રાજ્ય અને જિલ્લા વહીવટની સમસ્યાઓ |
| ડી એસ કોઠારી | 1976 | સિવિલ સર્વિસીઝ પરીક્ષામાં ભરતી સંબંધી નીતિ તથા પ્રક્રિયા |
| ધર્મવીર | 1979 | રાષ્ટ્રીય પોલીસ આયોગ |
| સતીષચંદ્ર | 1989 | સિવિલ સર્વિસ પરીક્ષા પદ્ધતિની સમીક્ષા |
| વીરપ્પા મોઈલી | 2005 | વહીવટી સુધારણા પંચ |

## મહત્ત્વની સમિતિઓ

| સમિતિનું નામ | સંબંધિત ક્ષેત્ર |
|---|---|
| રામાનંદ પ્રસાદ સમિતિ | ક્રિમિલેયર માટે |
| સતીશચંદ્ર સમિતિ | સિવિલ સેવા પરીક્ષામાં સુધારા |
| નરૂલા સમિતિ | દિલ્હીનાં તોફાનોની તપાસ |
| કુમાર મંગલમ્ સમિતિ | લાતૂર ભૂકંપ |
| ઓઝા સમિતિ | કોંકણ રેલવે |
| મલ્હોત્રા સમિતિ | વીમાનું ખાનગીકરણ |

Knowledge Career Academy

| | |
|---|---|
| મહાલનોબિસ સમિતિ | રાષ્ટ્રીય આવક |
| હજારી સમિતિ | ઔદ્યોગિક નીતિ (1967) |
| ભગવતી સમિતિ | બેરોજગારી |
| રેખી સમિતિ | અપ્રત્યક્ષ કર |
| વાંચૂ સમિતિ | પ્રત્યક્ષ કર |
| એલ. કે. ઝા સમિતિ | અપ્રત્યક્ષ કર |
| દાંતાવાલા સમિતિ | બેરોજગારીનું અનુમાન |
| જોષી સમિતિ | દૂરસંચારના ક્ષેત્રમાં ખાનગી ક્ષેત્રના પ્રવેશ હેતુ માટે નીતિનિર્દેશ નિર્ધારણ |
| બોથાલિંગમ્ સમિતિ | મજૂરી આવક અને કિંમતો |
| જ્યોતિ બસુ સમિતિ | ઑક્ટ્રોય ટેક્ષ માટે |
| અશોક મહેતા સમિતિ | પંચાયતીરાજ |
| વૈદ્યનાથન્ સમિતિ | સિંચાઈ હેતુ |
| સ્વામીનાથન્ સમિતિ | વસ્તી નીતિ |
| વાઘુલ સમિતિ | મ્યુચ્યુઅલ ફંડ સ્કીમ |
| ગોસ્વામી સમિતિ | ઔદ્યોગિક મંદીની સમસ્યા નિવારણ |
| ડૉ. મહેતા સમિતિ | આઈ.આર.ડી.પી.ની પ્રગતિ પર પુનર્વિચાર |
| રાજ સમિતિ | કૃષિ પર કર માટે |
| તિવારી સમિતિ | ઔદ્યોગિક મંદી (1984) |
| ખુસરો સમિતિ | કૃષિ શાખ |
| નરસિંહમ્ સમિતિ | બૅંકક્ષેત્રે |
| ગોઈપોરિયા સમિતિ | બૅંકમાં ગ્રાહક સેવા સુધારણા |
| દત્ત સમિતિ | ઔદ્યોગિક લાઈસૅન્સિંગ |
| યશપાલ સમિતિ | શૈક્ષણિક સુધારા |
| દિનેશ ગોસ્વામી સમિતિ | ચૂંટણી સુધારા |
| નંજુન્દપ્પા સમિતિ | રેલવે નૂર અને ભાડા |
| રાજા ચેલૈયા સમિતિ | કરમાળખામાં સુધારણા |
| જાનકી રામન સમિતિ | શૅરબજાર કૌભાંડની તપાસ |
| એસ. બી. ચવાણ સમિતિ | પ્રસારણના ક્ષેત્રમાં ખાનગી ક્ષેત્રના પ્રવેશની મંજૂરી અંગે |
| એન.કે.પી. સાલ્વે સમિતિ | સમાચારપત્ર જગતમાં વિદેશી પ્રવેશ |
| રસ્તોગી સમિતિ | પ્રાધ્યાપકોની કામગીરી |
| જ્ઞાનપ્રકાશ સમિતિ | ખાંડ કૌભાંડની તપાસ |
| વોહરા સમિતિ | મુંબઈમાં થયેલા બૉમ્બ-વિસ્ફોટોની તપાસ |
| અરુણ ઘોષ સમિતિ | સાક્ષરતા અભિયાન |
| બાલા સુબ્રહ્મણ્યમ્ સમિતિ | ચામડા ઉદ્યોગો |
| ચોક્કારાવ સમિતિ | કૃષિક્ષેત્રની અદ્યતન સ્થિતિ |
| આબિદ હુસેન સમિતિ | લઘુ ઉદ્યોગો |
| શિવરામન સમિતિ | નાબાર્ડ બૅંકની સ્થાપના |

## રાષ્ટ્રીય ઑપરેશનો

- **ઑપરેશન પોલો** (1946) : હૈદરાબાદમાં નિઝામ શાસનનો અંત લાવવા.
- **ઑપરેશન કેતુ** (1986) : કાળા નાણાં પકડવા માટે ભારતના નાણામંત્રાલય દ્વારા કરવામાં આવ્યું હતું.
- **ઑપરેશન કાલભૈરવ :** ભારત સરકાર દ્વારા માદક અને નશીલા પદાર્થોના પ્રસાર રોકવા માટે ઑપરેશન કરવામાં આવ્યું હતું.
- **ઑપરેશન ઝીબ્રા :** રાજસ્થાનમાં બાડમેર જિલ્લામાં ચોરોનો નાશ કરવા માટે આ ઑપરેશન કરવામાં આવ્યું હતું.
- **ઑપરેશન કૉમ્બિંગ :** બિહારમાં ઉગ્રવાદીઓને સમાપ્ત કરવા માટે
- **ઑપરેશન કૅકટસ** (1988): ભારતીય લશ્કર દ્વારા માલદીવમાં કરાયું હતું.
- **ઑપરેશન જૈબરા :** રાજસ્થાનમાં પશ્ચિમી સરહદમાં ચોરીનો ત્રાસ રોકવા ચોરો માટે ઑપરેશન કરાયું હતું.
- **ઑપરેશન ગ્રીનસ્ટાર :** ચંબલ (મ.પ્ર.)ના ડાકુઓ માટે.
- **ઑપરેશન ગ્રીનગોલ્ડ :** દેશમાં વાંસનું ઉત્પાદન વધારવા માટે ભારત સરકાર દ્વારા આ ઑપરેશન ચલાવાયું હતું.
- **ઑપરેશન ધન્વંતરિ :** બિહારમાં ગેરકાયદેસર અને નકલી દવાઓના ઉત્પાદનના નિયંત્રણ માટે ચલાવાયું હતું.
- **ઑપરેશન પવન** (1987): શ્રીલંકામાં સ્થાયી તમિલોના સંગઠન (એલ.ટી.ટી.ઈ.)ને નિઃશસ્ત્ર કરવાના હેતુ માટે ભારતની શાંતિસેના દ્વારા કરવામાં આવેલ આક્રમક કાર્યવાહીને ઑપરેશન પવન કહેવામાં આવે છે.
- **ઑપરેશન ફ્લડ**(1970) : પછી ભારત સરકારે જે પશુવિકાસ, દૂધ-ઉત્પાદન તથા દૂધ પદાર્થોના ઉત્પાદનમાં સહકારી ક્ષેત્રના વિકાસ માટે આનંદ યોજના દેશના જુદા જુદા વિભાગોમાં લાગુ પાડવામાં આવી. જે ઑપરેશન ફ્લડ -1 ના નામથી ઓળખવામાં આવે છે. 1979માં ઑપરેશન ફ્લડ - 2 શરૂ કરવામાં આવ્યું અને 1986માં ઑપરેશન ફ્લડ - 3 શરૂ થયું. જે 1992 સુધી ચાલ્યું.

Knowledge Career Academy

- **ઑપરેશન ફેથ** (1984) **:** ભોપાલમાં યુનિયન કાર્બાઈડ કંપનીમાં મિથાઈલ આઈસોસાઈનાઈટ ગૅસ લીક થવાથી હજારો માણસો મૃત્યુ પામ્યાં. બાકી વધેલો જે મિથાઈલ આઈસોસાઈનાઈટ ગૅસ હતો તે નિષ્ક્રિય કરવા બદલ જે ઑપરેશન કરવામાં આવ્યું, તેને ઑપરેશન ફેથ કહેવામાં આવે છે.
- **ઑપરેશન બ્લ્યુ સ્ટાર**(3 જૂન, 1984) **:** અમૃતસરમાં સુવર્ણમંદિરમાં ઘુસી ગયેલા આતંકવાદીઓની સામે ચલાવવામાં આવ્યું.
- **ઑપરેશન મિડનાઈટ**(18 જાન્યુઆરી, 1987) **:** મધ્યરાત્રિના સમયે સુવર્ણમંદિર, અમૃતસરમાં પંજાબપોલીસ અને કેન્દ્રીય રિઝર્વ પોલીસે આતંકવાદીઓને પકડવા માટે જે કાર્યવાહી કરી, તેને ઑપરેશન મિડનાઈટ કહેવામાં આવે છે.
- **ઑપરેશન બ્લેક થંડર**(18 મે, 1988) **:** સુવર્ણમંદિરને ફરી વાર આતંકવાદીઓથી મુક્ત કરવા માટે ઑપરેશન બ્લેક થંડર ચલાવવામાં આવ્યું હતું.
- **ઑપરેશન વુડ** (1984) **:** પંજાબ રાજ્યમાં ગ્રામીણ ક્ષેત્રોમાં આતંકવાદીઓની ઓળખાણ અને પકડવા માટે જે કાર્યવાહી કરવામાં આવી, તેને ઑપરેશન વુડ રોજ કહેવામાં આવે છે.
- **ઑપરેશન બ્લેકબોર્ડ** (1986) **:** નવી શિક્ષણનીતિ અનુસાર પ્રાથમિક શિક્ષણનું ધોરણ ઊંચું લાવવા માટે આ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. જેમાં પ્રાથમિક વિદ્યાલયોની ન્યૂનતમ જરૂરિયાતો પૂરી કરવાનો ઉદ્દેશ છે.
- **ઑપરેશન બ્લુ રિવોલ્યુશન :** ભારત સરકાર દ્વારા મત્સ્યપાલન અને માછલી પકડવા માટે જે અભિયાન ચલાવાયું હતું, તેને ઑપરેશન બ્લુ રિવોલ્યુશન કહેવામાં આવે છે.
- **ઑપરેશન બ્લેક પૈંથર :** બિહારના પશ્ચિમમાં ચંપારણ જિલ્લામાં ડાકુઓની સામે જે અભિયાન ચલાવાયું, તેને ઑપરેશન બ્લેક પૈંથર કહેવામાં આવે છે.
- **ઑપરેશન બ્રાસટૈક્સ :** રાજસ્થાનમાં ભારતીય સરહદ પર સૈનિક અભ્યાસ ઑપરેશનને ઑપરેશન બ્રાસટૈક્સ કહેવામાં આવે છે. જે 1987માં કરવામાં આવ્યું હતું.
- **ઑપરેશન બ્લેક રોઝ :** વૈશાખી ત્યોહાર પર 13 એપ્રિલ, 1986ના રોજ આતંકવાદીઓ પર કડક નજર રાખવા દિલ્હી પોલીસ દ્વારા આ અભિયાન ચલાવાયું હતું.
- **ઑપરેશન બજરંગ :** 28 નવેમ્બર, 1990માં આસામમાં ઉલ્ફા ઉગ્રવાદીઓ વિરુદ્ધ ભારત સરકારે જે અભિયાન ચલાવ્યું હતું, તેને ઑપરેશન બજરંગ કહેવામાં આવે છે.
- **ઑપરેશન વરુણ :** બિહારમાં ધનબાદ જિલ્લામાં પાણીની સમસ્યા ઉકેલવા ઑપરેશન વરુણ નામનું અભિયાન ચલાવાયું હતું.
- **ઑપરેશન વિક્રમ :** કાશ્મીરની ખીણમાં આતંકવાદીઓની ગતિવિધિ પર નિયંત્રણ રાખવા અને કાયમી શાંતિ સ્થાપવા જે અભિયાન ચલાવાયું હતું, તેને ઑપરેશન વિક્રમ કહેવામાં આવે છે.
- **ઑપરેશન રાઈનો :** આસામમાં ઉલ્ફા ઉગ્રવાદીઓ સામે 1991માં ચલાવવામાં આવ્યું હતું.
- **ઑપરેશન બ્લ્યુ પ્રિંટ :** આસામમાં ઉલ્ફા ઉગ્રવાદીઓ પર અંકુશ રાખવાના હેતુથી આ ઑપરેશન ચલાવવામાં આવ્યું હતું.
- **ઑપરેશન ક્લાઉડ બર્સ્ટ :** આસામમાં ઉલ્ફા ઉગ્રવાદીઓને સાફ કરવાના હેતુથી આ ઑપરેશન કરવામાં આવ્યું હતું.
- **ઑપરેશન રક્ષક :** ભારતીય લશ્કર દ્વારા પંજાબમાં હિંસાત્મક ગતિવિધિ અટકાવવા આ અભિયાન ચલાવવામાં આવ્યું હતું.
- **ઑપરેશન રિસર્ચ :** આ ઑપરેશન દ્વારા દિલ્હી, મુંબઈ, કલકત્તા, ચેન્નઈ, હૈદરાબાદ અને બૅંગલોરમાં દૂરદર્શન કાર્યક્રમો પર સર્વેક્ષણ કરવામાં આવ્યું.
- **ઑપરેશન ચેકમેંટ :** ભારતીય શાંતિસેનાએ શ્રીલંકામાં એલ.ટી.ટી.ઈ. સામે ચાલુ રાખેલા અભિયાનને ઑપરેશન ચેકમેંટ કહેવામાં આવે છે.
- **ઑપરેશન ઍક્સીલેંસ :** આંતરરાષ્ટ્રીય સ્તર પર એશિયાડ ખેલ 1990 બેઝિંગ અન્વયે ભારતીય ખેલાડીઓનું પ્રદર્શન સુધારવા માટે ભારત સરકારે જે ખેલાડીઓને તાલીમ આપી તેને ઑપરેશન એક્સીલેંસ કહેવામાં આવે છે.
- **ઑપરેશન ટાઈગર :** 8 નવેમ્બર, 1986ના રોજ તમિલનાડુ પોલીસ દ્વારા આ ઑપરેશન હેઠળ તમિલ લિબરેશન ફ્રન્ટના 500 ઉગ્રવાદીઓને પકડીને મોટા પ્રમાણમાં વિસ્ફોટકોની સામગ્રી પ્રાપ્ત કરી.

Knowledge Career Academy

- **ઑપરેશન સર્ચ :** 29 એપ્રિલ, 1984ના રોજ પંજાબ પોલીસે આ ઑપરેશન હેઠળ અનેક ઉગ્રવાદીઓને સુવર્ણમંદિરમાંથી બહાર કાઢ્યાં.
- **ઑપરેશન મંડ :** પંજાબના ફિરોઝપુર જિલ્લાના મંડ ક્ષેત્રમાં આતંકવાદીઓની ગતિવિધિ પર નિયંત્રણ રાખવા માટે આ અભિયાન ચલાવવામાં આવ્યું. જેમાં અનેક ઉગ્રવાદીઓ પકડાઈ ગયા.
- **ઑપરેશન મુન્ડા :** 1985માં વ્યાસ નદીના આજુબાજુના કિનારાનાં ક્ષેત્રોમાં આતંકવાદીઓ સામે જે અભિયાન ચલાવાયું, તેને ઑપરેશન મુન્ડા કહે છે.
- **ઑપરેશન ઈગલ :** ભારતીય શાંતિસેના દ્વારા શ્રીલંકામાં 4 જૂન, 1987ના રોજ ભારતીય વાયુસેનાના વિમાનો દ્વારા શ્રીલંકાના ઉત્તરીક્ષેત્ર જાફના પર જે રાહત સામગ્રી પહોંચાડી, તેને ઑપરેશન ઈગલ કહેવામાં આવે છે.
- **ઑપરેશન હેમર બ્લો :** 1988માં ભારતીય વાયુસેનાએ પોતાની આક્રમક શક્તિ પારખી, તેને ઑપરેશન હેમર બ્લો કહેવામાં આવે છે.
- **ઑપરેશન સ્નોલેવર્ડ :** હિમાલયના વનક્ષેત્રોમાં તેંદુનો પાક બચાવવા માટે ભારત સરકારના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા આ અભિયાન ચલાવવામાં આવ્યું.
- **ઑપરેશન લોટસ :** આ અભિયાન નીચે બોફોર્સ કૌભાંડના અંતર્ગત બધી હકીકતોની તપાસ કરવામાં આવી.
- **ઑપરેશન ફ્લડ લાઈટ :** આ અભિયાન નીચે કેરલના એર્નાકુલમ્ જિલ્લામાં 100 % સાક્ષરતા પ્રાપ્ત કરવાનું આયોજન કરવામાં આવ્યું. આ ઑપરેશનના પરિણામ સ્વરૂપ એર્નાકુલમ્ જિલ્લો ભારતનો સૌપ્રથમ સાક્ષર જિલ્લો બન્યો.
- **ઑપરેશન ડિમોલિશન :** સુવર્ણમંદિરમાં ઉગ્રવાદીઓનો પુનઃ પ્રવેશ રોકવા માટે આ ઑપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. સુવર્ણમંદિરની આસપાસ 300 મીટરના ક્ષેત્રમાં આવતા મકાનોને હટાવ્યા હતા.
- **ઑપરેશન ખેજરી :** રાજસ્થાન સરકારે રણમાં ઊગવાવાળા ખેજરી વૃક્ષને બચાવવા આ ઑપરેશન હાથ ધર્યુ હતું.
- **ઑપરેશન અગ્નિદૂત :** બિહારમાં ઉગ્રવાદની સામે ચલાવવામાં આવેલું અભિયાન.
- **ઑપરેશન બૅકઅપ :** ભારતમાં પાકિસ્તાની જાસૂસોનો પ્રવેશ રોકવા રાજસ્થાનના બાડમેર અને જેસલમેર જિલ્લામાં આ ઑપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.
- **ઑપરેશન ફ્લેમિંગો :** તમિલનાડુના દરિયાકિનારાના થાંજાવુર, પુડુકોટ્ટઈ અને રામાનંદ જિલ્લાઓને રાષ્ટ્રવિરોધી તત્ત્વોથી મુક્ત કરાવવા માટે આ અભિયાન ચલાવવામાં આવ્યું હતું.
- **ઑપરેશન રક્ષક દ્વિતીય :** લશ્કર અને સુરક્ષા બળોએ પંજાબમાં આતંકવાદ પર અંકુશ રાખવા માટે 19 નવેમ્બર, 1991ના રોજ આ ઑપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.
- **ઑપરેશન ઍક્શન સેન્ટર :** ઉત્તર પ્રદેશમાં આતંકવાદનો સામનો કરવા માટે ઑપરેશન ઍક્શન સેન્ટરની શરૂઆત કરવામાં આવી હતી. આ સેન્ટર હેઠળ આતંકવાદના પ્રભાવિત ક્ષેત્રમાં આધુનિક શસ્ત્રોનું સુરક્ષાબળ તૈયાર કરવાનું હતું.
- **ઑપરેશન સેવા :** કાશ્મીરમાં આતંકવાદીઓના ડરથી ભાગેલી વ્યક્તિઓની મદદ કરવાના હેતુથી ઑપરેશન સેવા ચલાવાયું હતું.
- **ઑપરેશન વિજય** (1999) **:** કાશ્મીરમાં કારગીલ ક્ષેત્રમાં ઘૂસણખોરોને હટાવવા માટે ભારતીય લશ્કરે કરેલું ઑપરેશન.
- **ઑપરેશન બ્લેક ટોરનેડો** (2008) **:** 26/11 મુંબઈ હુમલા દરમિયાન
- **ઑપરેશન સૂર્ય હોપ**(2013) **:** ઉત્તરાખંડમાં કેદારનાથમાં પૂર રાહણ માટેની કાર્યવાહી
- **ઑપરેશન મૈત્રી** (2015) **:** નેપાળમાં ધરતીકંપ દરમિયાન રાહત અને બચાવ માટે
- **ઑપરેશન સર્જીકલ સ્ટ્રાઈક** (2016) **:** પાકિસ્તાન સરહદે આંતકવાદી છાવણીઓ પર કાર્યવાહી
- **ઑપરેશન સંકટમોચન** (2016) **:** સુદાનમાં નાગરિક યુદ્ધ સમયે ભારતીયોને બચાવવા માટે એરફોર્સની કાર્યવાહી.

## ભારતની મુખ્ય લોકસેવાઓ

- **અખિલ ભારતીય સેવાઓ**
  - ભારતીય વહીવટી સેવાઓ (આઈ.એ.એસ.)
  - ભારતીય પોલીસ સેવા (આઈ.પી.એસ.)
  - ભારતીય વનસેવા (આઈ.એફ.એસ.)

Knowledge Career Academy

➢ **કેન્દ્રની સેવાઓ : પ્રથમ શ્રેણી**

- ભારતીય રેલવે એકાઉન્ટસ સેવા (IRAS)
- ભારતીય ઑડિટ અને એકાઉન્ટસ સેવા (IAAS)
- ભારતીય મહેસૂલી સેવા (IRS)
- ભારતીય પ્રતિરક્ષા એકાઉન્ટસ સેવા (IDAS)
- ભારતીય ડાક સેવા (IPS)
- ભારતીય રેલવે ટ્રાફિક સેવા (IRTS)
- કેન્દ્રીય સૂચના સેવા (IIS)

➢ **રાજ્યોમાં મુખ્ય સેવાઓ**

- રાજ્ય વહીવટી સેવા વર્ગ-1
- રાજ્ય પોલીસ સેવા
- રાજ્ય મહેસૂલ સેવા
- રાજ્ય ઑડિટ અને એકાઉન્ટસ સેવા
- રાજ્ય શિક્ષણ સેવા
- રાજ્ય શ્રમ સેવા
- રાજ્ય વિભાગીય સેવા
- રાજ્ય વિકાસ સેવા
- રાજ્ય સહકારી સેવા
- રાજ્ય આયોજન સેવા
- રાજ્ય વાણિજ્યિક કર સેવા

## પંચાયતીરાજ અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ

- 2 ઑક્ટોબર, 1952માં રાજસ્થાનમાં સામુદાયિક વિકાસ કાર્યક્રમનો પ્રારંભ થયો હતો.
- 1958માં રાષ્ટ્રીય વિકાસ પરિષદે (NDC)બળવંતરાય મહેતા સમિતિની પ્રજાતાંત્રિક વિકેન્દ્રીકરણની ભલામણોનો સ્વીકાર કર્યો અને તેને કાર્યાન્વિત કરવાનો નિર્ણય કર્યો.
- આંધ્રપ્રદેશમાં 1958માં કેટલાક ભાગોમાં પ્રયોગાત્મકરૂપે લોકશાહી વિકેન્દ્રીકરણ લાગુ પાડવામાં આવ્યું.
- 2 ઑક્ટોબર, 1959ના રોજ પંડિત જવાહરલાલ નહેરુએ રાજસ્થાનના નાગૌરમાં પ્રજાતાંત્રિક વિકેન્દ્રીકરણની યોજનાની શરૂઆત કરી, જેને પંચાયતીરાજ કહેવામાં આવે છે.
- સર્વપ્રથમ રાજ્ય તરીકે આંધ્ર પ્રદેશમાં સંપૂર્ણ પંચાયતીરાજની નવેમ્બર 1959 થી સ્થાપના થઈ.
- જનતાપાર્ટીએ પંચાયતીરાજમાં સુધારો લાવવા માટે અશોક મહેતા સમિતિ સ્થાપી જેણે દ્વિસ્તરીય પંચાયતી રાજની ભલામણ કરી, પરંતુ આ ભલામણનો અમલ થયો નહીં.
- અત્યારે ભારતમાં ત્રિસ્તરીય પંચાયતી રાજ્ય છે : જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત.
- રાજીવ ગાંધી સરકાર દ્વારા પંચાયતી રાજને બંધારણીય દરજ્જો આપવા જી.વી.કે. રાવ સમિતિ અને એલ. એમ. સિંઘવી સમિતિ રચાઈ. તેની ભલામણના આધારે 64 અને 65મો બંધારણીય સુધારો રજૂ થયો, પરંતુ તે રાજ્યસભાએ પસાર ન કરતાં નિષ્ફળ ગયો.
- 1992માં 73મો બંધારણીય સુધારો પંચાયતી રાજ માટે અને 74મો બંધારણીય સુધારો નગરપાલિકાઓ માટે બંધારણીય દરજ્જો પ્રાપ્ત કરવા માટેનો હતો.
- 24 એપ્રિલ, 1993 થી પંચાયતી રાજના અમલ માટે જાહેરનામું બહાર પડ્યું. પરિણામે તેને પંચાયતી રાજ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. પહેલી જૂન, 1993 થી નગર પાલિકા અધિનિયમ લાગુ થયો.
- ગુજરાતમાં પંચાયતી રાજનો અમલ 1 એપ્રિલ, 1963થી થયો. તેના અમલની વિસંગતતા દૂર કરવા 1964માં જાદવજી મોદીના અધ્યક્ષપદે આઠ સભ્યોની સમિતિ રચવામાં આવી. તેણે 1965માં અહેવાલ આપ્યો.
- 1968માં ડાહ્યાભાઈ નાયક સમિતિ રચી અને તેણે 1970માં અહેવાલ આપ્યો, પરંતુ રાષ્ટ્રપતિ શાસન લાગુ થતાં કોઈ કાર્યવાહી ન થઈ.
- 1972માં ઝીણાભાઈ દરજી સમિતિ રચાઈ અને સપ્ટે. 1972માં અહેવાલ આપ્યો. તેની ભલામણના આધારે ગ્રામપંચાયત, તાલુકા અને જિલ્લા કક્ષાએ સામાજિક ન્યાય સમિતિ રચવામાં આવી.
- 1977માં રિખવદાસ શાહ સમિતિ રચવામાં આવી અને તેણે 1978માં અહેવાલ આપ્યો.
- પંચાયતી રાજને બંધારણીય દરજ્જો મળતા તે અનુસાર 15 એપ્રિલ, 1994થી ગુજરાતમાં પંચાયતી રાજ અધિનિયમ અમલી બન્યો.

➢ **સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ**

પોતાના ગામ કે શહેરના પ્રશ્નોના ઉકેલમાં સ્થાનિક લોકો ભાગ લે તો પ્રશ્નોનો ઝડપી અને સરળતાથી ઉકેલ આવી શકે છે. સ્થાનિક લોકો જ સ્થાનિક જરૂરિયાતોને યોગ્ય રીતે સમજી-વિચારીને વાજબી રીતે પૂરી કરી શકે છે. આમ, ગામ કે શહેરનો વહીવટ સ્થાનિક લોકો દ્વારા જ ચલાવવામાં આવે તેને 'સ્થાનિક સ્વરાજ' કહેવામાં આવે છે.

Knowledge Career Academy

➢ **પંચાયતીરાજનું માળખું ત્રણ કક્ષાનું છે :**

- ગ્રામકક્ષાએ ગ્રામ પંચાયત
- તાલુકાકક્ષાએ તાલુકા પંચાયત.
- જિલ્લાકક્ષાએ જિલ્લા પંચાયત.

આ ત્રણેય કક્ષાની પંચાયતોની ચૂંટણી માટેનાં ધોરણો નીચે પ્રમાણે છે :

- દરેક પંચાયતની ચૂંટણી જે તે વિસ્તારના નાગરિકો કરે છે.
- અઢાર વર્ષ કે તેથી વધુ ઉંમરનો દરેક નાગરિક પોતાના વિસ્તારની પંચાયતની ચૂંટણીમાં મતાધિકાર ધરાવે છે.
- એકવીસ વર્ષ કે તેથી વધુ ઉંમરનો કોઈ પણ નાગરિક પોતાના વિસ્તારની પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારી નોંધાવી શકે છે.
- પંચાયતોની ચૂંટણીઓ દર પાંચ વર્ષે યોજવામાં આવે છે.
- પંચાયતોમાં વસ્તીની સંખ્યાના ધોરણે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે બેઠકો અનામત રાખવામાં આવે છે.
- પંચાયતોની કુલ બેઠકોના ત્રીજા ભાગની બેઠકો સ્ત્રીઓ માટે અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે.

**(1) ગ્રામ પંચાયત**

ગ્રામ પંચાયતના વડાને સરપંચ કહેવામાં આવે છે. ગ્રામ પંચાયતના સરપંચની ચૂંટણી ગામના લોકો સીધી રીતે કરે છે. દર 3000ની વસતિ દીઠ ઓછામાં ઓછા 8 સભ્યો હોય અને દર 3000ની વધારાની વસતિ દીઠ વધુ બે સભ્યો હોય.

- **ગ્રામસભા :**

ગામડામાં વિધાનસભા જેવી જ સત્તાઓ ગ્રામસભાને મળેલી છે. વર્ષમાં બે વાર તેની બેઠક મળવી જોઈએ. પ્રથમ બેઠક એપ્રિલ કે મે માસમાં મળવી જરૂરી છે. તેમાં આગામી વર્ષના ખર્ચના અંદાજો પસાર કરવામાં આવે. આ ઉપરાંત ગ્રામસભામાં ગામ તળની જમીન, ગોચર કે અન્ય પડતર જમીનની ફાળવણી કરવી જેવી બાબતોનો નિર્ણય થાય છે. ગ્રામસભા પોતાના અધ્યક્ષ નીમી શકે; અને તેમાં નિર્ધારિત એજન્ડા મુજબ કામગીરી થાય. ગામના કર્મચારીઓ, શિક્ષકો, આરોગ્ય કાર્યકરો તમામ આ સભામાં હાજર રહે તે જરૂરી છે.

- **સમિતિઓ :**

ગ્રામપંચાયતની જુદી જુદી સમિતિઓ હોય છે.

- **કારોબારી સમિતિ :** સરપંચના અધ્યક્ષપદે તેની બેઠક મળે. સૌપ્રથમ બેઠક ચૂંટણીના પ્રથમ માસમાં મળે અને તેમાં ઉપસરપંચની સભ્યો દ્વારા ચૂંટણી થાય, કારોબારી સમિતિમાં SC કે ST અને મહિલા સભ્ય જરૂરી છે.
- **સામાજિક ન્યાય સમિતિ :** આ સમિતિ ફરજિયાત છે. સમાજના તમામ વર્ગોમાં સંવાદિતા જળવાય તથા પછાત વર્ગ પ્રત્યે સદ્ભાવના જળવાય તે રીતે કામ કરે. આ સમિતિમાં સફાઈ કરતા વાલ્મીકિ સમાજનો એક પ્રતિનિધિ ફરજિયાત છે. આ ઉપરાંત મહિલા, SC કે ST સભ્ય હોવા જોઈએ.
- **પાણી સમિતિ :** પાણીની પાયાની જરૂરિયાત પૂરી પાડવા આ સમિતિ રચવી જરૂરી છે. નિયમિત પાણી પુરવઠો મળી રહે, પાણીની ટાંકી દ્વારા તમામ વર્ગને સમાન રીતે પાણી પૂરું પાડવું તેની કામગીરી છે. આ ઉપરાંત શિક્ષણ સમિતિ, આરોગ્ય સમિતિ, જાહેર બાંધકામ સમિતિ, સ્વચ્છતા સમિતિ જેવી અન્ય સમિતિઓ પણ રચી શકાય છે.

- **ગ્રામ પંચાયતનાં મુખ્ય કાર્યો :**
  - લોકોને ઘરવપરાશ અને ઢોરઢાંખર માટે સ્વચ્છ પાણી પૂરું પાડવું. જાહેર આરોગ્ય અને સુખાકારી માટે આવશ્યક પગલાં ભરવાં.
  - ગામમાં સ્વચ્છતા જાળવવી તેમ જ કચરો અને ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા કરવી.
  - રોગચાળો અટકાવવા જરૂરી રસીઓ મુકાવવાનો પ્રબંધ કરવો.
  - પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને દવાખાનાંની જોગવાઈ કરવી તથા તેમની પર દેખરેખ રાખવી.
  - જાહેર જાજરૂ અને મૂતરડીઓ બાંધવા અને તેમને સ્વચ્છ રાખવાં.
  - ગામમાં રસ્તા બાંધવા, જાળવવા અને સ્વચ્છ રાખવા.
  - રસ્તાઓ અને શેરીઓ પર દીવાબત્તીની વ્યવસ્થા કરવી. જન્મ-મરણની નોંધ રાખવી.

Knowledge Career Academy

- **ગ્રામ પંચાયતની આવકનાં મુખ્ય સાધનો :**
  - મકાનવેરો, પાણીવેરો, દુકાનવેરો, મેળાવેરો, નાકાવેરો, દીવાબત્તી વેરો વગેરે વેરાંઓ
  - જિલ્લા પંચાયત તરફથી મળતી મદદ
  - રાજ્ય સરકાર તરફથી મળતું અનુદાન (ગ્રાન્ટ)
  - ગામના લોકો તરફથી દાન તરીકે મળતી મદદ અને લોક ફાળો ગ્રામ પંચાયતના વહીવટી અધિકારીને તલાટી-કમ-મંત્રી કહે છે.
- **ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીની ફરજો :**
  - તે ગ્રામ પંચાયતનું દફતર સંભાળે છે.
  - તે ગ્રામ પંચાયતના અહેવાલો અને પત્રકો તૈયાર કરે છે.
  - તે પંચાયત વતી પત્રવ્યવહાર કરે છે.
  - તે ગ્રામ પંચાયતનાં સૂચનો અને નિર્ણયોનો અમલ કરે છે.
  - તે ગ્રામ પંચાયતના અન્ય કર્મચારીઓ પર દેખરેખ રાખે છે. તે કરવેરા ઉઘરાવે છે.
  - તે ગ્રામ પંચાયતનું અંદાજપત્ર તૈયાર કરે છે, હિસાબો રાખે છે તથા હિસાબો ઑડિટ કરાવે છે.
  - તે જન્મ-મરણની નોંધ રાખે છે અને તેનાં પ્રમાણપત્રો આપે છે.

**(2) તાલુકા પંચાયત**

તાલુકા પંચાયતના બેઠકોની સંખ્યા તાલુકાની વસ્તીના ધોરણે ફાળવવામાં આવે છે. દર એક લાખે 16 સભ્યો અને ત્યાર બાદ દર 25 હજારની વસતિ દીઠ વધુ બે સભ્યો હોય.

તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યો ચૂંટણી પછીની પ્રથમ બેઠકમાં પોતાનામાંથી એક સભ્યને પ્રમુખ તરીકે અને એક સભ્યને ઉપપ્રમુખ તરીકે ચૂંટે છે. તાલુકા વિકાસ અધિકારી તાલુકા પંચાયતના મંત્રી તરીકેની ફરજો બજાવે છે.

- **તાલુકા પંચાયતનાં કાર્યો :**
  - સમગ્ર તાલુકાનાં ગામોમાં સ્વચ્છતા, સુખાકારી, આરોગ્ય, શિક્ષણ, ખેતીસુધારણા, સમાજકલ્યાણ વગેરેને લગતાં કાર્યો કરવાં.
  - ગામડાંને પરસ્પર જોડતાં પાકા રસ્તાઓ બાંધવા અને જાળવવા.
  - જિલ્લા માર્ગો, રાજ્ય માર્ગો અને રાષ્ટ્રીય માર્ગોને જોડતા માર્ગો બાંધવા અને જાળવવા.
  - રેલ, અછત, દુષ્કાળ, રોગચાળો જેવી આફતોના સમયે લોકોને રાહત પૂરી પાડવી.
  - તાલુકાનાં ગામોમાં ચાલતાં વિકાસ કાર્યો અંગે માર્ગદર્શન આપવું અને તેમનું સંકલન કરવું.
  - તાલુકાના વિકાસ અને કલ્યાણલક્ષી કાર્યક્રમોના અમલના આંકડા અને માહિતી એકઠાં કરીને જિલ્લા પંચાયત તથા રાજ્ય સરકારને પહોંચાડવા.
- **તાલુકા પંચાયતની આવકનાં સાધનો :**
  - તાલુકાનાં ગામોમાંથી વસૂલ થયેલી જમીનમહેસૂલની આવકમાંથી રાજ્ય સરકાર તરફથી અનુદાન તરીકે મળતી રકમ.
  - રાજ્ય સરકારે અને જિલ્લા પંચાયતે સરકારી ફંડમાંથી ફાળારૂપે આપેલી રકમ.
  - તાલુકા પંચાયતનાં મકાનોનાં ભાડાં તેમ જ અન્ય મિલકત દ્વારા થતી આવક.
  - જમીન, ખેતીવાડી અને સિંચાઈ ઉપરનો વધારાનો કર.
  - શિક્ષણ માટેનો ઉપકર.
  - મનોરંજન કરમાંથી મળતી હિસ્સાની રકમ.
  - લોકફાળો, દાન કે બક્ષિસમાં મળેલી રકમો.
- **તાલુકા વિકાસ અધિકારીની ફરજો :**
  - તે તાલુકા પંચાયતના મંત્રી તરીકેની કામગીરી બજાવે છે.
  - તે તાલુકા પંચાયતનાં નિર્ણયો અને સૂચનોનો અમલ કરે છે.
  - તે પંચાયત વતી પત્રવ્યવહાર કરે છે.
  - તે પંચાયતના અન્ય કર્મચારીઓ પર દેખરેખ રાખે છે.
  - તે પંચાયતની સભાની કાર્યવાહીની નોંધ રાખે છે.
  - તે તાલુકા પંચાયતનું અંદાજપત્ર તૈયાર કરે છે.
  - તે પંચાયતના હિસાબ અને દફતર સંભાળે છે.

**(3) જિલ્લા પંચાયત :**

જિલ્લા પંચાયતની ચૂંટણી દર પાંચ વર્ષે થાય છે. જિલ્લા પંચાયતના સભ્યોની સંખ્યા 32 થી 52 સુધીની હોય છે. દર ચાર લાખની વસતિ દીઠ 18 સભ્યો અને ત્યાર બાદ દર એક લાખની વસતિ દીઠ વધુ બે સભ્યો હોય. જિલ્લા પંચાયત સમગ્ર જિલ્લાનો વહીવટ કરે છે. એ વહીવટમાં તેણે વિવિધ ક્ષેત્રોમાં વિકાસનાં અનેક કામો કરવાનાં હોય છે. એ કામોના વહીવટની

Knowledge Career Academy

જવાબદારીઓ જિલ્લા પંચાયતનાં સભ્યોમાં વહેંચવામાં આવે છે. જેથી જિલ્લા પંચાયતનાં કામો વ્યવસ્થિત રીતે પૂરાં કરી શકાય. આ માટે જિલ્લા પંચાયતમાં જુદી જુદી સમિતિઓની રચના કરવામાં આવે છે.

જિલ્લા પંચાયતનું મુખ્ય કાર્ય ગ્રામપંચાયતો અને તાલુકા પંચાયતોને તેમનાં કાર્યો અંગે માર્ગદર્શન આપવું, તેમના પર દેખરેખ રાખવી અને તેમનાં કાર્યોનું સંકલન કરવું. જિલ્લા પંચાયતોનાં કાર્યોનું સંકલન જિલ્લા વિકાસ અધિકારી કરે છે.

➢ **જિલ્લા પંચાયતનાં મુખ્ય કાર્યો :**

**1. આરોગ્ય અને જનસુખાકારીનાં ક્ષેત્રે :**
- જિલ્લામાં પીવાના પાણીની યોજનાઓ તૈયાર કરવી અને તેનો અમલ કરવો.
- પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, દવાખાનાં, પ્રસૂતિગૃહો વગેરે ખોલવાં અને નિભાવવાં.
- કુટુંબ કલ્યાણ અને કુટુંબ નિયોજનની પ્રવૃત્તિઓ શરૂ કરવી.

**2. બાંધકામ ક્ષેત્રે :**
- જિલ્લામાં રસ્તાઓ બાંધવા અને નિભાવવા.
- રસ્તાઓની બંને બાજુએ વૃક્ષો રોપવાં અને તેમની દેખરેખ રાખવી.
- પોતાના ઉપયોગ માટે જરૂરી મકાનો બાંધવા તેમ જ પોતાને સોંપાયેલાં મકાનોની જાળવણી કરવી.
- તળાવો અને બંધોમાંથી સિંચાઈની સગવડ પૂરી પાડવી.
- જિલ્લાના જળસ્રોતોના વિકાસ, સંરક્ષણ અને ઉપયોગ થાય તે માટેનાં પ્રયત્નો કરવા.

**3. ખેતીવિકાસ અને પશુપાલનના ક્ષેત્રે :**
- વિવિધ પાકોની ઉત્પાદન-વૃદ્ધિ માટે જરૂરી સંશોધન કાર્યો કરવા.
- બિયારણ, રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓનાં વિતરણ કેન્દ્રો શરૂ કરવાં તેમ જ તેમના ઉપયોગ માટે ખેડૂતોને માર્ગદર્શન આપવું.
- પશુ દવાખાનાં ખોલવાં અને નિભાવવાં.

**4. શિક્ષણ ક્ષેત્રે :**
- જિલ્લામાં પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા કરવી.
- જિલ્લાની પ્રાથમિક શાળાઓ પર દેખરેખ રાખવી.
- રાજ્ય સરકાર તરફથી મળતી આર્થિક મદદની રકમને તાલુકાઓ વચ્ચે વહેંચવી.
- ગ્રામ પંચાયતોના સરપંચો અને તાલુકા પંચાયતોના પ્રમુખો માટે તાલીમ શિબિરો યોજવી.

**5. સામાજિક કલ્યાણ અને રાહત ક્ષેત્રે :**

જિલ્લામાં સામાજિક કલ્યાણની પ્રવૃત્તિઓ કરવી અને દુષ્કાળ, રેલ, ધરતીકંપ વગેરે કુદરતી કે માનવસર્જિત આફતોના સમયે રાહતકાર્યો કરવા.

**6. વહીવટી ક્ષેત્રે :**

જિલ્લાની બધી ગ્રામ પંચાયતો અને તાલુકા પંચાયતોના વહીવટ પર દેખરેખ રાખવી અને જિલ્લાના વિકાસ અને કલ્યાણલક્ષી કાર્યક્રમોના અમલ સંબંધી જરૂરી માહિતી અને આંકડા એકત્રિત કરવાં તેમજ તેનું સંકલન કરવું.

- **જિલ્લા પંચાયતની આવકનાં સાધનો :**
  - જિલ્લાની જમીનમહેસૂલ પર રૂપિયે પચાસ પૈસાના ઉપકર દ્વારા મળતી રકમ.
  - રાજ્ય સરકાર તરફથી વિશેષ અનુદાન તરીકે જિલ્લાની જમીનમહેસૂલની કુલ આવકમાંથી મળતી દસ ટકાની રકમ.
  - જિલ્લામાં વિવિધ પ્રકારનાં વિકાસ કાર્યો અને કલ્યાણલક્ષી કાર્યક્રમોના અમલ માટે રાજ્ય સરકાર તરફથી મળતી ગ્રાન્ટ.
  - પંચાયતનાં મકાનો, જમીન વગેરેનાં ભાડાં તેમજ અન્ય મિલકત દ્વારા થતી આવક.
  - લોકફાળો, દાન કે બક્ષિસમાં મળેલી રકમો.
- **જિલ્લા વિકાસ અધિકારીની ફરજો :**
  - તે જિલ્લા પંચાયતના મંત્રી તરીકેની કામગીરી બજાવે છે.
  - તે જિલ્લા પંચાયત તથા તેની વિવિધ સમિતિઓની સભાઓની કાર્યવાહીની નોંધ રાખે છે.
  - તે પંચાયતના નિર્ણયો અને સૂચનોનો અમલ કરે છે.
  - તે પંચાયતના અન્ય અધિકારીઓ અને કર્મચારીઓના કામકાજ પર અંકુશ તથા દેખરેખ રાખે છે.
  - જિલ્લાનાં વિકાસ કાર્યો સાથે સંકળાયેલા અધિકારીઓને તે માર્ગદર્શન અને સલાહ-સૂચન આપે છે.

Knowledge Career Academy

## પંચાયતી રાજનું માળખું

| વિગત | ગ્રામ પંચાયત | તાલુકા પંચાયત | જિલ્લા પંચાયત |
|---|---|---|---|
| બેઠક | 8 થી 32<br>(જુની સંખ્યા 6 થી 15) | 12 થી 32<br>(જુની સંખ્યા 15 થી 31) | 32 થી 52<br>(જુની સંખ્યા 31 થી 51) |
| વસ્તી | 3,000 થી 25,000<br>3,000 સુધી 8 બેઠકો | 1 લાખ | 4 લાખ |
| બેઠકમાં વધારો | દર 3,000ની વસ્તીએ 2 બેઠકનો વધારો | 25,000ની વસ્તીએ 2 બેઠકનો વધારા | 1 લાખ ની વસ્તીએ 2 બેઠકનો વધારા |
| અનામત મહિલા | 50% | 50% | 50% |
| અનામત OBC | 10% | 10% | 10% |
| અનામત SC/ST | વસ્તી આધારે | વસ્તી આધારે | વસ્તી આધારે |
| અનામત બેઠક કોણ નક્કી કરે ? | કલેક્ટર | વિકાસ કમિશનર | વિકાસ કમિશનર |
| બેઠકોની ફાળવણી કોણ નક્કી કરે? | કલેક્ટર | વિકાસ કમિશનર | વિકાસ કમિશનર |
| વડા (ચૂંટાયેલ) | સરપંચ | તાલુકા પ્રમુખ | જિલ્લા પ્રમુખ |
| વહીવટી વડા (સરકારી) | તલાટી-કમ-મંત્રી | તાલુકા વિકાસ અધિકારી | જિલ્લા વિકાસ અધિકારી |
| મુદત (સામાન્ય સંજોગોમાં) | 5 વર્ષ | 5 વર્ષ | 5 વર્ષ |
| ચૂંટણી કોણ કરશે? | રાજ્ય ચૂંટણી પંચ | રાજ્ય ચૂંટણી પંચ | રાજ્ય ચૂંટણી પંચ |
| ચૂંટણીની તારીખ  કોણ નક્કી કરશે? | રાજ્ય ચૂંટણી પંચ | રાજ્ય ચૂંટણી પંચ | રાજ્ય ચૂંટણી પંચ |
| ચૂંટણી કઈ તારીખે કરવી ? | પંચાયતની મુદત જે તારીખે પૂર્ણ થાય છે તે તારીખના બે મહિના પહેલા અને મુદત પુરી થયાના 15 દિવસ પછી ચૂંટણી કરી શકશે નહીં. | પંચાયતની મુદત જે તારીખે પૂર્ણ થાય છે તે તારીખના બે મહિના પહેલા અને મુદત પુરી થયાના 15 દિવસ પછી ચૂંટણી કરી શકશે નહીં. | પંચાયતની મુદત જે તારીખે પૂર્ણ થાય છે તે તારીખના બે મહિના પહેલા અને મુદત પુરી થયાના 15 દિવસ પછી ચૂંટણી કરી શકશે નહીં. |
| પંચાયતની મુદત કયારથી ગણાય ? | પ્રથમ બેઠકની તારીખથી | પ્રથમ બેઠકની તારીખથી | પ્રથમ બેઠકની તારીખથી |
| પ્રથમ બેઠકની તારીખ કોણ નક્કી કરે ? | તાલુકા વિકાસ અધિકારી | જિલ્લા વિકાસ અધિકારી | વિકાસ કમિશનર |
| પ્રથમ બેઠક કેટલા સમયમાં બોલાવવી? | પરિણામ જાહેર થયાના ચાર અઠવાડીયામાં | પરિણામ જાહેર થયાના ચાર અઠવાડીયામાં | પરિણામ જાહેર થયાના ચાર અઠવાડીયામાં |
| પ્રથમ બેઠકમાં કામગીરી | ઉપસરપંચની પસંદગી અથવા ચૂંટણી | તાલુકા પ્રમુખ / ઉપપ્રમુખની ચૂંટણી | જિલ્લા  પ્રમુખ / ઉપપ્રમુખની ચૂંટણી |
| પ્રથમ બેઠકમાં પ્રમુખ કોણ નક્કી કરે ? | તાલુકા વિકાસ અધિકારી | જિલ્લા વિકાસ અધિકારી | વિકાસ કમિશનર |
| સરખા મત પડે તો (ઉપપ્રમુખ /પ્રમુખ/ ઉપસરપંચની ચૂંટણીમાં) | ચિઠ્ઠી ઉપાડીને (10 વર્ષથી નાના બાળક પાસેથી) | ચિઠ્ઠી ઉપાડીને (10 વર્ષથી નાના બાળક પાસેથી) | ચિઠ્ઠી ઉપાડીને (10 વર્ષથી નાના બાળક પાસેથી) |

Knowledge Career Academy

| | | | |
|---|---|---|---|
| રાજીનામું (ઉપરી) | • સભ્ય / ઉપસરપંચ - સરપંચ<br>• સરપંચ - તાલુકા વિકાસ અધિકારી | • સભ્ય / ઉપપ્રમુખ - પ્રમુખ<br>• પ્રમુખ - જિલ્લા વિકાસ અધિકારી | • સભ્ય / ઉપપ્રમુખ - પ્રમુખ<br>• પ્રમુખ - વિકાસ કમિશનર |
| રાજીનામાની તકરાર (ઉપરીનો ઉપરી) | • સભ્ય / ઉપસરપંચ - તાલુકા વિકાસ અધિકારી<br>• સરપંચ - નાયબ જિલ્લા વિકાસ અધિકારી | • સભ્ય / ઉપપ્રમુખ - જિલ્લા વિકાસ અધિકારી<br>• પ્રમુખ - વિકાસ કમિશનર | • સભ્ય / ઉપપ્રમુખ - વિકાસ કમિશનર<br>• પ્રમુખ - પંચાયત સચિવ |
| અવિશ્વાસનો પ્રસ્તાવ | | | |
| (1) દરખાસ્ત લાવવા માટેની જોગવાઈ | 50% સભ્યોનો ટેકો | 50% સભ્યોનો ટેકો | 50% સભ્યોનો ટેકો |
| (2) દરખાસ્ત પસાર માટેની જોગવાઈ | 2/3 બહુમતીથી પસાર | 2/3 બહુમતીથી પસાર | 2/3 બહુમતીથી પસાર |
| (3) અવિશ્વાસની દરખાસ્ત માટે કોણ બેઠક બોલાવે ? | દરખાસ્ત કોઈપણની વિરૂદ્ધ હોય (સરપંચ, ઉપસરપંચ) તો અવિશ્વાસ દરખાસ્ત માટેની બેઠક બોલાવવાની જવાબદારી **સરપંચ**ની રહેશે. સરપંચે આ બેઠક 15 દિવસમાં બોલાવવાની રહેશે. જો સરપંચ આ બેઠક ના બોલાવે તો **તલાટી-કમ-મંત્રી**એ **તાલુકા વિકાસ અધિકારી**ને રિપોર્ટ કરવો. **તાલુકા વિકાસ અધિકારી** રીપોર્ટ મળ્યાની 15 દિવસની અંદર આ બેઠક બોલાવશે. | દરખાસ્ત કોઈપણની વિરૂદ્ધ હોય (પ્રમુખ/ઉપપ્રમુખ) તો અવિશ્વાસ દરખાસ્ત માટેની બેઠક બોલાવવાની જવાબદારી **તાલુકા પ્રમુખ**ની રહેશે. આ બેઠક 15 દિવસમાં બોલાવવાની રહેશે. જો પ્રમુખ આ બેઠક ના બોલાવે તો **તાલુકા વિકાસ અધિકારી**એ **જિલ્લા વિકાસ અધિકારી**ને રિપોર્ટ કરવો. **જિલ્લા વિકાસ અધિકારી** રીપોર્ટ મળ્યાની 15 દિવસની અંદર આ બેઠક બોલાવશે. | દરખાસ્ત કોઈપણની વિરૂદ્ધ હોય (પ્રમુખ/ઉપપ્રમુખ) તો અવિશ્વાસ દરખાસ્ત માટેની બેઠક બોલાવવાની જવાબદારી **જિલ્લા પ્રમુખ**ની રહેશે. આ બેઠક 15 દિવસમાં બોલાવવાની રહેશે. જો પ્રમુખ આ બેઠક ના બોલાવે તો **જિલ્લા વિકાસ અધિકારી**એ **વિકાસ કમિશનર**ને રિપોર્ટ કરવો. **વિકાસ કમિશનર** રીપોર્ટ મળ્યાની 15 દિવસની અંદર આ બેઠક બોલાવશે |
| કોરમ (ગણપૂર્તિ) | 1/3 સભ્ય | 1/3 સભ્ય | 1/3 સભ્ય |
| ઉમેદવારી ઉંમર | 21 વર્ષ | 21 વર્ષ | 21 વર્ષ |
| ઉમેદવાર તરીકેની યોગ્યતા | 1. અસ્થિર મગજનો ન હોવો જોઈએ.<br>2. નાદાર ન હોવો જોઈએ.<br>3. 04/08/05 પછી બે બાળકોથી વધુ ન હોવા જોઈએ.<br>4. શૌચાલય જરૂરી<br>5. લોકપ્રતિનિધિત્વ ધારા | 1. અસ્થિર મગજનો ન હોવો જોઈએ.<br>2. નાદાર ન હોવો જોઈએ.<br>3. 04/08/05 પછી બે બાળકોથી વધુ ન હોવા જોઈએ.<br>4. શૌચાલય જરૂરી<br>5. લોકપ્રતિનિધિત્વ ધારા | 1. અસ્થિર મગજનો ન હોવો જોઈએ.<br>2. નાદાર ન હોવો જોઈએ.<br>3. 04/08/05 પછી બે બાળકોથી વધુ ન હોવા જોઈએ.<br>4. શૌચાલય જરૂરી<br>5. લોકપ્રતિનિધિત્વ ધારા |

Knowledge Career Academy

| | | | |
|---|---|---|---|
| | અનુસાર 2 થી વધુ વર્ષની સજા થઈ હશે તો તે ચૂંટણી લડી શકશે નહિ.<br>6. સરકારી / પંચાયતનો કર્મચારી ન હોવો જોઈએ. | અનુસાર 2 થી વધુ વર્ષની સજા થઈ હશે તો તે ચૂંટણી લડી શકશે નહિ.<br>6. સરકારી / પંચાયતનો કર્મચારી ન હોવો જોઈએ. | અનુસાર 2 થી વધુ વર્ષની સજા થઈ હશે તો તે ચૂંટણી લડી શકશે નહિ.<br>6. સરકારી / પંચાયતનો કર્મચારી ન હોવો જોઈએ. |
| પંચાયતની બેઠક | દર મહિને 1 વાર | દર ત્રણ મહિને 1 વાર | દર ત્રણ મહિને 1 વાર |
| સામાજિક ન્યાય સમિતિ | ફરજીયાત | ફરજીયાત | ફરજીયાત |
| સભ્યો | 5 સભ્યો | 5 સભ્યો | 5 સભ્યો |
| સામાજિક ન્યાય સમિતિની કમિટીનું ગઠન | આ સમિતિના 5 સભ્યો પૈકી 1 સભ્ય વાલ્મિકી / સફાઈ કામદાર પૈકી રહેશે. જો પંચાયતના સભ્યોમાંથી આ સમુદાય ના સભ્ય ન હોય તો પંચાયતના સભ્ય બનવા જેટલી લાયકાત ધરાવતા વ્યક્તિને કૉ.ઑપ્ટ કરવામાં આવશે 1 સભ્ય SC/ST મહિલા રહેશે. (જો ન હોય તો કૉ.ઑપ્ટ કરવામાં આવશે) અને બાકીના ત્રણ સભ્યો SC/ST સમુદાયમાંથી લેવામાં આવશે. | આ સમિતિના 5 સભ્યો પૈકી 1 સભ્ય વાલ્મિકી / સફાઈ કામદાર પૈકી રહેશે. જો પંચાયતના સભ્યોમાંથી આ સમુદાય ના સભ્ય ન હોય તો પંચાયતના સભ્ય બનવા જેટલી લાયકાત ધરાવતા વ્યક્તિને કૉ.ઑપ્ટ કરવામાં આવશે 1 સભ્ય SC/ST મહિલા રહેશે. (જો ન હોય તો કૉ.ઑપ્ટ કરવામાં આવશે) અને બાકીના ત્રણ સભ્યો SC/ST સમુદાયમાંથી લેવામાં આવશે. | આ સમિતિના 5 સભ્યો પૈકી 1 સભ્ય વાલ્મિકી / સફાઈ કામદાર પૈકી રહેશે. જો પંચાયતના સભ્યોમાંથી આ સમુદાય ના સભ્ય ન હોય તો પંચાયતના સભ્ય બનવા જેટલી લાયકાત ધરાવતા વ્યક્તિને કૉ.ઑપ્ટ કરવામાં આવશે 1 સભ્ય SC/ST મહિલા રહેશે. (જો ન હોય તો કૉ.ઑપ્ટ કરવામાં આવશે) અને બાકીના ત્રણ સભ્યો SC/ST સમુદાયમાંથી લેવામાં આવશે. |
| અપીલ | ગ્રામ પંચાયતની સામાજીક ન્યાય સમિતીના નિર્ણયથી નારાજ વ્યક્તિ 60 દિવસમાં તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતીને અપીલ કરી શકશે. | તાલુકા પંચાયતની સામાજીક ન્યાય સમિતીના નિર્ણયથી નારાજ વ્યક્તિ 60 દિવસમાં જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતીને અપીલ કરી શકશે. | જિલ્લા પંચાયતની સામાજીક ન્યાય સમિતીના નિર્ણયથી નારાજ જિલ્લા પંચાયત અપીલ સમિતીની અપીલ કરી શકતો નથી. પરંતુ તે 60 દિવસમાં રાજ્ય સરકારને અપીલ કરી શકે છે. |

## નગરવિસ્તારની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ

➢ **નગરપાલિકા :**

સામાન્ય રીતે પંદર હજારથી વધારે અને ત્રણ લાખથી ઓછી વસ્તીવાળાં નગરોમાં નગરપાલિકા હોય છે. નગરપાલિકાની ચૂંટણી માટે વસ્તીના ધોરણે નગરના વોર્ડ (મત વિભાગ) પાડવામાં આવે છે. દરેક વોર્ડ દીઠ બેઠકોની સંખ્યા નક્કી કરવામાં આવે છે. એ બેઠકો માટેના સભ્યોને અઢાર વર્ષ કે તેથી વધુ ઉંમરના નાગરિકો ગુપ્ત મતદાન પદ્ધતિ દ્વારા ચૂંટી કાઢે છે. નગરપાલિકાની કુલ બેઠકોમાંથી વસ્તીના ધોરણે અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે બેઠકો અનામત રાખવામાં આવે છે. નગરપાલિકાની કુલ બેઠકોની અડધી બેઠકો સ્ત્રીઓ માટે અનામત

Knowledge Career Academy

રાખવામાં આવે છે. નગરનો એકવીસ વર્ષ કે તેથી વધુ ઉંમર ધરાવતો નાગરિક ચૂંટણીમાં ઉમેદવારી કરી શકે છે. નગરપાલિકા અધિનિયમ હેઠળ જુદી જુદી સંસ્થાઓ આવરી લીધી છે. નગરપંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકા ઉપરાંત લશ્કરી છાવણી વિસ્તાર, ઔદ્યોગિક વસાહત, નોટિફાઈડ એરિયા, હાઉસિંગ બોર્ડ તથા શહેરી વિકાસ સત્તામંડળનો પણ તેમાં સમાવેશ કરતી જોગવાઈઓ છે. ગુજરાતમાં નગરપંચાયતો નાબૂદ કરીને બરો નગરપાલિકાઓની રચના કરી છે. નગરપાલિકામાં વસતિના આધારે 'અ', 'બ', 'ક', 'ડ' વર્ગ પાડવામાં આવ્યા છે.

- 25 હજારથી 50 હજાર સુધી 'ડ' વર્ગ
- 50 હજારથી 1 સુધી 'ક' વર્ગ
- 1 લાખ હજારથી ત્રણ લાખ સુધી 'બ' વર્ગ અને તેથી વધુ 'અ' વર્ગની નગરપાલિકા ગણાય છે.
- પાંચ લાખથી વધુ વસતિ ધરાવતા વિસ્તારને શહેરી વિકાસ વિભાગ દ્વારા મહાનગરપાલિકા વિસ્તાર જાહેર કરવામાં આવે છે.
- મહાનગરપાલિકામાં ત્રણ લાખથી વધુ વસતિ ધરાવતા વિસ્તારમાં વોર્ડ સમિતિ રચવાની જોગવાઈ છે. ચૂંટણીમાં જે પક્ષ કે મંડળના ઉમેદવારો બહુમતીથી ચૂંટાય છે તે પક્ષ કે મંડળ નગરપાલિકાનો વહીવટ સંભાળે છે. નગરપાલિકાના સભ્યો પહેલી બેઠકમાં પોતાનામાંથી પ્રમુખ અને ઉપપ્રમુખને ચૂંટે છે. નગરપાલિકાની મુદત પાંચ વર્ષની હોય છે. નગરપાલિકાનો સઘળો વહીવટ નગરપાલિકાના પ્રમુખના નામે થાય છે. નગરપાલિકાના મુખ્ય વહીવટી અધિકારી 'ચીફ ઑફિસર'ના નામે ઓળખાય છે. નગરપાલિકામાં 'ચીફ ઑફિસર' ઉપરાંત આરોગ્ય અધિકારી, શોપ ઈન્સ્પેક્ટર, સેનેટરી ઈન્સ્પેક્ટર અને પ્રાથમિક શાળાઓના નિરીક્ષકો હોય છે.

➤ **નગરપાલિકાનાં મુખ્ય કાર્યો :**

- શહેરની હદમાં પાકા રસ્તાઓ તૈયાર કરાવવા, તેમને નિભાવવા અને સ્વચ્છ રાખવા.
- રસ્તાઓ પર દીવાબત્તીની વ્યવસ્થા કરવી.
- જાહેર જાજરૂ અને પેશાબખાનાંની વ્યવસ્થા કરવી અને તેમને સ્વચ્છ રાખવાં.
- રસ્તાઓની આજુબાજુ તેમજ અન્ય સ્થળોએ વૃક્ષો તથા ફૂલછોડ વાવવાં અને ઉછેરવાં.
- શહેરમાં બાગબગીચાઓ તૈયાર કરાવવા અને જાળવવા.
- ચોમાસામાં વરસાદના પાણીના ઝડપી નિકાલની વ્યવસ્થા કરવી.
- લોકોને પીવાનું ચોખ્ખું પાણી પૂરું પાડવું.
- શહેરના વાહનવ્યવહારનું નિયમન કરવું.
- શહેરના લોકોની સુખાકારી અને તંદુરસ્તી માટે સ્વચ્છતા અને જાહેર આરોગ્ય જાળવવું.

➤ **નગરપાલિકાની આવકનાં મુખ્ય સાધનો :**

- મકાનો અને જમીન પરના વેરા
- વેપાર-ધંધા અને ઉદ્યોગો પરના સ્થાનિક વેરા
- ઑક્ટ્રોય વેરો, પાણીવેરો, સફાઈ વેરો, વાહનવેરો
- દુકાનો, હોટલો વગેરે ધંધા માટેની પરવાના ફી
- રાજ્ય સરકાર તરફથી મળતી ગ્રાન્ટ
- નગરપાલિકાની પોતાની મિલકતોમાંથી થતી આવક
- બજાર, મેળા કે ઉત્સવો જેવા પ્રસંગો પર નાખવામાં આવતા કર, શિક્ષણ માટેનો ઉપકર
- લોકો પાસેથી દાનરૂપે મળેલી રકમો
- નગરપાલિકાની થાપણો દ્વારા મળતી વ્યાજની રકમ

➤ **મહાનગરપાલિકા :**

સામાન્ય રીતે પાંચ લાખથી વધારે વસ્તીવાળાં મોટાં નગરોમાં મહાનગરપાલિકા હોય છે. તે 'મ્યુનિસિપલ કોર્પોરેશન' તરીકે પણ ઓળખાય છે. મહાનગર પાલિકાની ચૂંટણી માટે વસ્તીના ધોરણે મહાનગરના વૉર્ડ (મત વિભાગ) પાડવામાં આવે છે. અઢાર વર્ષ કે તેથી વધુ ઉંમરના નાગરિકો ગુપ્ત મતદાન પદ્ધતિથી મતદાન કરે છે. મહાનગરપાલિકાની કુલ બેઠકોમાંથી અડધી બેઠકો સ્ત્રીઓ માટે અનામત હોય છે. મહાનગરનો એકવીસ વર્ષ કે તેથી વધુ ઉંમર ધરાવતો નાગરિક ચૂંટણીમાં ઉમેદવારી કરી શકે છે.

ચૂંટણીમાં જે પક્ષના ઉમેદવારો બહુમતીથી ચૂંટાય છે તે પક્ષ મહાનગરપાલિકાનો વહીવટ સંભાળે છે. મહાનગરપાલિકાના સભ્યો દર વર્ષે પહેલી બેઠકમાં પોતાનામાંથી મેયર અને ડેપ્યુટી મેયરને ચૂંટે છે. મહાનગરપાલિકાની મુદત પાંચ વર્ષની હોય છે. મહાનગરપાલિકાના મુખ્ય વહીવટી અધિકારી 'મ્યુનિસિપલ કમિશનર'ના નામે ઓળખાય છે.

Knowledge Career Academy

મહાનગરપાલિકાઓની સમિતિઓમાં સ્થાયી સમિતિ (સ્ટેન્ડિંગ કમિટી) સૌથી વધારે મહત્ત્વની છે. મહાનગરપાલિકાના વડાને મેયર કહે છે. મેયરની મુદત અઢી વર્ષની હોય છે.

➢ **મહાનગરપાલિકાનાં ફરજિયાત કાર્યો :**

- જાહેર સ્વચ્છતા અને જાહેર આરોગ્યની જાળવણી કરવી.
- શહેરના લોકોને પીવાનું ચોખ્ખું પાણી પૂરું પાડવું.
- ગંદા પાણીના તેમ જ વરસાદના પાણીના નિકાલ માટે ગટર યોજનાની વ્યવસ્થા કરવી.
- પાકા રસ્તાઓ તૈયાર કરાવવા, જાળવવા તેમ જ તેમના પર દીવાબત્તીની વ્યવસ્થા કરવી.
- પ્રાથમિક શિક્ષણનો પ્રબંધ કરવો.
- શહેરને વીજળી પૂરી પાડવી.
- જન્મ-મરણની નોંધ રાખવી.
- આગ બુઝાવવા માટેનું તંત્ર ઊભું કરવું.
- જાહેર દવાખાનાં, હોસ્પિટલો વગેરે બાંધવા અને તેમનું સંચાલન કરવું.

➢ **મરજિયાત કાર્યો :**

- શહેરમાં બાગબગીચા, ક્રીડાંગણો, જાહેર સ્નાનાગર, જાહેર જાજરૂ તથા પેશાબખાનાં અને સ્મશાનગૃહ વગેરેની વ્યવસ્થા કરવી અને તેમને નિભાવવાં.
- પુસ્તકાલયો, વાચનાલયો, માધ્યમિક શાળાઓ વગેરે સ્થાપવાં અને નિભાવવાં.
- નાગરિકોની સગવડ અને કલ્યાણ માટે આવશ્યક અન્ય કામો હાથ ધરવાં.

➢ **મહાનગરપાલિકાની આવકનાં સાધનો :**

ઑક્ટ્રોય વેરો, મકાનવેરો, મિલકત વેરો, દુકાનવેરો, વાહનવેરો, પાણીવેરો, વેપાર-ધંધા અને ઉદ્યોગો પરના સ્થાનિક વેરા, પોતાના મિલકતોના ભાડાની આવક, જાહેર સેવાઓ માટે લેવામાં આવતી ફી, રાજ્ય સરકાર તરફથી મળતી ગ્રાન્ટ, રાજ્ય સરકારના વેરાઓમાં મળતા હિસ્સાની રકમ, લોકો પાસેથી લોન તરીકે મેળવેલી રકમ, વિશ્વબૅંક જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થા તરફથી મળતી મદદ

★★★★★

Knowledge Career Academy